દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
203 વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 43 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
ગુરુવાર, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u





૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 43 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

ગુરુવાર, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u









**ટ્રેનમાં ગિરદી**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે પટણા રેલવે સ્ટેશન ખાતે ટ્રેનમાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. ભારે ગિરદી છતાં યાત્રાળુઓએ ટ્રેનમાં ચઢવા ધક્કામુક્કી કરી હતી અને ઈમરજન્સી વિન્ડોમાંથી ટ્રેનના ડબ્બામાં ઘૂસવાના પ્રયાસ કર્યા હતા. (એજન્સી)

# દિલ્હીનાં મુખ્ય પ્રધાન બનશે રેખા ગુપ્તા

**વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાનો, એનડીએના મુખ્ય પ્રધાનો-નાયબ મુખ્ય પ્રધાનો આ શપથગ્રહણ સમારોહમાં હાજરી આપશે**

નવી દિલ્હીઃ દિલ્હીમાં ૨૬ વર્ષ બાદ સત્તાનું સુકાન સંભાળનાર ભાજપના શાલીમાર બાગનાં વિધાનસભ્ય રેખા ગુપ્તા દિલ્હીનાં નવાં મુખ્ય પ્રધાન તરીકે ગુરુવારે શપથગ્રહણ કરશે.

વિધાયક દળની બેઠકમાં સર્વાનુમતીથી દિલ્હીના નવા મુખ્ય પ્રધાન તરીકે રેખા ગુપ્તાના નામની પસંદગી કરવામાં આવી હતી. જોકે, બેઠકમાં દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાનના નામની જાહેરાત કરવામાં નહોતી આવી.



દિલ્હીનાં નવાં મુખ્ય પ્રધાન તરીકે પોતાના નામની કરવામાં આવેલી પસંદગી અને સોંપવામાં આવેલી નવી જવાબદારી બદલ રેખા ગુપ્તાએ કેન્દ્રીય નેતૃત્વ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષના તમામ વિધાનસભ્યોનો આભાર માન્યો હતો. દિલ્હીના નવા મુખ્ય પ્રધાન અને પ્રધાનમંડળની શપથગ્રહણ વિધિનું આયોજન ગુરુવારે રામલીલા મેદાન ખાતે કરવામાં આવશે. શપથગ્રહણ વિધિ સવારે ૧૧:૦૦ વાગ્યે શરૂ થશે. લે. ગવર્નર વી. કે. સક્સેના મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનમંડળને ૧૨:૩૫ વાગ્યે શપથગ્રહણ કરાવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાનો, એનડીએના મુખ્ય પ્રધાનો-નાયબ મુખ્ય પ્રધાનો આ શપથગ્રહણ સમારોહમાં હાજરી આપશે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન પાંચમી ફેબ્રુઆરીએ થયું હતું અને આઠ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

અગાઉ દિલ્હીમાં ત્રણવાર સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવી ભાજપે ૪૮ બેઠક પર વિજય મેળવ્યો હતો. અગાઉની બે ચૂંટણીમાં ભાજપ અનુક્રમે માત્ર ત્રણ અને આઠ જ બેઠક પર વિજય મેળવી શક્યો હતો. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવા મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાને અભિનંદન અને શુભેચ્છા આપ્યા હતા. (એજન્સી) ■

## મધ્ય પ્રદેશમાં દર ૪૫ કિમી.એ એક હેલિપેડ અને દર ૧૫૦ કિમી.એ એક એરપોર્ટ બનાવવામાં આવશે

ઇન્દોરઃ રાજ્યની નવી નાગરિક ઉડ્ડયન નીતિ હેઠળ દર ૪૫ કિમી. ક્ષેત્રની અંદર એક પાકું હેલિપેડ અને દર ૧૫૦ કિમી.એ એક એરપોર્ટ બનાવવામાં આવશે, એમ મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન યાદવ મંગળવારે ભોપાલમાં ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર ઇન્વેસ્ટ મધ્ય પ્રદેશ- ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટના સંદર્ભમાં ઇન્દોરમાં ઉદ્યોગપતિઓ સાથેની વાતચીત દરમિયાન બોલી રહ્યા હતા. યાદવના નેતૃત્વ હેઠળની કેબિનેટે મંગળવારે મધ્ય પ્રદેશ નાગરિક ઉડ્ડયન નીતિ-૨૦૨૫ને મંજૂરી આપી હતી. આ વિશે વાત કરતાં મુખ્ય પ્રધાને જણાવ્યું કે નીતિ અનુસાર રાજ્યભરમાં દર ૪૫ કિમી.એ એક પાકું હેલિપેડ અને દર ૧૫૦ કિમી.એ એક એરપોર્ટ બનાવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકાર ઉડ્ડયન કંપનીઓને મધ્ય પ્રદેશને દેશના અન્ય રાજ્યો સાથે નવા રૂટના માધ્યમથી જોડતી દરેક નવી ડોમેસ્ટિક ફ્લાઇટ પર ૭.૫૦ લાખ રૂપિયા અને પ્રત્યેક નવી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ પર ૧૦ લાખ રૂપિયાની સબસિડી આપશે. ■

## ગુજરાતનું આજે બજેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરી બુધવાર બપોરે ૧૨ વાગ્યે શરૂ થયું હતું. રાજ્યપાલ દેવવ્રત આચાર્યના સંબોધનથી બજેટ સત્ર ૨૦૨૫નો આરંભ થયો હતો. રાજ્યપાલના ભાષણ પર આભાર પ્રસ્તાવ ગૃહમાં રજૂ કરાયો હતો. ગૃહમાં શોક પ્રસ્તાવ રજૂ કરી પૂર્વ વડા પ્રધાન મનમોહનસિંઘ, કડીના ધારાસભ્ય સ્વ. કરસન સોલંકી સહિત પૂર્વ ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ કૉંગ્રેસે વિધાનસભામાં ગુજરાતીઓને હથકડી સાથે ડિપોર્ટ કરવાનો મામલો

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતનો તિરંગો લહેરાયો પાકિસ્તાનમાં!

કરાચીઃ એક તરફ મંગળવારે ચૅમ્પિયન્સ ટ્રોફી માટેના ટીમ ઇન્ડિયાના ખેલાડીઓની જર્સી પર 'પાકિસ્તાન' નામ રાખવું પડ્યું એના પરની ચર્ચા હજી શાંત નથી પડી ત્યાં પાકિસ્તાનની ધરતી પર ભારતનો તિરંગો લહેરાયો એ મુદ્દો ચર્ચાસ્પદ થયો છે.

અગાઉ એવું મનાતું હતું કે ભારતે પોતાના ક્રિકેટરોની ટીમને પાકિસ્તાન નથી મોકલી એટલે પાકિસ્તાનમાં ભારત સિવાયના સાત દેશોના જ ધ્વજ લહેરાતા જોવા મળશે.

જોકે એવું નથી. પાકિસ્તાનની ધરતી પર ભારતનો તિરંગો પણ ફરકાવવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો પાકિસ્તાનમાં ભારતની અસર જોવા મળી છે.

આઠ દેશ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લઈ રહ્યા છે. ખાસ જણાવી દઈએ કે અગાઉ સાત દેશના ધ્વજ લગાવવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## સંગમનું જળ 'સ્નાન' અને 'આચમન' માટે યોગ્યઃ યોગી

લખનઊઃ સંગમનું જળ 'સ્નાન' અને 'આચમન' માટે યોગ્ય હોવાની વાતને તાજેતરના અહેવાલે સમર્થન આપ્યું હોવાનું ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે કહ્યું હતું.

સંગમના જળમાં દૂષિત બેક્ટેરિયાનું સ્તર ઊંચું હોવાની શક્યતાનો દાવો કરવામાં આવ્યો હોવા વચ્ચે યોગી આદિત્યનાથે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. રાજ્ય વિધાનસભામાં જાણકારી આપતાં તેમણે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશ કંટ્રોલ બૉર્ડ અને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બૉર્ડ સંગમના પાણીની ગુણવત્તા પર સતત દેખરેખ રાખી રહ્યા છે. વિપક્ષ સમાજવાદી પક્ષ પર એમ કહીને તેમણે પ્રહાર કર્યા હતા કે સમાજવાદી પક્ષ સત્તા પર હતો ત્યારે ગંગા અને યમુનાના પાણીની ગુણવત્તા એટલી હદે કથળેલી હતી કે વર્ષ ૨૦૧૩ના કુંભ સમયે મૉરેશિયસના વડા પ્રધાને તેમાં ડૂબકી લગાવવાનું નકારી કાઢ્યું હતું. આ વખતે દરરોજ ૮૧ જેટલી ગટરનાં ૨૫૧ મિલિયન લિટર (એમએલડી) પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. (એજન્સી) ■

## કરચોરીના કેસમાં ગૂગલ ૩૪ કરોડ ડૉલર ભરવા તૈયાર

મિલાનઃ કરચોરીના કેસમાં ગૂગલે ૩૪ કરોડ ડૉલર ભરવાની તૈયારી દર્શાવી હોવાને કારણે કરચોરીને મામલે તેની વિરુદ્ધની તપાસ પડતી મૂકવામાં આવવી જોઈએ એવી માગણી ગૂગલે કરી હોવાનું ઈટલીના વકીલે બુધવારે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૨૯ દરમિયાન ઈટલીમાં કરેલી કરચોરી બદલ ગૂગલ વિરુદ્ધ તપાસ આરંભવામાં આવી હતી. તપાસમાં જાહેરખબરના વેચાણ મારફતે થયેલી આવક, ઈટલીમાં ઊભા કરવામાં આવેલા માળખા અને સર્વર જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું.

જોકે, ગૂગલે આ મામલે તાત્કાલિક કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું.

અગાઉ ગૂગલે કરચોરીના કથિત વિવાદના સમાધાનના ભાગરૂપ ફ્રાન્સ સરકારને એક અબજ ડૉલર કરતાં પણ વધુની ચૂકવણી કરી હતી. (એજન્સી) ■

## ભારત પાસે ઘણાં પૈસા છેઃ ટ્રમ્પ

ન્યૂયોર્ક/ફ્લોરિડાઃ તાજેતરમાં ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડીઓજીઇ)એ ભારતની ચૂંટણીઓ સંબંધિત ૨૧ મિલિયન ડોલરના ભંડોળને રદ કરવાનો નિર્ણય લીધો હતો. આ ભંડોળને બાઇડન વહીવટીતંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ભારતમાં મતદાન વધારવાનો હતો.

હવે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે(૧૭ ફેબ્રુઆરી) ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી(ડીઓજીઇ)ના ભારતમાં મતદાન માટે નિર્ધારિત ૨૧ મિલિયન ડૉલરના ભંડોળને રદ કરવાના નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે કહ્યું કે ભારતને આ પ્રકારની નાણાકીય મદદની જરૂર નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે આપણે ભારતને ૨૧ મિલિયન ડૉલર શા માટે આપી રહ્યા છીએ? તેમની પાસે ઘણા પૈસા છે. તે વિશ્વના (જુઓ પાનું ૨) ▸▸

## વલસાડમાં ચાર વિદ્યાર્થી ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા રોહિયાળ તલાટ ગામમાં એક ગોઝારી ઘટના બની હતી. ગામમાં આવેલા પાંડવકુંડમાં વાપીની એક કોલેજના ચાર વિદ્યાર્થીઓના ડૂબી જતા તેમના કરુણ મોત નીપજ્યાં હતાં. વાપીના વિદ્યાર્થીઓનું જૂથ અહીં ફરવા માટે આવ્યું હતું. આ ઘટનાના કારણે પંથકમાં ગમગીનીનો માહોલ છવાયો હતો, ઘટનાને પગલે પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો મુજબ, વાપીની

(જુઓ પાનું ૨) ▸▸

## તમિળનાડુમાં ફરી હિંદી ભાષાનો વિવાદ

ચેન્નઇઃ સનાતન ધર્મનો વિરોધ કરનારા તમિળનાડુના નાયબ મુખ્ય પ્રધાન અને સીએમ સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ સ્ટાલિને હવે હિંદી ભાષા વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે હિંદીના કારણે તમિળ ભાષા સમાપ્ત થઈ જશે. ડેપ્યુટી સીએમ ઉદયનિધિએ મંગળવારે ચેન્નઈમાં કહ્યું હતું કે જે રાજ્યો હિંદી સ્વીકારે છે તેઓ તેમની માતૃભાષા ગુમાવી દે છે. રાજ્યમાં સત્તાધારી પાર્ટી ડીએમકે અને ભાજપ વચ્ચે ત્રિ-ભાષા નીતિ અને હિંદી ભાષા લાદવા અંગે ચર્ચા વધુ તીવ્ર બની છે.

ડીએમકે એ કેન્દ્ર દ્વારા કથિત રીતે 'હિંદી લાદવાની' સામે પોતાનો વિરોધ વધુ તીવ્ર બનાવ્યો છે. પાર્ટીએ બુધવારે 'કોલમ અભિયાન' શરૂ કર્યું જેમાં ચોખાના લોટનો ઉપયોગ કરીને રસ્તાઓ પર રંગોળી બનાવીને વિરોધ નોંધાવવામાં

(જુઓ પાનું ૨) ▸▸



બસમાં આગઃ હાજીપુરમાં બુધવારે હાજીપુર-પટણા રોડ પર એક પ્રવાસી સીએનજી બસમાં આગ લાગી હતી. (એજન્સી)

## સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતે ખોલી પાકિસ્તાનની પોલ

સંયુક્ત રાષ્ટ્રઃ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)ની બેઠકમાં કહ્યું હતું કે ભારત જૈશ-એ-મોહમ્મદ જેવાં સંગઠનોની મારફતે પાકિસ્તાનના આતંકવાદી કૃત્યોનો શિકાર રહ્યું છે અને તે ''મોટી વિડંબના'' છે કે આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર આ સંકટ વિરુદ્ધ લડવાનો દાવો કરતા પોતાની પીઠ થપથપાવે છે.

ચીનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ મંત્રી મોહમ્મદ ઇશાક ડાર દ્વારા મંગળવારે પરિષદની 'બહુપક્ષીયતાનો અભ્યાસ, વૈશ્વિક શાસનમાં સુધારો' વિષય પર કાઉન્સિલની ખુલ્લી ચર્ચામાં જમ્મુ અને કાશ્મીર વિશે ટિપ્પણી કર્યા બાદ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત પર્વતનેની હરીશે કડક શબ્દોમાં દેશનું વલણ સ્પષ્ટ કર્યું હતું.

હરીશે કહ્યું હતું કે, ''પાકિસ્તાન આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર છે, જે ૨૦થી વધુ યુએનમાં નોંધાયેલા આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે અને સરહદ

(જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાનનાં બજેટમાં ૧૦ મોટી જાહેરાત

રાજસ્થાનઃ રાજસ્થાનનાં નાણાં પ્રધાન દિયા કુમારીએ તેમના બજેટ ભાષણમાં રાજ્યની માળખાગત સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ, યુવા કલ્યાણ, મહિલા કલ્યાણ, રોજગાર અને આદિવાસી વિસ્તારના વિકાસ સાથે સંબંધિત ઘણી જાહેરાતો કરી છે.

દિયા કુમારીએ બુધવારે વિધાનસભામાં ભજનલાલ સરકારનું બીજું પૂર્ણ બજેટ (રાજસ્થાન બજેટ ૨૦૨૫-૨૬) રજૂ કર્યું હતું.

રાઇઝિંગ રાજસ્થાન પછી, આ પહેલું 'ગ્રીન થીમ બજેટ' છે, જે નવીનીકરણીય ઊર્જા, ગ્રામીણ વિકાસ અને માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. દિયા કુમારીએ તેમના બજેટ ભાષણમાં રાજ્યના માળખાગત સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ, યુવા કલ્યાણ, મહિલા કલ્યાણ, રોજગાર અને આદિવાસી વિસ્તારના વિકાસને લગતી ૧૦ મોટી જાહેરાતો કરી હતી.

દિયા કુમારીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું હતું કે રાજ્યમાં બે લાખ ઘરોમાં નવા પાણીના જોડાણો આપવામાં આવશે, જેના માટે ૪૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. પીવાના પાણીની વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરવા માટે, ટેકનિકલ સ્ટાફની કેડર બનાવવામાં આવશે, જે હેઠળ ૧૦૫૦ નવી જગ્યાઓ બનાવવામાં આવશે. પાણીપુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે એક હજાર ટ્યુબવેલ અને ૧૫૦૦ હેન્ડપંપ સ્થાપિત કરવામાં આવશે.

દિયા કુમારીએ જાહેરાત કરી હતી કે દર મહિને ૧૫૦ યુનિટ મફત વીજળી આપવામાં આવશે, પહેલા ૧૦૦ યુનિટ મફત વીજળી આપવામાં આવતી હતી પરંતુ હવે તેમાં ૫૦ યુનિટનો વધારો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાની મદદથી, મુખ્ય પ્રધાન મફત વીજળી યોજના હેઠળ ૧૦૦ યુનિટ લાભાર્થીઓને ૧૫૦ યુનિટ મફત વીજળી આપશે. ઓછી આવક ધરાવતા પરિવારોના ઘરોમાં સોલાર પ્લાન્ટ લગાવવામાં આવશે.

રાજ્યમાં માર્ગ અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવા માટે, ૨૭૫૦ કિમીથી વધુ લંબાઈના ૯ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસવે બનાવવામાં આવશે, જેનો અંદાજિત ખર્ચ ૬૦ હજાર કરોડ રૂપિયા હશે. આ પ્રોજેક્ટ્સ બીઓટી મૉડેલ પર વિકસાવવામાં આવશે. ■

## દિલ્હી બાદ મોદીની નજર હવે બિહાર, આસામ અને તમિળનાડુ પર

નવી દિલ્હીઃ દિલ્હીમાં ભાજપને શાનદાર જીત અપાવ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હવે પોતાનું ધ્યાન ચૂંટણીવાળા રાજ્યો બિહાર, આસામ અને તમિલનાડુ પર ઠેરવ્યું છે.

વડા પ્રધાન આ મહિને ત્રણ ચૂંટણીવાળા રાજ્યો બિહાર, આસામ અને તમિલનાડુની મુલાકાત લેશે, જેને ભાજપના ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ તરીકે પણ જોવામાં આવે છે.

પૂર્વ બિહારના ભાગલપુરમાં ૨૪ ફેબ્રુઆરીએ અને તે જ દિવસે આસામની વડા પ્રધાનની મુલાકાત માટે ભાજપ મોટી તૈયારીઓ કરી રહ્યો છે. બિહારમાં આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાવાની છે, જ્યારે આસામની ચૂંટણી એક વર્ષ દૂર છે.

આ મહિનાના અંતમાં, કદાચ ૨૮ ફેબ્રુઆરીએ, પીએમ

(જુઓ પાનું ૨) ▸▸

## મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશકુમારે ચાર્જ સંભાળ્યો

નવી દિલ્હીઃ જ્ઞાનેશકુમારે બુધવારે ૨૬માં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યો, જ્યારે વિવેક જોશીએ ચૂંટણી કમિશનર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. માર્ચ ૨૦૨૪થી ચૂંટણી કમિશનર, કુમારને સોમવારે સીઈસી તરીકે ઉન્નત કરવામાં આવ્યા હતા.જ્ઞાનેશકુમારે રાજીવકુમારનું સ્થાન લીધું હતું, જેમણે મંગળવારે મતદાન પેનલના વડા તરીકેનું પદ છોડ્યું. સુખબીર સિંહ સંધુ અન્ય ચૂંટણી

(જુઓ પાનું ૨) ▸▸

## ઝારખંડમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર પ્રતિબંધ

રાંચીઃ ઝારખંડ સરકારે રાજ્યમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. રાજ્યના આરોગ્ય પ્રધાન ડૉ. ઇરફાન અંસારીએ આ મોટા નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું કે મુખ્ય પ્રધાન હેમંત સોરેનના સ્વસ્થ ઝારખંડના સ્વપનને સાકાર કરવા માટે આ કડક પગલું લેવામાં આવ્યું છે. આ પ્રતિબંધ માત્ર એક નિયમ નથી, પરંતુ ઝારખંડના યુવાનોને વ્યસનની ચુંગાલમાંથી બચાવવા માટેની એક ક્રાંતિકારી પહેલ છે.

આરોગ્ય પ્રધાન ડૉ. અંસારીએ જણાવ્યું કે આરોગ્ય સાથે ચેડાં કોઇપણ કિંમતે સહન કરવામાં આવશે નહીં. ગુટખા અને પાન મસાલાના કારણે કેન્સર જેવા જીવલેણ રોગો ઝડપથી વધી રહ્યા છે. આપણા યુવાનો ધીમે ધીમે મૃત્યુ તરફ આગળ વધી રહ્યા છે, અને હું તેમને મારી નજર સામે મરતા જોઇ શકતો નથી. એક ડૉક્ટર હોવાના નાતે હું જાણું છું કે આ ઝેર કેટલી હદ સુધી શરીરને બરબાદ કરી શકે છે. જ્યારે જનતાએ મને આરોગ્ય પ્રધાન બનાવ્યો છે તો મારી પહેલી ફરજ તેમના જીવનનું રક્ષણ કરવાની છે.

પ્રધાને સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે ગુટખાનું વેચાણ, સંગ્રહ તેમજ સેવન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ગુટખા માફિયા અને ગેરકાયદે વેપારીઓ પર વિશેષ નજર રાખવામાં આવશે. જો કોઇ દુકાન, ગોદામ કે વ્યક્તિ પાસેથી ગુટખા મળી આવશે તો કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમ જ ગોદામ પણ સીલ કરવામાં આવશે. આ આદેશનું કડક પાલન કરવા આરોગ્ય વિભાગ અને વહીવટીતંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે. ડો. ઇરફાન અંસારીએ વધુમાં જણાવ્યું કે જ્યારે જનતાએ એક ડૉક્ટરને આરોગ્ય પ્રધાન તરીકે ચૂંટ્યા છે તો તેઓ આ જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવી રહ્યા છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુદ્ધવિમાનોની ખરીદીમાં દેશના હિતને પ્રાધાન્ય આપવું જરૂરી

**આપણા** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અમેરિકા પાસેથી એફ-૩૫ ફાઈટર જેટ ખરીદશે એવી જાહેરાત કરી હતી. મોદી સાથેની બેઠક પછીની સંયુક્ત પત્રકાર પરિષદમાં ટ્રમ્પે જાહેરાત કરી નાખી કે, અમેરિકા હવે ભારતને વધારે શસ્ત્રોનું વેચાણ કરવાનું છે અને ભારતને એફ-૩૫ ફાઇટર જેટ વેચવા માટે પણ મોદી સાથે વાત થઈ છે, પણ આ મુદ્દે ભારતમાં કકળાટ છે.

સંરક્ષણ નિષ્ણાતો માને છે કે, ટ્રમ્પ અમેરિકાના ફાયદા માટે થઈને ભારત પર એફ-૩૫ ફાઇટર જેટ ખરીદવા માટે દબાણ કરી રહ્યા છે, પણ ભારતે તેમની વાતોમાં આવવા જેવું નથી. સંરક્ષણ નિષ્ણાતોના મતે, એફ-૩૫ સાવ કંડમ ફાઈટર જેટ છે ને દુનિયામાં કોઈ લેવા તૈયાર નથી તેથી ટ્રમ્પ ભારતને આ વિમાનો ધાબડી દેવા માગે છે.

ભારતના જ નહીં પણ વિદેશના સંરક્ષણ નિષ્ણાતો પણ માને છે કે, ભારત એફ-૩૫ ફાઈટર જેટ ખરીદશે તો એ બહુ મોટી મૂર્ખામી હશે. બીજા બધાની વાત છોડો, પણ અત્યારે ટ્રમ્પના ખાસમખાસ મનાતા એલન મસ્ક સુદ્ધાં એફ-૩૫ ફાઈટર જેટને કંડમ માલ ગણાવી ચૂક્યા છે. મસ્કે X પર એક પોસ્ટમાં વીડિયો અપલોડ કર્યો હતો. આમાં, સેંકડો નાના ડ્રોન એકસાથે આકાશને ઘેરી રહ્યાં હતાં. મસ્કે લખ્યુંઃ કેટલાક મૂર્ખ લોકો હજુ પણ એફ-૩૫ જેવા પાઇલોટેડ ફાઇટર જેટ બનાવી રહ્યા છે.

મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો અપલોડ કર્યો હતો કે જેમાં સેંકડો નાનાં નાનાં ડ્રોન એકસાથે આકાશમાં દેખાઈ રહ્યાં છે. મસ્કે કટાક્ષ કરેલો કે, આ પ્રકારના પાઇલટ વિનાના સારા વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં કેટલાક મૂર્ખ લોકો હજુ પણ એફ-૩૫ જેવા પાઇલોટેડ ફાઇટર જેટ બનાવી રહ્યા છે. મસ્કે એ પછી પણ એફ-૩૫ ફાઈટર જેટની ટીકા કરતાં કહેલું કે, એફ-૩૫ની ડિઝાઇન ખામીયુક્ત હતી તેથી આવી ડિઝાઇન ક્યારેય સફળ થવાની નહોતી. એફ-૩૫ બહુ મોંઘી પ્રોડક્ટ પણ છે અને ડ્રોનના યુગમાં આવા ફાઇટર જેટનો હવે કોઈ અર્થ નથી. આવાં ફાઈટર જેટનો ઉપયોગ હવે પાઇલટને મારવા સિવાય કંઈ નથી.

મસ્કે કરેલી વાત સાવ સાચી છે. એફ-૩૫ અત્યંત મોંઘું વિમાન છે કેમ કે એક એફ-૩૫ વિમાનની કિંમત લગભગ ૯૫૦ કરોડ રૂપિયા છે. એફ-૩૫ ખાલી કિંમતમાં મોંઘું નથી, પણ ધોળો હાથી પણ છે કેમ કે એફ-૩૫ને ઑપરેટ કરવા માટે પ્રતિ કલાક ૩૧.૨૦ લાખ રૂપિયાનો વધારાનો ખર્ચ કરવો પડે છે. આ સિવાય વિમાન ના વાપરો તોપણ તેનાં મેન્ટેનન્સ પાછળ પણ જંગી ખર્ચ કરવો પડે છે એ જોતાં એફ-૩૫ ધોળો હાથી જ છે. યુએસ સરકારની કામગીરી પર નજર રાખતી સંસ્થા ગવર્નમેન્ટ એકાઉન્ટિબિલિટી ઑફિસ (GAO) ના નવા અંદાજ મુજબ એક એફ-૩૫ની જાળવણી માટે દર વર્ષે ૫૩ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. મતલબ કે, ભારત આ વિમાન ૧૦૦૦ કરોડ રૂપિયામાં ખરીદે તો તેના ૬૦ વર્ષના સેવા સમયગાળામાં ૩,૧૮૦ કરોડ રૂપિયા મેન્ટેનન્સ પાછળ ખર્ચ થશે. વિમાનની કિંમત કરતાં ત્રણ ગણો વધારે ખર્ચ થાય ને ઘાટ કરતાં ઘડામણ વધી જાય એવી હાલત થઈ જશે એ જોતાં ભારતે આ ધોળો હાથી બાંધવા જેવો નથી.

ટેકનોલૉજીની રીતે પણ એફ-૩૫ ફાઈટર બહુ જૂનાં છે. ઝડપથી વિકસી રહેલી ડ્રોન ટેક્નોલૉજી સામે ફાઇટર જેટ જૂનાં થઈ ગયાં છે અને તેનાથી હુમલો કરવો હવે શક્ય જ નથી. ડ્રોન ટેક્નોલૉજીએ યુદ્ધની તરાહ બદલી નાખી છે અને ડ્રોનથી સરળતાથી દુશ્મનની ફ્રન્ટ લાઇન પર હુમલો કરી શકાય છે. તેની સામે એન્ટિ-ઍરક્રાફ્ટ સિસ્ટમ સહિતની અત્યાધુનિક ટેકનોલૉજીના કારણે ફાઇટર જેટ માટે હુમલો કરવો વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. નાના અને અત્યંત ઓછી કિંમતનાં ડ્રોન સૌથી ઘાતક મનાય છે એ જોતાં એક એફ-૩૫ ફાઈટર જેટની કિંમતમાં ભારત એક હજાર ડ્રોન ખરીદી શકે છે.

ઈન્ડિયન ઍરફોર્સને કુલ ૪૨ સ્ક્વોડ્રન વિમાનોની જરૂર છે, પણ અત્યારે ઍરફોર્સ પાસે ફક્ત ૩૧ સ્ક્વોડ્રન છે. આ પૈકી સક્રિય સ્ક્વોડ્રનની સંખ્યા માત્ર ૨૯ છે. આ વર્ષે મિગ ૨૯ બાઇસનની બે સ્ક્વોડ્રન નિવૃત્ત થશે તેથી ભારતને ૧૩ સ્ક્વોડ્રનની જરૂર પડશે. એક સ્ક્વોડ્રનમાં ૧૮ વિમાન હોય છે એ જોતાં ભારતે કુલ ૨૩૪ વિમાનો નવાં ખરીદવાં પડે તેમ છે. પાકિસ્તાન અને ચીનના વધતા ખતરાને કારણે ભારતે ઍરફોર્સને મજબૂત કરવું પડે તેમ છે. આ કારણે ભારત આગામી ૧૦ વર્ષમાં લગભગ ૧૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. ટ્રમ્પની નજર આ રકમ પર છે તેથી એ દબાણ લાવીને પણ એફ-૩૫ ભારતને બઝાડી દેવા માગે છે, પણ ભારતે તેની વાતોમાં આવવા જેવું નથી.

એફ-૩૫ કંડમ છે એ તો નક્કર કારણ છે જ, પણ બીજાં કારણો પણ છે. ભારત પોતાના દમ પર ફિફ્થ જનરેશન ફાઇટર જેટ વિકસાવી રહ્યું હોવાનું કહેવાય છે. આ કામ ૩ વર્ષમાં પૂર્ણ થશે. એપ્રિલ ૨૦૨૪માં સુરક્ષા પરની કૅબિનેટ સમિતિ (CCS) એ મેઈડ ઈન ઈન્ડિયા ફિફ્થ જનરેશન ફાઇટર જેટની ડિઝાઇન અને વિકાસ માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. 'ઍડવાન્સ્ડ મીડિયમ કૉમ્બેટ ઍરક્રાફ્ટ' (AMCA) નામનાં આ ફાઈટર જેટ ભારતીય વાયુસેનાનાં અન્ય ફાઇટર વિમાનો કરતાં મોટું હશે. દુશ્મનના રડારથી બચવા માટે તેમાં અદ્યતન સ્ટીલ્થ ટેક્નોલૉજી હશે અને હાલમાં દુનિયામાં છે એ ફિફ્થ જનરેશન સ્ટીલ્થ ફાઇટર ઍરક્રાફ્ટ જેવું જ અથવા તેનાથી પણ સારું હશે. આ સંજોગોમાં ભારતે પોતાનાં ફાઈટર જેટ પર નિર્ભર રહેવું જોઈએ. માનો કે ખરીદવાં જ હોય તો રશિયન એસયુ-૫૭ સહિતના બહેતર વિકલ્પો પણ છે કે જે એફ-૩૫ કરતાં અડધી કિંમતે પડે છે.

ટ્રમ્પ પોતાના ફાયદા માટે એફ-૩૫ ભારતને વેચવા માગે છે. એફ-૩૫ વેચીને એ અમેરિકાને મુક્ત કરવા માગે છે ને ભારતને ભેરવી દેવા માગે છે. ટ્રમ્પ બિઝનેસમેન છે તેથી પોતાનો જ ફાયદો જુએ, પણ ભારતે તેમની વાતોમાં આવવા જેવું નથી ને તેનો બધો આધાર નરેન્દ્ર મોદી પર છે. મોદી મક્કમ બનીને ટ્રમ્પને ના પાડી શકે તો ટ્રમ્પ કશું કરી ના શકે. આશા રાખીએ કે મોદી અમેરિકાને જ ફાયદો કરાવતી ટ્રમ્પ સાથેની દોસ્તીને કોરાણે મૂકીને ભારતનો ફાયદો જ વિચારે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨૦-૨-૨૦૨૫, કાલાષ્ટમી

- ભારતીય દિનાંક ૧, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ - ૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૩-૨૯ સુધી, પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં સવારે ક. ૦૬-૪૯ સુધી પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૦ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૪, રાત્રે ક. ૨૨-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ - સપ્તમી. કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ, શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા), ભારતીય ફાલ્ગુન માસારંભ, વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,ખાત મુહૂર્ત, વાસ્તુ કળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શિવ પાર્વતી પૂજા, સપ્તશતી પાઠ વાંચન, શનિ -ગુરુ દેવતાનું પૂજન, ગુરુ દત્તાત્રેય પૂજન, ઇન્દ્રાગ્નિ પૂજન, શાંતિપૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવા વસ્ત્રો-આભૂહન, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડ-દેવડ, નાગ કેશરનાં ઓષધિય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું પ્રયાણ શુભ, મુંડન કરાવવું નહીં, મહેંદી લગાવવી, નવા આભૂષણ, વસ્ત્રો, વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન, વેપાર, સ્થાવર લેવડ દેવડ, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન,અન્નપ્રાશન,પ્રાણી પાળવાં.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદૃષ્ટા, ચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ આંખોની કાળજી લેવી, બુધ-ગુરુ ચતુષ્કોણ ઉતાવળિયા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ, બુધ-ગુરુ ચતુષ્કોણ (તા. ૨૧).
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કઈ વાતની રાવ મદિનાની મહિલાઓએ કરી?

**યઝીદ** અન્સારીની સુપુત્રી અસ્માના વડપણ હેઠળ પોતાના કઠતા પ્રશ્નોના ઉકેલ માટે મદિનાની મહિલાઓએ પયગંબર હઝરત મુહંમદ સાહેબ સમક્ષ એક પ્રતિનિધિમંડળ મોકલવાનો નિર્ણય કર્યો. નિર્ધારિત દિવસે અને સમયે મહિલાઓ જ્યારે આપ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસ્સલમ (સલ.)ને મળવા ગઈ ત્યારે આપ સહાદયો સાથે બિરાજમાન હતા.

- 'ઓ અલ્લાહના રસૂલ! (ઈશ્વરના દૂત) મારાં માતા-પિતા આપ પર બલિદાન થાય...!' કહી અસ્માએ શરૂઆત કરીઃ 'હું મંદિનાની મહિલાઓની પ્રતિનિધિ તરીકે આપની સમક્ષ હાજર થઈ છું. અમો મહિલાઓ કહીએ છીએ કે અલ્લાહે આપને પુરુષો અને સ્ત્રીઓ માટે સંદેશ વાહક તરીકે પાઠવ્યા છે. આપ માત્ર પુરુષોના જ પયગંબર નથી, અમો પણ અલ્લાહ અને આપના શ્રદ્ધાળુઓ છીએ. *અમો મહિલાઓ માત્ર ઘરમાં જ બેસી રહીએ છીએ.* પતિઓની શારીરિક આવશ્યકતાઓ પૂર્ણ કરીએ છીએ.'

*તેમનાં બાળકોનું અમારા ઉદરમાં પાલન-પોષણ કરીએ છીએ. તેમના કુટુંબ-પરિવારને સુરક્ષિત રાખીએ છીએ, પરંતુ અમને ખેદ છે કે સઘળાં મહત્ત્વનાં કાર્યો જે અલ્લાહને ઘણાં જ વહાલાં છે તે પુરુષોના જ ફાળે જાય છે. તેનાથી અમો મહિલાઓ વંચિત રહીએ છીએ.

* પુરુષો મહેફિલ જમાવે છે.
* તેઓ માંદાઓની સંભાળ લ્યે છે.
* સૌથી સર્વોપરી હજના ક્રિયાકાંડો વારંવાર અદા કરે છે.
* જ્યારે તેઓ હજ અને જેહાદ (દીન-ધર્મના માર્ગમાં મહેનત-કોશિશ) કરવા માટે જાય છે ત્યારે અમો મહિલાઓ પાછળ રહી તેમની માલ-મિલકતની રક્ષા કરીએ છીએ, હિફાઝત કરીએ છીએ.
* તેમનાં બાળકો માટે વસ્ત્રો સીવીએ છીએ.
* જ્યારે તેઓ વિષમ પરિસ્થિતિમાં હોય છે ત્યારે ખભેથી ખભા મળાવી તેમના ભાગીદાર બનીએ છીએ; તેમના હોસલા અફઝાઈ (પ્રોત્સાહનમાં વધારો) કરીએ છીએ...,

- પરંતુ યા અલ્લાહના મહબૂબ (પ્રિયજન)!
- પવિત્ર કાર્યો જ અલ્લાહ પુરસ્કારીત કરે છે તેનાથી અમોને વંચિત કરી દેવામાં આવે છે....!

અલ્લાહના અંતિમ સંદેશવાહકે તેમના સહાદયીઓને પૂછ્યું કે, અસ્માથી ઉરમતર સ્પષ્ટ વક્તા કોઈએ જોઈ છે કે?

- આપ હુઝૂરે અનવર (સલ.) મેં અસ્માની વાત સંપૂર્ણ એકાગ્રતાથી સાંભળી થોડીવાર-વિચારમગ્ન થયા પછી કહ્યું.
- ઓ મદિનાની અને અન્ય સ્થળોની મહિલાઓ!
- તમારી પારિવારિક જવાબદારીઓ અને તેને સંપૂર્ણ નિષ્ઠાથી પૂરી કરવાની તમારી દઢતા પુરુષોની પ્રવૃત્તિ કરતાં તસુભાર પણ ઊતરતી નથી.
- પુરુષો નથી કરી શકતા તે કરવામાં મહિલાઓ સક્ષમ છે.
- તેઓ શિશુને જન્મ આપી તેને પાળી-પોષી એક સંસ્કારી વ્યક્તિમાં પરિવર્તિત કરે છે.
- શીશુ માટે તમારા હૃદયમાં અસીમ વાત્સલ્ય, મમતા છે.
- તમારું યોગદાન અમૂલ્ય છે.
- તે અલ્લાહ સર્જિત જગતનું સંચાલન કરશે અને તેની ઉપાસના કરશે...!

આપ રસૂલે કરીમ (સલ.) આગળ કહ્યું કે - 'એક માણસે મને ત્રણ વખત એક જ પ્રશ્ન પૂછ્યો કે, 'તેના પર સૌથી વધુ અધિકાર કોનો છે?'-'ત્રણેય વખતે મારો ઉત્તર હતો તારી માતાનો.'

(નોંધઃ આ વાત દુનિયાના દરેક દીકરાને તેના માતા પ્રત્યે અધિકાર અદા કરવા માટે લાગુ પડે છે.)

વહાલા વાચક બિરાદરો!

કહેવાની જરૂર નથી કે અસ્માના સહિતની સઘળી મહિલાઓ સંપૂર્ણ સંતોષાય આનંદિત થઈ વિરમી.

અન્ય પ્રસંગમાં મદિનાની મહિલાઓએ પયગંબર સાહેબને રાવ તરીકેઃ

* 'અમારા પતિઓ ઘર આવી ઉપાસનામાં ઓતપ્રોત થઈ જાય છે.'
* અમે અને બાળકો સાથે વાર્તાલાપ કરી કે અમારી તાણ ઓછી થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી.
* અમો આતુરતાથી તેમની પ્રતીક્ષા કરતા રહીએ છીએ...

- બીજે જ દિવસે પયગંબર સાહેબે પોતાના વ્યાખ્યાનમાં આ વિષય ઉલેખ્યો.

-પરિવાર સાથે સમય વિતાવવા આગ્રહ કરતાં કહ્યું કે-

* 'હું પોતે પણ મારાં સ્વજનો સાથે હળી-મળી સુખદ પળો વિતાવું છું.
* 'આ પણ એક બંદગી છે...!'

- કહેવાની જરૂર નથી કે પરિવાર સાથેના વ્યવહારમાં પતિઓમાં ઘણું સકારાત્મક પરિવર્તન આવ્યું. પવિત્ર કુરાનમાં પ્રકરણ ૫૧માં (અઝ-ઝારિયાત) આદેશ ક્રમ ૫૬માં કહે છે-

* 'મેં જિન્નાતો અને મનુષ્યોનું મારી ઉપાસના માટે સર્જન કર્યું...!'

- આ શબ્દોને વિશાળ અર્થમાં ઘટાવવાનો છે.
- ઈસ્લામમાં પ્રત્યેક પ્રમાણિત કર્મ ઉપાસના છે.
- કુટુંબ-પરિવાર માટે પ્રમાણિકતાથી આજીવિકા કમાવવી.

* લગ્ન કરવા,
* સંતાનો સંસ્કારી બનાવવા.
* પત્ની સાથે પ્રેમાલાપ-સંભોગ કરવો.
* સગાં-સ્નેહીઓ સાથે સુલગ્ન સંબંધો રાખવા.
* સામાજિક કાર્યો કરવા વગેરે વગેરે-

સઘળાં કર્મો બંદગી છે.

* ઈસ્લામે સ્ત્રીશક્તિ અને તેના કૌશલ્યને પારખી તેને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકારી પુરુષ સમોવડી બનાવી.
* તેને ખીલવાની સઘળી તકો આપી.
* તેને ૧૪૫૦ વર્ષ પૂર્વે વારસાહક આપી માવિત્રોની સંપત્તિમાં ભાગીદાર બનાવી જે પાશ્ચાત્ય અને જગતના અન્ય રાષ્ટ્રોએ છેલ્લાં ૧૫૦/૨૦૦ વર્ષમાં પ્રદાન કર્યો.

સુજ્ઞ વાચકો!

આપણે પ્રતિબંધિત કર્મોને તિલાંજલિ આપીએ અને માન્ય કર્મો કરતા રહીએ તો આપણે હરપળ-સતત બંદગી કરી રહ્યા છીએ અને પુરસ્કારિત થતા રહીએ છીએ.

**- આબિદ લાખાણી**

****

### આજનો સંદેશ

હઝરત ઈમામ હુસૈન સાહેબ માત્ર કોઈ એક ખાસ કોમ કે જાતિ માટે નહીં, બલકે સમસ્ત માનવજાત માટે હિદાયત-(ધર્મની સાચી સમજ, માર્ગદર્શન)ની જ્યોત બનીને ચમક્યા.

* આપ હઝરત-માનવંત-આદરણીયએ માણસાઈમાં નવો પ્રાણ પૂર્યો,
* ચેતના બક્ષી,
* નવજીવન અર્પ્યું,
* ઈન્સાનિયત-માનવતાની લાજ બચાવી લીધી
* ખુદ્દારી અને ઈમાન-(આસ્થા-સત્ય-શ્રદ્ધા)ની ડૂબતી હોડીને કિનારે લાવી દીધી.
* આપ અલૈયહિ સલ્લામે માનવતાના નામે સંદેશ આપ્યો, એ જીવંત છે અને સૃષ્ટિના અસ્તિત્વ સુધી જીવંત રહેશે.

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતનું આજે બજેટ

ઉઠાવ્યો હતો. બજેટ સત્રના પ્રથમ દિવસે કૉંગ્રેસના ધારાસભ્ય દળના નેતા અમિત ચાવડા અને તેમના પક્ષના ધારાસભ્યોએ વિધાનસભા સંકુલની બહાર હાથકડી પહેરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિધાનસભા સત્ર દરમિયાન વિરોધ પક્ષ કૉંગ્રેસ રાજ્યમાં જમીનના કૌભાંડો, બગડેલી આરોગ્ય સેવાઓ, ખ્યાતિકાંડનો મામલો, ભરતીમાં અનિયમિતતા-ગેરરીતિ સહિતના પ્રશ્નો મુદ્દે રાજ્ય સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ, ચાર નવા વિધેયક અને બજેટમાં ૧૦ જેટલી નવી જાહેરાતો કરવામાં આવશે. વિધાનસભાનું બજેટ સત્ર ૩૮ દિવસનું છે અને તેમાં ૧૦ દિવસ રજા હોવાથી કુલ ૨૭ બેઠક મળશે. સત્રના બીજા દિવસે ૨૦ ફેબ્રુઆરી ગુરુવારના રોજ નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક બજેટ રજૂ કરશે. સામાન્ય બજેટ પર ગૃહમાં ૪ દિવસ ચર્ચા થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બુધવારથી શરૂ થયેલા વિધાનસભા સત્ર દરમિયાન સરકાર ૪ વિધેયકો રજૂ કરશે, જેમાં ૧. ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ (રદ કરવા) વિધેયક - ૨૦૨૫, ૨. ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક - ૨૦૨૫, ૩. ગુજરાત ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ (સુધારા) વિધેયક - ૨૦૨૫ અને ૪. ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર (રદ કરવા) વિધેયક - ૨૦૨૫નો સમાવેશ થાય છે. આ વિધેયકો આરોગ્ય, ટેક્સ અને ઈજનેરી સંબંધિત નિયમોમાં ફેરફાર કરશે. વિધેયકો પર સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર શાબ્દિક યુદ્ધ થવાની પણ શક્યતા છે.

### મુખ્ય ચૂંટણી કમિશનર

કમિશનર છે. હરિયાણા કેડરના ભૂતપૂર્વ આઈ.એ.એસ અધિકારી જોશીને સોમવારે ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ચાર્જ સંભાળ્યા બાદ મતદારોને તેમના સંદેશમાં કુમારે જણાવ્યું હતું કે, ''રાષ્ટ્ર નિર્માણ માટેનું પ્રથમ પગલું મતદાન છે. તેથી ભારતના દરેક નાગરિક કે જેમણે ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી છે તેમણે મતદાર બનવું જોઈએ અને હંમેશાં મતદાન કરવું જોઈએ.''

### ભારતનો તિરંગો

આવ્યા હતા અને ભારતનો તિરંગો ક્યાંય દેખાતો નહોતો.આ મુદ્દે વિવાદ થયો હતો. જોકે હવે નવો ફોટો બહાર આવ્યો છે જેમાં કરાચીનું નૅશનલ સ્ટેડિયમ કે જ્યાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની પ્રારંભિક મૅચ રમાઈ એ સ્ટેડિયમમાં ભારતનો તિરંગો પણ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ચૅમ્પિયન્સ ટ્રોફી આઇસીસીની ટૂર્નામેન્ટ છે. આઇસીસીની દરેક સ્પર્ધામાં યજમાન દેશનું નામ તમામ દેશોના ખેલાડીઓની જર્સી પર હોવું જરૂરી છે. એ કારણસર ભારતીય ખેલાડીઓ ભલે પાકિસ્તાનમાં રમવા નથી જવાના અને તમામ મૅચો દુબઈમાં જ રમવાના છે, પરંતુ નિયમને અનુસરીને તેમની જર્સી પરના લોગો સાથે પાકિસ્તાનનું નામ લખાયું છે. એ જ પ્રમાણે, પાકિસ્તાનની ઇચ્છા ન હોવા છતાં આઇસીસીના નિયમને અનુસરીને પાકિસ્તાનના ક્રિકેટ સ્ટેડિયમોમાં ભારતનો તિરંગો પણ લહેરાવવો પડ્યો છે.

### વલસાડમાં ચાર

કેબીએસ કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા આઠ વિદ્યાર્થીઓનું એક ગ્રૂપ બે રિક્ષામાં રોહિયાળ તલાટ ગામે આવેલા પાંડવકુંડ ફરવા ગયું હતું. આઠ વિદ્યાર્થીઓમાં છ વિદ્યાર્થીઓ અને બે વિદ્યાર્થિનીઓનો સમાવેશ થતો હતો. યુવક-યુવતીઓનું ગ્રૂપ ત્યાં પહોંચી તેમાંથી ચાર વિદ્યાર્થીઓ અને એક રિક્ષાચાલક આ પાંડવકુંડમાં નાહવા પડ્યા બાદ આ દુર્ઘટના સર્જાય હતી.

પાંડવકુંડનું પાણી ઊંડું હોવાથી તેઓ ડૂબ્યા હતા. આ જોતા જ બાકીના બે વિદ્યાર્થીઓ તેમને બચાવવા અંદર પડ્યા હતા. બુમાબુમ કરતા સ્થાનિક લોકો પણ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. જેમાંથી બે લોકોનો બચાવ થયો હતો, જ્યારે કુંડમાં ડૂબેલા પાંચ લોકોને તાત્કાલિક સારવાર માટે કપરાડાની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી ચાર વિદ્યાર્થીઓનું મોત નીપજ્યું હતું.

### દિલ્હી બાદ

મોદી તમિલનાડુના રામેશ્વરમની મુલાકાત લે તેવી શક્યતા છે જ્યાં તેઓ નવા પંબન પુલનું ઉદ્ઘાટન કરશે જે રામેશ્વરમ ટાપુ શહેરને મુખ્ય ભૂમિ સાથે જોડશે.

બિહાર અને આસામ બંનેમાં ભાજપના નેતાઓ વડા પ્રધાનની મુલાકાતને પક્ષના ચૂંટણી પ્રચારનો પ્રારંભ ગણાવી રહ્યા છે અને જ્યારે વડા પ્રધાન તેમની મુલાકાતો દરમિયાન જાહેર સભાઓ કરે છે ત્યારે પ્રેક્ષકોમાં રેકોર્ડ સંખ્યામાં વધારો થાય તે માટે આક્રમક રીતે પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપ છેલ્લા એક દાયકાથી આસામમાં સત્તામાં છે અને નીતીશ કુમાર સાથે બિહારમાં પણ સત્તામાં છે. બિહારના મુખ્ય પ્રધાન ૨૪ ફેબ્રુઆરીએ ભાગલપુરમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે વડા પ્રધાન સાથે સ્ટેજ શેર કરશે. પૂર્વીય બિહારના આ શહેરની વડા પ્રધાનની મુલાકાત મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ એક એવો પ્રદેશ છે જ્યાં ભાજપ પરંપરાગત રીતે નબળો માનવામાં આવે છે.

ભાગલપુરથી તેઓ કિસાન સન્માન નિધિનો આગામી હપ્તો બહાર પાડશે જેથી આ પ્રદેશના ખેડૂતોને પણ આકર્ષિ શકાય, જે મતદારોનો મોટો ભાગ છે. મોદી આ ખેડૂતોમાંથી કેટલાકનું સન્માન પણ કરશે અને ભાગલપુરમાં એક નવી કેન્દ્રીય યુનિવર્સિટીનો શિલાન્યાસ પણ કરશે.

ભાગલપુરથી, મોદી બે દિવસની આસામની મુલાકાતે જશે જ્યાં તેઓ 'એડવાન્ટેજ આસામ ૨.૦' રોકાણ સમિટનું ઉદ્ઘાટન કરશે, જેનો ઉદ્દેશ્ય રાજ્યમાં ૩ લાખ કરોડ રૂપિયાના રોકાણનો છે.

તેઓ સરુસજાઈ સ્ટેડિયમમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. આ પ્રસંગે ૮૦૦૦થી વધુ કારીગરો દ્વારા મેગા ઝુમર નૃત્ય પ્રદર્શન કરવામાં આવશે. આસામ ભાજપ ૨૦૨૬માં રાજ્યમાં ચૂંટણી પહેલા પીએમ પાસેથી મોટા પાયે પ્રોત્સાહનની આશા રાખી રહ્યું છે.

### ભારત પાસે ઘણાં

સૌથી વધુ કરવેરા ધરાવતા દેશોમાંનો એક છે. તેમના ટેરિફ ખૂબ ઊંચા હોવાથી આપણે ભાગ્યે જ ત્યાં પ્રવેશ કરી શકીશું. મને ભારત અને તેના વડા પ્રધાન પ્રત્યે ખૂબ માન છે, પરંતુ અમેરિકા મતદાન માટે ૨૧ મિલિયન ડૉલર કેમ આપી રહ્યું છે? એલન મસ્કની આગેવાની હેઠળના ડીઓજીઇએ ૧૬ ફેબ્રુઆરીના રોજ ભારતમાં મતદાનનો વિસ્તાર કરવા માટે ૨૧ મિલિયન ડૉલરના ભંડોળને રદ કરવાની જાહેરાત કરી હતી. એક્સ પર એક પોસ્ટમાં ડીઓજીઇએ અમેરિકી કરદાતાઓના એ ખર્ચની યાદી આપી હતી જેને રદ કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભારતમાં મતદાન માટે ૨૧ મિલિયન અમેરિકન ડૉલરનો પણ સમાવેશ થાય છે. ૧૩ ફેબ્રુઆરીએ વાઇટ હાઉસ ખાતે વડા પ્રધાન મોદી અને ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય બેઠકના કલાકો પહેલા અમેરિકન રાષ્ટ્રપતિએ પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી હતી.

### સંયુક્ત રાષ્ટ્રસંઘમાં

પાર આતંકવાદને સમર્થન પૂરું પાડે છે.'' તેમણે કહ્યું હતું કે એટલા માટે એ વિડંબના છે કે જ્યારે પાકિસ્તાન આતંકવાદ સામેની લડાઈમાં સૌથી આગળ હોવા બદલ પોતાની પીઠ થપથપાવે છે. ભારત જૈશ-એ-મોહમ્મદ અને હરકત-ઉલ-મુજાહિદ્દીન જેવા અનેક અન્ય આતંકવાદી સંગઠનો મારફતે આ દેશ દ્વારા આચરવામાં આવતા આતંકવાદી કૃત્યોનો શિકાર રહ્યું છે.

પાકિસ્તાનસ્થિત અનેક આતંકવાદી સંગઠન અને લોકો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની '૧૨૬૭ અલ કાયદા પ્રતિબંધ સમિતિ' હેઠળ સૂચિબદ્ધ છે અને તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે, તેમના પ્રવાસ પર પ્રતિબંધ છે. અગાઉ પાકિસ્તાનના મિત્ર ચીન અનેકવાર ભારત અને અમેરિકા જેવા તેમના સાથી દેશો દ્વારા પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓને બ્લેકલિસ્ટ કરવા માટે યુએનમાં રજૂ કરાયેલા પ્રસ્તાવોને ઘણીવાર અવરોધિત કરે છે. હરીશે ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ, તેનું સ્વરૂપ, પ્રકાર અને હેતુ ગમે તે હોય તેને વાજબી ઠેરવી શકાય નહીં.

### તમિળનાડુમાં ફરી

આવે છે. ઉદયનિધિએ વધુમાં કહ્યું હતું કે ''અમે અમારા વાજબી હિસ્સાની માગ કરી રહ્યા છીએ અને જો તમને (ભાજપ) લાગે છે કે તમે અમને ધમકી આપી શકો છો... તો તમિલનાડુમાં આવું ક્યારેય થશે નહીં. તમિલનાડુના લોકો યોગ્ય સમય પર જવાબ આપશે. આ દ્રવિડ અને પેરિયારની ભૂમિ છે. છેલ્લી વખત જ્યારે તમે તમિલોના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે તેમણે 'ગો બેક મોદી' શરૂ કર્યું હતું. જો તમે ફરીથી પ્રયાસ કરશો તો આ વખતે તમને પાછા મોકલી દેવામાં આવશે.''

ડીએમકે પ્રમુખ અને મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને સોશિયલ મીડિયા પર ભારતીદાસનની એક કવિતા પોસ્ટ કરી હતી જેમાં તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે જો હિંદી ફરજિયાત છે તો શું તેમના માટે હિંદીને ખતમ કરવી ફરજિયાત નથી? ભારતીદાસન (૧૮૯૧-૧૯૬૪) તમિલનાડુના પ્રખ્યાત કવિ હતા. સ્ટાલિને મહિલાઓ દ્વારા રસ્તાઓ પર કોલમ (રંગોળી) બનાવતો એક વીડિયો પણ શેર કર્યો હતો.

ડીએમકે અને તેના સાથી પક્ષોએ ૧૮ ફેબ્રુઆરીએ આ મુદ્દા પર અહીં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ડીએમકે યુવા મોરચાના સચિવ અને નાયબ મુખ્ય પ્રધાન ઉદયનિધિ સ્ટાલિને કેન્દ્રને ચેતવણી આપી હતી કે તે રાજ્ય અને તેના સાથી પક્ષો પર વધુ એક ભાષા થોપવાનો પ્રયાસ ના કરે. ડીએમકેના સત્તાવાર મુખપત્ર 'મુરાસોલી' એ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજના સંપાદકીયમાં હિંદી લાદવા સામે ડીએમકેના સ્થાપક નેતા સીએન અન્નાદુરાઈની દલીલોને ટાંકીને લખ્યું હતું, 'અન્ના' તરીકે જાણીતા અન્નાદુરાઈએ કહ્યું હતું કે આ મુદ્દો ભાષાનો નથી પરંતુ પ્રભુત્વનો છે.

# ગુજરાતથી પ્રયાગરાજ સુધી વોલ્વો બસની ૧૮૪ ટ્રીપમાં ૪૩૦૦ શ્રદ્ધાળુઓએ મુસાફરી કરી

## મહાકુંભ માટે છેલ્લી ટ્રીપ ૨૫ ફેબ્રુઆરીએ રવાના થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં જવા માટે ગુજરાત સરકાર દ્વારા ૨૭ જાન્યુઆરીએ એસટી નિગમની વિશેષ વોલ્વો સેવા શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટથી વોલ્વો મારફતે શ્રદ્ધાળુઓ મહાકુંભ પહોંચી રહ્યાં છે.

સરકારની આ સુવિધાના કારણે વોલ્વો બસની ૧૭ ફેબ્રુઆરી સુધીમાં ૧૮૪ ટ્રીપ પૂર્ણ થઈ છે અને રાજ્યમાંથી ૪૩૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ આ બસમાં પ્રયાગરાજ સુધી મુસાફરી કરી હતી.

પ્રયાગરાજનો રૂટ નવો હોવાથી શ્રદ્ધાળુઓને કોઈ તકલીફો ન પડે તે હેતુથી જીએસઆરટીસીની એક ટીમે સમગ્ર રૂટનો અગાઉથી સર્વે કરીને યોગ્ય માહિતી મેળવી હતી. આ ટીમે અન્ય રાજ્યોની પોલીસને પણ આ વ્યવસ્થા અંગે માહિતગાર કરી હતી. મધ્ય પ્રદેશના શિવપુરીમાં રાત્રિ રોકાણ માટે ઉચ્ચ ગુણવત્તાની હોટલમાં ઉતારો આપવામાં આવ્યો હતો. પ્રયાગરાજ પર પાર્કિંગ પણ સંગમની નજીક જ રાખવામાં આવ્યું હતું. પ્રવાસમાં ગયેલા યાત્રિકોએ જણાવ્યું હતું કે બસના સુપરવાઇઝર અને પાયલટ તેમને પરિવારની જેમ સાચવતા હતા અમને કોઈ અગવડ પડવા દીધી ન હતી.

રાજ્યના નાગરિકોને પ્રિમિયમ સેવા આપવા માટે અત્યારે જીએસઆરટીસી દ્વારા ૧૦૦ વોલ્વો બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ બસોમાં આરામદાયક પુશબેક સીટ, એર સસ્પેન્શન અને અત્યાધુનિક ફાયર સિસ્ટમ હોય છે. રાજ્યમાં વિવિધ સ્થળો સહિત દીવ અને નાથદ્વારા માટે પણ આ સેવા ઉપલબ્ધ છે. મહાકુંભ માટે છેલ્લી ટ્રીપ ૨૫ ફેબ્રુઆરીએ રવાના થશે. ■

# કેબિનેટ પ્રધાન ભાનુબેન બાબરિયા આકસ્મિક રીતે દાઝી ગયાં: વિધાનસભામાં હાજર નહીં રહે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ પ્રધાન ભાનુબેન બાબરીયા તેમના ગાંધીનગરસ્થિત નિવાસસ્થાને શેક લેતી વેળાએ આકસ્મિક રીતે પગે દાઝી જતા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓ છેલ્લા પાંચ દિવસથી અમદાવાદની ઝાયડસ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને હજુ ત્રણ-ચાર દિવસ સુધી હૉસ્પિટલમાં રહેવું પડે તેવી શક્યતા છે.

મળતી વિગત મુજબ ભાનુબેન બાબરિયા ગાંધીનગરસ્થિત પોતાના સરકારી નિવાસસ્થાન ખાતે શેક લેવા માટે જે તાપણું કર્યું હતું તેમાં પોતાના ડ્રેસનો દુપટ્ટો અડી જવાના કારણે દાઝી ગયા હતા. જમણા પગમાં કમરથી લઈ ગોઠણ સુધીના ભાગમાં ઈજા થવા પામી હતી. તાત્કાલિક અસરથી તેઓને સારવાર માટે અમદાવાદની ઝાયડસ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાજકોટના ખ્યાતનામ તબીબ ડૉ.ગિરીશ અમલાણી તેઓની સારવાર કરી રહ્યા છે, હાલ તબિયત સુધારા પર છે. પરંતુ ઈન્ફેકશન વકરે નહીં તે માટે હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. જયાં તેઓનું નિયમિત ડ્રેસિંગ કરવામાં આવી રહ્યું છે. ભાનુબેન બાબરિયાના પતિ મનોહરભાઈ બાબરિયાના જણાવ્યા અનુસાર હાલ તેમના ધર્મપત્નીની હાલત ભયમુક્ત છે. ચિંતા કરવાની કોઈ આવશ્યકતા નથી. તકેદારી રહે તે માટે તેઓને ઝાયડસ હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. તબીબોએ તેઓને આરામ કરવાની સલાહ આપી છે. કાર્યકરો અને સમર્થકોએ ચિંતા ન કરવા અને ખબરઅંતર પૂછવા માટે અમદાવાદ કે ગાંધીનગર સુધી ધક્કા ન ખાવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

દરમિયાન ૧૯મીથી વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું હોવાથી ભાનુબેન સંભાળે છે તે બે વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગને લગતા સવાલોના જવાબ આપવા સહિતની ગૃહને લગતી કામગીરી બે અલગ પ્રધાનોને સોંપવામાં આવી છે. ■

# સુરત મહાનગરપાલિકામાં કરબોજ વિનાનું ૯૬૦૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના કમિશ્નર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નું ૯૬૦૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં શહેરમાં બ્રિજ બનાવવા ૧૩૦ કરોડ, જ્યારે તાપી નદીના શુદ્ધીકરણ માટે ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ બજેટમાં એક પણ રૂપિયાનો કર વધારો કરવામાં સૂચવાયો નહોતો.

સુરત મહાનગરપાલિકાના કમિશ્નર દ્વારા રજૂ કરાયેલા ડ્રાફ્ટ બજેટમાં દરેક ઝોનમાં રમતના મેદાન તૈયાર કરવાનું ઠરાવાયું હતું. તે ઉપરાંત શહેરમાં ત્રણ સખી બજાર બનાવવા પણ સૂચવાયું હતું. ગરીબ મહિલાઓ જે પોતાની રીતે પ્રોડક્ટ બનાવતી હોય છે તેના વેચાણ માટેની વ્યવસ્થા થશે. ઓનલાઇન વેચાણ કરી શકે તેના માટેનું પણ પ્લેટફોર્મ સુરત મહાનગરપાલિકા પૂરું પાડશે. મહિલા સ્ટાર્ટસપ અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે તમામ સુવિધા ઊભી કરવામાં આવશે તેવું પણ ઠરાવાયું હતું.

તે ઉપરાંત ૧૪૦ કલરફૂલ સ્માર્ટ આંગણવાડી બનાવવાનું આયોજન કરાયું છે. વોટ્સઅપ મારફતે ટેક્સ પેમેન્ટની સુવિધા ઊભી કરવામાં આવશે. મિલકત વેરો, વોટર મીટર ચાર્જિસ વગેરે બીલો વોટ્સએપથી ભરી શકાશે. નવી શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પહેલી વખત લેંગ્વેજ લેબ પ્રપોઝ કરવામાં આવી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ભણતા બાળકોને વિદેશી લેંગ્વેજ અને માતૃભાષા પણ સારી રીતે જ્ઞાન મળી રહે તે માટેની લેવા આયોજન કરવામાં આવ્યું છે.

એઆઈ આધારિત મેલેરિયા માટે જોખમી અને હૉટસ્પોટની આગાહી કરવામાં આવશે. આ ક્યુઆર કોડને વધુ સર્વિસ સાથે પણ જોડવામાં આવશે.

સુરતમાં ટેક્સટાઇલ, ડાયમંડ, સોલાર, અન્ય સેક્ટર અને ઇન્ડસ્ટ્રીઝ માટે સ્પીડ ડેવલપમેન્ટ એન્હાસમેન્ટ, ગારમેન્ટ, આઈ ટી, લોજિસ્ટિક, ફાર્માસ્યુટિકલ એગ્રો જેવી ઇન્ડસ્ટ્રીઝ માટેના સ્કીલ ડેવલોપમેન્ટ માટે ખૂબ મોટું સેન્ટર કાર્યરત કરવા માટેનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે. ■

# ગુજરાત પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થશે

## આગામી સાત દિવસ હવામાન શુષ્ક રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ ઉત્તર-પશ્ચિમથી ઉત્તરના પવન ફૂંકાઈ રહ્યા છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગુજરાતના હવામાનમાં થોડા ફેરફાર આવી રહ્યા છે. બુધવારે કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં સાત દિવસ માટે હવામાન શુષ્ક રહેશે. આગામી સાત દિવસ ગુજરાતના હવામાનમાં મોટો બદલાવ થવાની શક્યતા નથી. આ સાથે મહત્તમ અને લઘુતમ તાપમાન બે દિવસ ફોલિંગ ટેન્ડેન્સીમાં જોવા મળશે. જે બાદ ફરીથી તાપમાન વધવાની શક્યતા છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ ઉત્તર પશ્ચિમથી ઉત્તરના પવન ફૂંકાઈ રહ્યા છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થયું છે જેના કારણે કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાયેલું રહેશે. ગુજરાતમાં કેટલીક જગ્યાએ વાદળો દેખાશે અને આવતીકાલથી વાદળો ઓછા થતા રહેશે. ■

# વડોદરા રેલવે ડિવિઝનમાં ભરતી કૌભાંડમાં સીબીઆઈ અને એસીબીના દરોડા: પાંચ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા રેલવે ડિવિઝનમાં કર્મચારીઓની ભરતીમાં ગેરરીતિ થતી હોવા મુદ્દે રેલવે પ્રતાપ નગર ખાતે આવેલા ઓફિસર્સ કવાટર્સમાં સીબીઆઈ અને એસીબી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયુ હતું, જેમાં ડેપ્યુટી સીઓએમ અને સ્ટેશન માસ્ટર સહિત ૫ આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી.

આ સર્ચ ઓપરેશન દરમિયાન એક અધિકારીની ઑફિસમાંથી પાંચ લાખ રૂપિયા રોકડા મળ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રેલવેની ભરતીમાં ગેરરીતિ થઈ હોવાના મામલે વડોદરાના પ્રતાપનગરમાં રેલવે ડીઆરએમ કચેરીની બાજુમાં ઑફિસમાં રેલવેના ડિવિઝનલ પર્સનલ ઑફિસર સહિત અન્ય એક અધિકારીના નિવાસસ્થાને સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન અને એન્ટીકરપ્શન બ્યૂરોની ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રતાપ નગર ખાતે આવેલી ઑફિસ અને ઘરે આ ટીમો દ્વારા સર્ચ કર્યું હતું. ડિવિઝનલ પ્રોવિઝન ઑફિસર સુનિલ બિશ્નોઈ સહિત ચાર અધિકારીની ઑફિસમાં તપાસ કરવામાં આવી હતી.

રેલવે ભરતી કૌભાંડમાં અંકુશ વસન, સંજય તિવારી, નીરજ સિન્હા, મુકેશ મીનાની ધરપકડ કરાઇ હોવાની વિગતો પણ પ્રાપ્ત થઈ હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આરોપીઓ પશ્ચિમ રેલવે ડિવિઝનમાં ફરજ બજાવતા હતા. તેમણે રેલવે ભરતી માટે ત્રણ ઉમેદવાર પાસેથી રોકડમાં લાંચ સ્વીકારી હતી. આરોપીઓએ લાંચની રકમથી ૪૦૦ ગ્રામ સોનું ખરીદ્યું હતું. આ કૌભાંડ મામલે સીબીઆઈ અને એસીબીમાં આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. ■

# વિધાનસભામાં કૉંગ્રેસનો વિરોધ: અમેરિકાથી ગુજરાતીઓને ડિપોર્ટ કરવા મુદ્દે દેખાવો કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર બુધવારથી શરૂ થઈ ગયું છે. સત્રના પહેલા જ દિવસે કૉંગ્રેસે અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયો મુદ્દે વિધાનસભા પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમેરિકાએ હાથકડી પહેરાવીને ભારતીયોને વતન મોકલતા કૉંગ્રેસે આક્રમક થઈને સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાના સત્રના પહેલા જ દિવસે કૉંગ્રેસે સરકાર સામે આક્રમકતા દાખવી હતી. અમેરિકાથી હાથકડી પહેરાવીને ડિપોર્ટ કરાયેલા ગુજરાતીઓ મામલે કૉંગ્રેસે સરકારને ઘેરી હતી. આ ઉપરાંત રાજકોટ હૉસ્પિટલના સીસીટીવી કાંડ અને ભરતી કૌભાંડ સહિતના મુદ્દે કૉંગ્રેસના ધારાસભ્યોએ દેખાવો યોજ્યા હતા. વિપક્ષના નેતા અમિત ચાવડાએ કહ્યું હતું કે, અમેરિકાએ ભારતીયોને હાથમાં બેડીઓ પહેરાવી અમાનુષી વર્તન સાથે વતનમાં મોકલ્યા છે જ્યારે કોલંબિયાના પ્રમુખ તેમના દેશવાસીઓને સ્વમાન સાથે વતનમાં પરત લાવ્યા છે. બીજી તરફ સત્ર દરમિયાન વિધાનસભા ગૃહની અંદર ગાંધીનગર પોલીસના જવાનો સાર્જન્ટની ભૂમિકામાં ફરજ બજાવશે તો સચિવાલય સંકુલમાં પણ સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ■

# સીદી સૈયદની જાળી અંગે નીતિન પટેલના નિવેદન સામે ગ્યાસુદ્દીન શેખનો જવાબ

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે તાજેતરમાં જ સીદી સૈયદની જાળી અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું જેથી રાજકારણ ગરમાયું હતું. જોકે, આ મુદ્દે પૂર્વ ધારાસભ્ય અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું હતું કે, નીતિનભાઈ પટેલ અત્યારે ડિપ્રેશનમાં છે, ડિપ્રેશનમાં તેઓ આવી વાતો કરે છે. નીતિન પટેલ આવા નિવેદન કરે એ શરમજનક બાબત છે. સનાતન સંસ્કૃતિને તમામ લોકો સન્માન આપે છે, તમે સનાતન સંસ્કૃતિના નામે જે વાત કરો છો, આ વ્યાજબી નથી.

ભાજપ નેતા નીતિન પટેલના નિવેદન મુદ્દે ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું હતું કે, સીદી સૈયદની જાળી અંગે નીતિન પટેલે જે નિવેદન આપ્યું છે, હું એમને એટલું જ કહેવા માગું છું કે સીદી સૈયદની જાળી વિશ્વવિખ્યાત છે અને વર્લ્ડ હેરિટેજમાં તેનો સમાવેશ થાય છે. દુનિયાભરથી લોકો આ જાળીને નિહાળવા માટે આવે છે. અમદાવાદની અંદર ૩૦૦થી વધારે હેરિટેજ મોન્યુમેન્ટ છે. ગ્યાસુદ્દીન શેખે વધુમાં જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક ધરોહરના કારણે જ યુનેસ્કોએ અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપ્યો છે. જ્યારે અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો હતો, ત્યારે પણ નીતિનભાઈ ગુજરાત સરકારમાં મંત્રી હતા. જાપાનના પ્રધાનમંત્રી જ્યારે ભારત આવ્યા હતા ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાતે તેમને અહીંયા લઈને આવ્યા અને સીદી સૈયદની જાળી મસ્જિદની મુલાકાત લીધી હતી. ગુજરાતની અંદર સદભાવના શાંતિ છે, આવા નિવેદનથી કોઈ અર્થ નથી નીકળતો. સરદાર વલ્લભભાઈ પટેલ કૉંગ્રેસ પક્ષના આદરણીય નેતા હતા. તમારી પાસે એવા કોઈ રાજકીય નેતા નથી કે જેમના નામની તમે દુહાઈ આપી શકો. ■

# શાહરૂખ ખાનના મન્નતમાં ઘૂસી જનારા બે શખસ ચોરીના ગુનામાં ભરૂચથી પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બૉલીવૂડ એક્ટર શાહરૂખ ખાનના અનેક ચાહકો દેશમાં છે. એક વર્ષ પહેલા તેમના મન્નતમાં ત્રીજા માળ સુધી પહોંચી જનારા બે શખ્સને ભરૂચમાં મોના પાર્ક સોસાયટીના નિવૃત્ત આર્મી જવાનના મકાનમાં થયેલી ચોરીના ગુનામાં બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતાં. પોલીસે તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ રિકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પૂછપરછમાં આરોપી રામસ્વરૂપ કુશવાહાએ કહ્યું હતું કે, હું શાહરૂખ ખાનનો ચાહક છું. હું અને મારો મિત્ર એક વર્ષ પહેલાં જૂહુ બાંદ્રામાં આવેલા મન્નત બંગ્લોઝ ખાતે પહોંચ્યા હતા. જોકે સિક્યોરિટીએ પ્રવેશ નહીં આપતાં અમે ત્યાં તેના બંગલાની બહાર જ બેસી ગયા હતા. ત્યાર બાદ રાત્રે ૨:૩૦ વાગ્યાના સમયે અંધારામાં અમે બંગલા નજીક આવેલા એક ઝાડ પર ચઢીને અંદર ઘૂસ્યા હતાં.

તે સમયે મન્નતમાં રિપેરિંગ કામગીરી ચાલતી હોવાથી ત્યાં કામ કરવા વાંસ સાથે પાલખ બાંધી હતી. અમે તેના પર ચઢીને ત્રીજા માળ સુધી પહોંચી ગયા હતા. સફાઈકર્મીઓએ અમને પકડી લીધા હતા. અમે તેને કહ્યું કે, અમે માત્ર શાહરૂખ ખાનને જોવા માટે આવ્યા છીએ, જેથી તેણે અમને વીડિયો કોલ પર શાહરુખ ખાનને બતાવ્યો પણ હતો. આ ઘટના બાદ બંને આરોપીને ગેરકાયદે મકાનમાં ઘૂસવાના ગુનામાં પકડી કાયદેસરની કાર્યવાહી કરાઇ હતી.

ભરૂચ શહેરમાં મોનાપાર્ક સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મીમેન સિરાજ મહેતાના ઘરમાં અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશી આઠ તોલા સોનાના દાગીના ચાંદી તથા રોકડા સવા બે લાખની મતા ઉપર હાથફેરો કર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી. પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. પોલીસે ચોરીને અંજામ આપનાર રામ સ્વરૂપ સુરખાધ કુશવાહા અને મિન્હાઝ સિંધાને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓની પાસેથી ચોરીમાં ગયેલો ૨.૭૪ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. ■

# રાજ્ય સરકાર ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરશે

## ખેડૂતો ઓનલાઈન નોંધણી કરાવી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ખેડૂતોને તેમના પાકના વાજબીભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫માં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય લીધો હતો. ચણા માટે પ્રતિ ક્વિન્ટલ ૫,૬૫૦ રૂપિયા અને રાયડા માટે ૫,૯૫૦ રૂપિયાનો ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો. જો બજારભાવ ટેકાના ભાવથી નીચે જશે, તો પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (પીએમ-આશા) યોજના હેઠળ પી.એસ.એસ. મારફતે ચણા અને રાયડાની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવશે.

આગામી ૧૮/૦૨/૨૦૨૫ થી ૦૯/૦૩/૨૦૨૫ (૨૦ દિવસ) દરમિયાન ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રજિસ્ટ્રેશન કરી શકાશે. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય કક્ષાએ આવેલા ઈ-ગ્રામ કેન્દ્ર પરથી ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. ઈ-ગ્રામ કેન્દ્ર પર વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકાશે. ચણા અને રાયડાની ખેતી કરતા તમામ ખેડૂત ભાઈઓ આ યોજનાનો લાભ લે તે માટે ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સમગ્ર ગુજરાતમાં ૧૪/૦૩/૨૦૨૫ થી ચણા અને રાયડાની ખરીદી શરૂ થશે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ ખરીદ કેન્દ્રો પરથી ખેડૂતો પાસેથી ચણા અને રાયડાની પૂરતી ખરીદી કરવામાં આવશે. આ માટે સરકારે તમામ આયોજન પૂર્ણ કરી લીધા છે. ખેડૂતો ૨૦ દિવસની અંદર ટેકાના ભાવે ચણા અને રાયડાના વેચાણ માટે ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. ■

# ગુજરાતમાં ટ્રકની અડફેટથી સર્જાયેલા બે અકસ્માતની ઘટનાઓમાં છ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાઈવે પર પૂરપાટ ઝડપે પસાર થતાં ટ્રકચાલકોના કારણે ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યાં છે. જામનગર-ખંભાળિયા હાઈવે પર ટ્રકે બાઈક પર સવાર પતિ-પત્નીને કચડી નાખ્યાં હતાં. બીજી તરફ માંડવી ઝંખવાવ રોડ પર ટ્રક અને પીકઅપ બોલેરો અથડાતાં લગ્નપ્રસંગમાંથી પરત ફરતાં ચાર લોકોના મોત થયાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગર-ખંભાળિયા હાઈવે પર સિક્કા પાટિયા પાસે બેફામ સ્પીડે જઈ રહેલા ટ્રકે બાઈક પર સવાર પતિ-પત્નીને કચડી નાખ્યાં હતાં. બંને વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતદેહોની સ્થિતિ એટલી ગંભીર હતી કે, તેમને એકઠા કરવા માટે પાવડાનો ઉપયોગ કરવો પડ્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રકચાલક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

તે ઉપરાંત સુરત જિલ્લાના માંડવી તાલુકાના સઠવાવ ગામ નજીક પસાર થતાં માંડવી ઝંખવાવ રોડ પર ટ્રક અને પીકઅપ બોલેરો અથડાયાં હતાં. પીકઅપમાં સવાર એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા, જ્યારે અન્ય ઇજાગ્રસ્તો માંડવી તાલુકાની રેફરલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતાં. મૃતકો અને ઇજાગ્રસ્તો તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે અકસ્માત અંગે કેસ નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે. ■

# ગુજરાતમાં પ્રિ-સ્કૂલોની રજિસ્ટ્રેશનની મુદત અંગે નિર્ણય નહીં લેવાતા સંચાલકો મૂંઝાયા

## સરકાર ઉકેલ લાવે તેવી માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશન માટે સરકારે નવી પૉલિસી અમલી કરતાં સંચાલકોએ વિરોધ દર્શાવ્યો હતો. ત્યાર બાદ સંચાલકોએ સરકાર અને શિક્ષણ વિભાગ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સંચાલકોને તેમની રજૂઆતો અંગેનું નિરાકરણ લાવવા મૌખિક બાંહેધરી અપાઈ હતી. પરંતુ તેનો કોઈ ઉકેલ નહીં આવતાં સંચાલકો ફરીવાર શિક્ષણ પ્રધાનને રજૂઆત કરવા ગયા હતા. પરંતુ મુલાકાત થઈ નહોતી. તેમને શિક્ષણ વિભાગના અધિકારીઓ પાસેથી એવો જવાબ મળ્યો હતો કે, આ વિષય વિચારણા હેઠળ અને ઉચ્ચ સ્તરે ચર્ચામાં છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં પ્રિ-સ્કૂલ નોંધણીની પ્રક્રિયાના લાંબા સમયગાળામાં ફાઇનલ નોંધણી હોય એવી સમગ્ર રાજ્યમાંથી માત્ર ૪૦૦ જેટલી જ સ્કૂલો હોવાનું જાણવા મળ્યું હતું. નોંધણી નહીં થવા પાછળનું મુખ્ય કારણ ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ ભાડા કરાર, વર્ગદીઠ ૫ હજાર ફી સહિતની બાબતો છે. આ મુદ્દે છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરાઈ રહી છે. સરકાર અને શિક્ષણ વિભાગ સાથેની બેઠક બાદ પણ તેનો કોઈ ઉકેલ આવ્યો નથી.

પ્રિ-સ્કૂલના સંચાલકોએ જણાવ્યું હતું કે, મંગળવારે ૩૫ પ્રતિનિધિઓની ટીમ ગાંધીનગર ખાતે શિક્ષણપ્રધાનને મળવા માટે પહોંચી હતી. પરંતુ મતગણતરી હોવાથી તેમની સાથે મુલાકાત થઈ શકી ન હતી. અધિકારીઓએ આ વિષય હજી સરકારમાં ચર્ચામાં છે અને ઉપલા લેવલે ચર્ચા ચાલી રહી હોવાનું જણાવી પોતાનો હાથ અધ્ધર કરી દીધા હતા. અધિકારીઓ દ્વારા પણ ફાઈલ નીકળી ગઈ છે, પ્રક્રિયામાં છે તેમ કહી ગોળગોળ જવાબો આપ્યા હતા. આ મુદ્દે સરકારે વહેલી તકે યોગ્ય જવાબ આપી નિકાલ લાવવો જોઈએ તેવી માગ પ્રિ-સ્કૂલ સંચાલકો દ્વારા કરવામાં આવી હતી. ■

# ૧૦ કિલો ગાંજો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લો નશાખોરીનું હબ બની રહ્યો હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતાં રહે છે તેવામાં બંદરીય મુંદરા ખાતેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટુકડીએ કુરિયર મારફતે ચરસ-ગાંજો મગાવવાની નવી મોડસઓપરેન્ડી ઝડપી પાડી હતી, જેમાં રૂા.૧,૦૧,૪૯૦ની કિંમતનો ૧૦.૧૪૯ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કરાયો હતો અને માલ મંગાવનારા તથા મોકલનારા અજાણ્યા શખસો સામે પોલીસે તપાસ આદરી હતી.

ડીવાયએસપીના જણાવ્યા અનુસાર, મુંદરા શહેરના ઉમિયા નગરમાં આવેલા ડિલિવરી લિમિટેડ નામની ખાનગી કુરિયર સર્વિસમાં ઓરિસ્સાની હોટલના નામથી ગાંજાનો જથ્થો એક પાર્સલમાં આવ્યો હોવા અંગે સંયુક્ત રીતે મળેલી પૂર્વ બાતમીના આધારે આ ટીમ કુરિયર ઑફિસ પર પહોચી શંકાસ્પદ પાર્સલને કબજામાં લઇ, તપાસ કરતાં દસ અલગ અલગ પેકેટમાં રાખવામાં આવેલો ૧૦.૧૪૯ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ક્રિશ્ચિયને વધુમાં જણાવ્યું હતું કે, .ઓરિસ્સાની એસ.એ.કિંગ પ્લાઝા નામની હોટલના નામથી અજાણ્યા વ્યક્તિએ મોક્લાવેલું આ પાર્સલ ત્રણેક દિવસ અગાઉ અહીં આવ્યું હતું.

કુરિયર સર્વિસના મૅનેજરે સંપર્ક નંબર પર ફોન કર્યો હતો, જેમાં હિંદીભાષી શખ્સે પાર્સલ પોતાનું હોવાનું સ્વીકાર્યા બાદ પણ પાર્સલ લેવા આવ્યો ન હોવાનું અને ગાંધીધામ મોકલવા જણાવ્યું હતું. હાલ પોલીસે મુદ્દામાલ કબ્જે કરી મુંદરાના પોલીસ મથકે ગાંજો મોકલનાર અને મંગાવનાર અજાણ્યા શખસ વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ■

# જાતીય સતામણી બદલ શખસને બે વર્ષની સખ્ત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સરહદી નલિયા ગામના રાજ્ય પરિવહનના બસ સ્ટેશનના બાથરૂમમાં ઘૂસી જઈને એક કિશોરી પર હુમલો કરી જાતિય સતામણી કરવાના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં ભુજ સેશન્સ કોર્ટે આરોપીને બે વર્ષની સખ્ત કેદની સજા સાથે દસ હજારનો દંડ ફટકાર્યો હતો.

આ બનાવ બે વર્ષ અગાઉ ૧૦-૧૦-૨૦૨૨ના રોજ લોકોની અવર જવરથી સતત ગાજતા રહેતા બસ સ્ટેશન જેવા જાહેર સ્થળે બન્યો હતો જેમાં ૧૭ વર્ષ ૯ માસની કિશોરી સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં બસ સ્ટેશનના બાથરૂમમાંથી બહાર નીકળી રહી હતી. તે સમયે નલિયાનો રહેવાસી મુસ્તાક ઊર્ફે અકુડી ફકીરમામદ ભજીર બાથરૂમમાં ધસી આવ્યો હતો.

મુસ્તાકે કિશોરીના બંને હાથ જોરથી પકડી પોતાની સાથે પ્રેમ સંબંધ બાંધવા દબાણ કર્યું હતું, પરંતુ કિશોરીએ ઈન્કાર કરી દેતાં ઉશ્કેરાયેલા મુસ્તાકે કિશોરીના ગાલ પર ચાર-પાંચ તમાચા ફટકારી દીધા હતા અને તેને બાથમાં લઇ લીધી હતી. ગભરાયેલી કિશોરીએ બૂમાબૂમ કરતાં સફાઈ કામ કરતી બહેનો બાથરૂમમાં દોડી આવતાં મુસ્તાક તેમને જોઈ નાસી ગયો હતો. બાથરૂમમાંથી નાસી રહેલા મુસ્તાકની વીડિયો ક્લિપ એક જાગૃત બસ કંડક્ટરે તેના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી લીધી હતી.

આ બનાવ અંગે નલિયા પોલીસ મથકે મુસ્તાક વિરુદ્ધ પોક્સોની કલમ ૧૨ તળે ગુનો દાખલ થયો હતો. આ કેસમાં પ્રોસિક્યુશન તરફે રજૂ થયેલા ૫ દસ્તાવેજી પુરાવા અને ૬ સાક્ષીઓની જુબાનીને તપાસી વિશેષ જજ વિરાટ એ બુધ્ધે મુસ્તાક ભજીરને દોષી ઠેરવી બે વર્ષની કેદ અને દસ હજારનો દંડ ફટકાર્યો હોવાનું પ્રોસિક્યુશન તરફે સરકારી વકીલ એચ.બી.જાડેજાએ જણાવ્યું હતું. ■

# રાપરના ચિત્રોડ પાસે અકસ્માત

ભુજઃ અકસ્માત ઝોન બની ચૂકેલા સામખિયાળી-રાધનપુર ધોરીમાર્ગને હાલ સિક્સ લેન બનાવવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે તેવામાં આગળ જોયા વિના ઓવર ટેક કરવા જતાં સર્જાયેલા ગમખ્વાર ત્રિપલ અકસ્માતમાં આઇશર ચાલકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. લાકડિયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, અંજારના દુધઇ ખાતે રહેતો ૨૧ વર્ષીય કુંભાર રમજુ મીઠુ આઇશર ટ્રક લઇને ચાંદ્રાણીથી પલાસવા જવા નીકળ્યો હતો. તે ચિત્રોડ પાવરહાઉસ નજીક પહોંચ્યો ત્યારે આગળ જતા ટ્રેઇલરના ચાલકે તેની આગળ જતી ટ્રકને ઓવરટેક કરતી વેળાએ ટકરાવી દેતાં આ ત્રણે વાહનોની આપસમાં ભીડંત થઇ હતી. આ ઘટનામાં આઇશર ચાલક કુંભાર રમજુનું ગંભીર ઇજાના પગલે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય વાહનોમાં સવાર લોકોને હળવાથી મધ્યમ પ્રકારની ઈજાઓ પહોંચતાં તમામને લાકડિયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ અંગે ગાગોદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# દેશનો જીડીપી વૃદ્ધિદર ૬.૩ ટકા રહેશેઃ એસબીઆઈ રિસર્ચ

નવી દિલ્હીઃ નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસ દ્વારા તેના વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા બીજા ત્રિમાસિકગાળાના અંદાજોમાં કોઈ ફેરફાર ન કર્યો હોવાથી સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા રિસર્ચે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ ૬.૩ ટકાનો મૂક્યો છે. સ્ટેટ બૅન્કે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ૩૬ ઊંચા આવર્તન ધરાવતા પરિમાણોને ધ્યાનમાં લેતાં વર્તમાન નાણાકીય વર્ષના ત્રીજા અને ચોથા ત્રિમાસિકગાળામાં દેશનો જીડીપી અનુક્રમે ૬.૨ ટકા અને ૬.૩ ટકા રહેવાની શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસ (એનએસઓ)એ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાસ્તવિક અને સામાન્ય જીડીપીનો અંદાજ અનુક્રમે ૬.૪ ટકા અને ૯.૭ ટકાનો મૂક્યો છે.

સ્ટેટ બૅન્કે અહેવાલમાં જણાવ્યું હતું કે સ્વસ્થ ગ્રામીણ અર્થતંત્ર થકી એકંદરે સ્થિરતા જળવાઈ રહેવાની સાથે અન્ય ક્ષેત્રોને પણ ટેકો મળતો રહેશે. આ સિવાય ઘરગથ્થુ ધોરણે ફુગાવો ઘટવાની શક્યતાને ધ્યાનમાં લેતા અન્ય ઊંચાં મૂલ્યો ધરાવતી ચીજોનો ખર્ચ વધવાથી માગમાં પણ વધારો થવાની શક્યતા અહેવાલમાં વ્યક્ત કરી છે.

વધુમાં ત્રીજા ત્રિમાસિકગાળામાં મૂડીગત્ ખર્ચમાં પણ સુધારો જોવા મળી રહ્યો છે.

## મલયેશિયા પાછળ આયાતી તેલમાં સુધારાતરફી વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૨૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬૯ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તે જ પ્રમાણે આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હોવાથી દેશી તેલના ભાવમાં પણ સુધારો આવ્યો હતો.

આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડ, કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન તથા સરસવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે શિવાજી જયંતી નિમિત્તે બૅન્કો બંધ રહી હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત પાંખાં રહ્યા હતા અને માત્ર રવાનગીના છૂટાછવાયા કામકાજ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૧૪૦૦ના મથાળે થયાના અહેવાલ હતા.

## એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન તેલખોળની નિકાસ નવ ટકા ઘટી

મુંબઈઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ખાસ કરીને રાયડાખોળ તથા એરંડાખોળની નિકાસમાં ઘટાડો થવાથી કુલ તેલખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૩૯,૭૪,૩૫૧ ટન સામે નવ ટકા ઘટીને ૩૬,૦૩,૦૩૦ ટનની સપાટીએ રહી હોવાનું તાજેતરમાં સ્થાનિક ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને સંકલિત કરેલી આંકડાકીય માહિતમાં જણાવ્યું છે. વધુમાં એસોસિયેશનની માહિતી અનુસાર ગત જાન્યુઆરી મહિનામાં પણ વિવિધ તેલખોળની નિકાસ જાન્યુઆરી, ૨૦૨૪ના ૪,૭૭,૫૮૦ ટન સામે પાંચ ટકાના ઘટાડા સાથે ૪,૫૨,૩૫૨ ટનની સપાટીએ રહી હતી, જેમાં સોયાબીનખોળની નિકાસ ૨, ૮૬, ૨૮૭ ટન, રાયડાખોળની નિકાસ ૧,૩૧,૬૪૧ ટન, સિંગખોળની નિકાસ ૨૬૩૬ ટન, રાઈસબ્રાનખોળની નિકાસ ૬૩ ટન અને એરંડાખોળની નિકાસ ૩૧,૭૨૫ ટનની સપાટીએ રહી હતી. એકંદરે વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન થયેલી કુલ ૩૬,૦૩,૦૩૦ ટન (૩૯, ૭૪,૩૫૧ ટન) તેલખોળની નિકાસમાં ખાસ કરીને રાયડાખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧૮, ૯૫, ૪૫૪ ટન સામે ઘટીને ૧૫,૪૨,૦૩૨ ટનના સ્તરે, રાઈસબ્રાનખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૧, ૫૧, ૬૧૪ ટન સામે ઘટીને ૧૪,૪૫૪ ટન અને એરંડાખોળની નિકાસ ગત સાલના સમાનગાળાના ૩,૨૭,૨૬૧ ટન સામે ઘટીને ૨,૫૮,૦૦૫ ટનની સપાટીએ રહી હતી.

## બેતરફી વધઘટના અંતે સેન્સેક્સમાં ૨૮ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૨ પૉઈન્ટનો ઘસરકો

### વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૧૮૮૧.૩૦ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૧૯૫૭.૭૪ કરોડની ખરીદી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે મુખ્યત્વે આઈટી ક્ષેત્ર સહિતના બ્લ્યુચીપ શૅરોમાં વેચવાલીનું દબાણ રહેતાં બજાર બેતરફી વધઘટના અંતે સાધારણ ઘટાડા સાથે બંધ રહી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૮.૨૧ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૨.૪૦ પૉઈન્ટનો સાધારણ ઘસરકો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ટીસીએસ અને ઈન્ફોસિસમાં જોવા મળેલા બે ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડા ઉપરાંત હિન્દુસ્તાન યુનીલિવર, ભારતી એરટેલ, સનફાર્મા, પાવરગ્રીડ, બજાજ ફિનસર્વ, એચસીએલ ટેક્નોલૉજીસ, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા અને ટેક મહિન્દ્રા જેવી બ્લ્યુચીપ ગણાતી કંપનીઓના શૅરમાં વેચવાલીના દબાણને કારણે બૅન્ચમાર્ક દબાણ હેઠળ રહ્યા હતા.

ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૮૬.૫૬ કરોડની ચોખ્ખી લેવાલી રહ્યા બાદ આજે તેઓની રૂ. ૧૮૮૧.૩૦ કરોડની વેચવાલી જોવા મળી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૯૫૭.૭૪ કરોડની ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૫,૯૬૭.૩૯ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૭૫,૭૮૭.૨૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૫૮૧.૩૮ અને ઉપરમાં ૭૬,૩૩૮.૫૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા અથવા તો ૨૮.૨૧ પૉઈન્ટ ઘટીને ૭૫,૯૩૯.૧૮ના મથાળે બંધ રહ્યો હતો. આમ આજે સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૩૭૧.૧૭ પૉઈન્ટનો સુધારો અને ૩૮૬.૦૭ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૨,૯૪૫.૩૦ પૉઈન્ટના બંધ સામે ૨૨,૮૪૭.૨૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૨,૮૧૪.૮૫ અને ઉપરમાં ૨૩,૦૪૯.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ૦.૦૫ ટકા અથવા તો ૧૨.૪૦ પૉઈન્ટ ઘટીને ૨૨,૯૩૨.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ નિફ્ટીમાં સત્ર દરમિયાન ૧૦૩.૮૫ પૉઈન્ટનો સુધારો અને ૧૩૦.૪૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

એકંદરે આજે સાધારણ નકારાત્મક વલણ સાથે બન્ને બૅન્ચમાર્ક રેન્જ બાઉન્ડ રહ્યા હતા. જોકે, ચોક્કસ શૅરોમાં બાર્ગેઈન હંન્ટિંગ રહેતાં બૅન્ચમાર્કમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૮૬.૫૬ કરોડની લેવાલી રહી હોવાના નિર્દેશોને કારણે નરમાઈ મર્યાદિત રહી હતી. જોકે, અમેરિકાની ટેરિફની નીતિની અનિશ્ચિતતા અને ફેડરલ દ્વારા વ્યાજદરમાં કપાત વિલંબિત થવાની શક્યતા છતાં વર્તમાન નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકગાળાના જીડીપીમાં રિબાઉન્ડ જોવા મળે તેવો આશાવાદ પણ બજારમાં સેવાઈ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં મહેતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના ઉપપ્રમુખ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, રૂપિયામાં નરમાઈ, ટેરિફ વૉર તથા અમેરિકી વેપારની નીતિની અનિશ્ચિતતાઓના વાતાવરણમાં પણ આજે ખાસ કરીને બૅન્કિંગ, ઑટોમોબાઈલ, ટેલિકોમ અને મેટલ જેવાં ચોક્કસ ક્ષેત્રના શૅરોમાં ખરીદદારોનું આકર્ષણ જોવા મળ્યું છે જે એક સકારાત્મક બાબત છે.

આજે બીએસઈ ખાતે ૪૦૭૪ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૭૮૨ શૅરના ભાવ વધીને, ૧૧૮૨ શૅરના ભાવ ઘટીને અને ૧૧૦ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૫૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૩૮૭ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા, જ્યારે ત્રણ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરમાં સૌથી વધુ ૪.૮૬ ટકાનો ઉછાળો ઝોમેટોમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે લાર્સન ઍન્ડ ટૂબ્રો તથા એક્સિસ બૅન્કમાં ૧.૭૭ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૫૦ ટકાનો, ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૧.૧૫ ટકાનો અને કોટક મહિન્દ્રા બૅન્કમાં ૧.૦૯ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૨૮ ટકાનો ઘટાડો ટીસીએસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસમાં ૨.૨૦ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૧.૯૮ ટકાનો, સન ફાર્મામાં ૧.૩૮ ટકાનો અને ભારતી એરટેલ તથા પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૩૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૫ શૅરના ભાવ વધીને અને ૨૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.

આજે બીએસઈ ખાતેના મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૩૦ ટકા અને ૨.૪૧ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે બીએસઈ ખાતે સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં માત્ર ટેક્નોલૉજી, આઈટી અને હૅલ્થકૅર ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૩૧ ટકા, ૧.૨૧ ટકા અને ૦.૩૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડેક્સ સુધારાતરફી રહ્યા હતા, જેમાં ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સ ૨.૫૯ ટકા, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સ ૨.૧૯ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડેક્સ ૧.૭૯ ટકા, સીપીએસઈ ઈન્ડેક્સ ૧.૭૭ ટકા, રિઅલ્ટી ઈન્ડેક્સ ૧.૬૨ ટકા અને પીએસયુ ઈન્ડેક્સ ૧.૫૧ ટકા વધીને બંધ રહ્યો હતો.

દરમિયાન આજે એશિયાની બજારોમાં સિઉલ અને શાંઘાંઈની બજાર સુધારા સાથે બંધ રહી હતી, જ્યારે ટોકિયો અને હૉંગકૉંગની બજાર નરમાઈના ટોને બંધ રહી હતી. તેમ જ યુરોપની બજારોમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

## વૈશ્વિક સોનું ઔંસદીઠ ૨૯૪૬.૮૫ ડૉલરની નવી ટોચેથી પાછું ફરતાં

### સ્થાનિકમાં સોનું રૂ. ૧૦૪૩ ઊછળીને ₹ ૮૬,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૫૪૩ની તેજી સાથે ૯૭,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન ખાતે આજે સત્રના આરંભે સોના અને ચાંદીમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં નરમાઈનું વલણ રહ્યા બાદ પુનઃ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં એક તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૪૬.૮૫ ડૉલરની નવી ઊંચી સપાટી બતાવીને પાછા ફર્યા હતા. તેમ જ ચાંદીમાં પણ સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં આગઝરતી તેજી આગળ ધપી હતી, જેમાં સોનાના વેરા રહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૩૯થી ૧૦૪૩ના ઉછાળા સાથે રૂ. ૮૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫૪૩ની તેજી સાથે રૂ. ૯૭,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૪૩ વધીને રૂ. ૯૭,૫૬૬ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં તેજી આગળ ધપી હતી, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૩૯ વધીને રૂ. ૮૬,૩૮૬ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૪૩ વધીને રૂ. ૮૬,૭૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાચાંદીમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યા બાદ પુનઃ ટેરિફ વૉરની ચિંતા સપાટી પર આવતા સલામતી માટેની માગને ટેકે હાજરમાં એક તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૨૯૪૬.૮૫ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૯૩૫.૧૦ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકો વધીને ૨૯૫૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૮૯ ડૉલર આસપાસના મથાળે ક્વૉટ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે આજે સત્રના આરંભે સોનામાં નફારૂપી વેચવાલીના દબાણને કારણે નરમાઈનું વલણ જોવા મળ્યું હતું, પરંતુ ત્યાર બાદ ટ્રમ્પની ઑટોમોબાઈલ પર ૨૫ ટકા ટેરિફ સહિતની અન્ય રેસિપ્રોકલ ટેરિફ યોજનાને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગને ટેકે સુધારો જોવા મળ્યો હતો. વધુમાં રોકાણકારોની નજર યુક્રેનમાં શાંતિના મુદ્દે અમેરિકા તથા રશિયાની વાટાઘાટો પર હોવાથી સુધારો મર્યાદિત હોવાનું વિશ્લેષકોએ જણાવતા ઉમેર્યું હતું કે આ વાટાઘાટોમાં જો કોઈ નક્કર યોજના ફળીભૂત થશે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે. જોકે, હાલના તબક્કે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૯૭૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૨૮૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં હાલના તબક્કે બજાર વર્તુળોની નજર આજે મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની ગત જાન્યુઆરી મહિનાની નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર પણ સ્થિર થઈ છે. આ મિનિટ્સમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પની નીતિઓની અનિશ્ચિતતાઓ અને તેની અસર અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નહીં તેના પર બજાર વર્તુળોની મીટ છે. ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ આર્થિક અને રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ નિર્માણ થઈ હોવાથી તેમ જ બૃહદ્ આર્થિક, રાજકીય-ભૌગોલિક અને વેપારલક્ષી અનિશ્ચિતતાઓને કારણે રોકાણકારો સોના તરફ વળે તેવી શક્યતા એએનઝેડના વિશ્લેષકે વ્યક્ત કરી હતી.

## પારસી મરણ

નાજુ આદર મેહતા તે આદરના ધન્યાની, તે મરહૂમો જરબઈ દિનશા પટેલના દીકરી. તે મરહૂમો હોમી, કાવસ, સાવક, રુસી, હિલ્લા, આલુ, નરગીસ, ડોલી, પુતલાના બહેન. તે ગુલશન, પરવીન, પોરસના મામી. તે ફેદીના માસી. તે વીલુ ને કૈયઝાદના ફુઈ. (ઉ.વ. ૮૫) રે.ઠેઃ એ-૫૪, યશોધન કો.હા.સો., એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૨-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. રુસ્તમ ફરામ અગ્યારીમાં છે.

ડોલી મીનુ બિલ્લીમોરીયા તે મરહૂમ મીનુના ધન્યાની. તે મરહૂમો નાજામાય દિનશાજી તારાપોરવાલાના દીકરી. તે હુતોક્શી ને ઝરીનના માતાજી. તે મરહૂમો મીનુ ને લક્ષ્મીપ્રસાદના સાસુ. તે મેહરુના ભાઈ. તે અનાહીતા, સાઈરસ, ફિરેદાશ, ફિરોઝી, કુનાલ, ગીતીકા, લકશયના મામીજી. (ઉ.વ. ૯૩) રે.ઠે.: એ-૧/૮એ સુજાતા એપાર્ટમેન્ટ, બંદ ગાર્ડન રોડ, હવેલી, પુણે, ૪૧૧૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૨-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. રુસ્તમ ફ્રામ અગ્યારીમાં છે.

માનેક દારા સુખડવાલા તે મરહૂમો મેહરા દારા સુખડવાલાના દીકરા. તે અદીલ ને હુતોકસીના અંકલ. તે મની, નાનહી, ઝરીન, દૌલત, માહારુખના કઝીન. (ઉ.વ. ૭૫) રે.ઠે.: ૬/૮, રુસ્તમ બાગ, સંત સાવતા મર્ગા, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૨-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. મેવાવાલા અગ્યારીમાં છે.

જેમી દોરાબજી કુરારવાલા તે યાસમીન જેમી કુરારવાલાના ધની. તે મરહૂમો દિના દોરાબજી કુરારવાલાના દીકરી. તે રયોમંદ ને જેહાનના પપ્પા. તે મરહૂમ બાનુ લશકરીના ભાઈ. તે યઝદી ને પરસીયુસના મામા. (ઉ.વ. ૮૫) રે.ઠે.: ગોદરેજ બાગ, એચ બ્લોક, ફ્લેટ નં. ૬, નેપિયનસી રોડ, સીમલા હાઉસ નજીક, કંબાલા હીલ, મુંબઈ-૪૦૦૦૨૬.

## જૈન મરણ

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ રવના લક્ષ્મીબેન ગાલા (ઉ.વ. ૭૪) તા. ૧૭-૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભચીબેન ભુરા અજાના પુત્રવધૂ. શ્રી દેવશી ભુરાના ધર્મપત્ની. જેન્તી, વિનોદ, હરેશના માતુશ્રી. ગીતા, પ્રભા, વર્ષાના સાસુ. રૂષભ, નિરવ, રૂજુ, નિધિ, રિયા, મનના દાદી. કામલબેન અખાના દોહિત્ર. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫, ગુરુવાર, પ્રાર્થના ૧૦.૩૦થી ૧૨.૦૦ શ્રી થાણા વર્ધમાન સ્થા., થાણા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ક. વિ. ઓ. જૈન**

ગોધરાના અ.સૌ. મંજુલા (મધુ) રમણીક ગાલા (ઉ.વ. ૬૭) ૧૬-૨ના હાર્ટફેલથી દેશમાં દેવલોક પામ્યા છે. લક્ષ્મીબેન (જખીબાઇ) નાનજીના પુત્રવધુ. રમણીકના પત્ની. જીગ્ના, અવનીના માતુશ્રી. મઠાંબેન ખીમજીના પુત્રી. વિનોદ, ગોધરા લક્ષ્મી મુલચંદ, બાડા મણી શામજી, મેરાઉ પ્રભા દિનેશના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. નિ. પ્રશાંત શાહ, ૧/૧૧, રૂક્મણી ગોપાલ ભુવન, જેરબાઇ વાડીયા રોડ, પરેલ, મું. ૧૨.

કાંડાગરાના મા. દેવકાબેન નેમજી છેડા (ઉ.વ. ૮૩) તા. ૧૮-૨-૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. મા. પુરબાઈ કરમશી વીરજીના પુત્રવધૂ. નેમજી કરમશીના પત્ની. ડેપાના મા. રતનબેન કરમશી નરશી મામણીયાના સુપુત્રી. કિર્તી, સુરેશ, મિત્તલ (કુસુમ), ચેતનાના માતુશ્રી. ડેપાના ધનજી, ચુનીલાલ, ભવાનજી, મો. ખાખરના જવેર દામજી, બિદડાના ભાનુ વસંતના બેન. પ્રાર્થનાસભાઃ તા. ૨૦-૨-૨૫, ૪થી ૫.૩૦, યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર(ઈસ્ટ).

મેરાઉના અ.સૌ. અનીલા હસમુખ છેડા (ઉ.વ. ૬૪) તા.૧૮-૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબેન કુંવરજી છેડાના પુત્રવધૂ. હસમુખના પત્ની. રીંકેશ, ભાવિનીના મમ્મી. લાયજાના ગંગાબાઈ વિશનજી કાનજીના સુપુત્રી. ખુશાલ, પ્રવિણ, સુશીલા, કેશવજીના બેન. પ્રાઃ શ્રી વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ સંચાલિત શ્રી કરશન લઘુભાઈ નિસર હોલ, દાદર (વે). ટા. ૪થી ૫.૩૦.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

કોઠ ગાંગડ હાલ બોરીવલી શ્રીમતી બેલાબહેન શાહ (ઉ. વ. ૫૬) ૧૮-૨-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સંજયભાઈ શાહના ધર્મપત્ની. વનલીલાબેન હસમુખલાલ શાહના પુત્રવધુ. કાંદીવલી નિવાસી પ્રફુલાબેન હરેન્દ્રભાઈ શાહના સુપુત્રી, આત્મર્પિત હેલી પ્રભુના માતુશ્રી, રાજીવભાઇ હસમુખલાલ, મનીષાબેન હિતેનભાઈ, સેજલબેન જીનેશભાઈના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ ગુરૂવારે રાખેલ છે. સમય ૩.૩૦ થી ૫-૩૦. ઠે. બાપ્સ સ્વામીનારાયણ મંદિર, અજમેર ગ્લોબલ સ્કુલની સામે, યોગીનગર, બોરીવલી, મુંબઈ. ૯૧.

**દિગંબર જૈન મુમુક્ષુ**

વિછિયા નિવાસી હાલ સુરત, સ્વ. દિનેશકુમાર ત્રંબકલાલ ડગલીના ધર્મપત્ની ગં. સ્વ.ચારૂલત્તાબેન (ઉ. વ. ૮૧) ૧૪-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હીરાબેન જગજીવનદાસ શાહના પુત્રી. સ્વ. ચેતન, સમીર, અમિષાના માતુશ્રી. ગં.સ્વ.ભાવનાબેન, હેમલકુમાર કાપડિયાના સાસુ. ભારતી રજનીકાંત, પ્રફુલ્લા સુભાષકુમાર શાહ, ગં. સ્વ. ઇલાબેન નરેન્દ્રકુમાર મહેતાના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ સ્વ. ઉદયશંકર પંડ્યા તથા સ્વ. વિદુબેન પંડ્યાના પુત્ર વિજય પંડ્યા (ઉ.વ. ૬૯) તા. ૧૯-૨-૨૫, બુધવારના રોજ કૈલાશવાસી થયા છે. તે વિશાખાબેનના પતિ. વિશાલ, નિધિના પિતાશ્રી. જીગર, પાયલના સસરા. મહેશભાઈ, કાકુભાઈ, રાજુભાઈ પંડ્યાના નાનાભાઈ. મંછુભાઈ મહેતાના જમાઈ. પ્રકાશભાઈ મહેતા, દિલીપભાઈ મહેતા, મમતાબેન જોષીના બનેવી. (લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી)

**કોળી પટેલ**

ગામ ખરસાડ ઓરી ફળિયું, હાલ મલાડ પૂર્વ સુશીલાબેન મંગળવાર, તા.૧૮-૨-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ.મોતીલાલ ઉંકાભાઈના ધર્મપત્ની. પ્રફુલભાઇ તથા કવિતાના માતા,. હેતલબેનના સાસુ. કૃતિકાના દાદી. તેમનું બેસણું ગુરુવાર તા.૨૦-૨-૨૫ના ૧૧ થી ૫. તેમજ પુષ્પાણી શનિવાર, તા. ૧-૩-૨૫ના ૩ થી ૫. લૌકિક રિવાજ બંધ છે. શ્રાદ્ધની બધી વિધિ તેમના ગામનાં નિવાસસ્થાને કરવામાં આવશે.

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

ચેમ્બુર નિવાસી સ્વ. હરિકૃષ્ણ મગનલાલ નિર્મળના ધર્મપત્ની ભગવતી. તે રાજીવ-અમી, અનુ-અંકુર, રીતુ-દિલીપના માતુશ્રી. યોગેશ-મીના, ચંદ્રકાંત-તૃપ્તિ, દુર્ગાબેન, મનોરમા અને ભારતીના ભાભી. લતાબેન શૈલેષભાઈ શાહ, સ્વ. નીલાબેન દિલીપભાઈ શાહ, સીમાબેન ભરતભાઈ સેઠીના વેવાણ. નલિનીબેન જેઠાલાલ દુબલના દીકરી. બુધવાર, તા. ૧૯-૨-૨૫ના અક્ષર નિવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

દિવ નિવાસી હાલ બોરીવલી હરેન્દ્રભાઈ શાહ (ઉ.વ. ૭૬) તે સ્વ. તારામતી નરોત્તમદાસ વિઠ્ઠલદાસ શાહના પુત્ર. ઉષાબેનના પતિ. રાજીવ અને વિશાલના પિતાશ્રી. અનિષા અને કાજલના સસરા. જીલ, ક્રિષ્ના અને કાવ્યાના દાદા. તે સીમર નિવાસી સ્વ. પ્રભાવંતીબેન કાંતિલાલ શિવલાલ વેણીના જમાઈ તા. ૧૮-૨-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઘોઘારી દશા શ્રીમાળી**

મહુવા નિવાસી હાલ અંધેરી સ્વ. દમયંતીબેન કાંતિલાલ મહેતાના પુત્રવધૂ રીટાબેન અનિલભાઈ મહેતા (ઉ.વ. ૬૮) તા. ૧૯-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અમીત અને નેહલના માતુશ્રી. આરતી અને જીજ્ઞેશકુમારના સાસુ. કોમલના દાદી. સ્વ. પ્રફુલાબેન, રમેશભાઈ, સ્વ. રેખાબેન, સ્વ. જયશ્રીબેન અને મુકેશભાઈના ભાભી. સ્વ. રંજનબેન ચિમનલાલ ફુલચંદ મહેતાની સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ના ગુરુવારે ૪થી ૬. સ્થળઃ સિમ્ફની બેન્કવેટ, નિયર વિજય નગર સોસાયટી, ડી-માર્ટની બાજુમાં, અંધેરી (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ભાવનગરી મોચી**

તલગાજરડા નિવાસી હાલ બોરીવલી હરેશભાઈ નાગજીભાઈ સોડોગર (ઉ.વ. ૭૦) તા. ૧૮-૨-૨૫ને મંગળવારના રામશરણ પામ્યા છે. તે ઈન્દુબેનના પતિ. રાકેશભાઈ, પંકજભાઈ, કૈલાસબેનના પિતાશ્રી. સ્વ. દેવજીભાઈ, કનુભાઈ, લાભુભાઈ, જયાબેનના ભાઈ. ચંદ્રીકા, ચાંદની, નિલેશભાઈના સસરા. રાજુભાઈ પ્રાગજીભાઈ ચુડાસમાના બનેવી. ધૃવિત, ધૈર્ય, સ્મીત, વિહાનના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ને ગુરુવારે ૫થી ૭. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી (ઈસ્ટ).

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જૂનાગઢ૦ હાલ નાલાસોપારા વ્રજલાલ કાંતિલાલ ચંદારાણાના ધર્મપત્ની ઉષાબેન (ઉ.વ.૮૨) ૧૯.૦૨.૨૫ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે, તે ભાવિક, છાયા જસમીન મીરાની , રેખા જયેશ મહેતા, તેજલ સંજય મિસ્ત્રીના માતુશ્રી. હીરાભાઈ, મુકેશભાઈ, સુશીલાબેન ગોરધનદાસ ઠક્કર, જયશ્રીબેનના ભાભી. સ્વ. જયાબેન જયંતીલાલ દક્ષિણીના દીકરી, સ્વ. જસવંત જે દક્ષિણી, ગ. સ્વ. પ્રમિલાબેન, ગં. સ્વ. પદ્મિનીબેન, સ્વ. ચંદ્રિકાબેનના બેનની પ્રાર્થનાસભા ૨૦ / ૨/૨૫ના ગુરુવારે ૪ થી ૫.૩૦. ઠે. ક. વિ. ઓ. જૈન સ્થાનક, રામદેવ ઝેરોક્ષની ઉપર, રાધાકૃષ્ણ હોટેલની સામે, તુલિન્જ રોડ નાલાસોપારા (પૂર્વ) .

**હાલાઈ લોહાણા**

ગામ ગાગા હાલ કાંદિવલી સ્વ. સાકરબેન કુરજી મશરૂના પુત્ર રમેશ મશરૂ (ઉં. વ. ૬૪ ) તે રશ્મિબેનના પતિ. વિધિ વિનોદકુમાર ભાટીયા, હિરલ ધવલકુમાર ઠક્કરના પિતા. સ્વ. નગીનભાઇ, બાબુભાઇ, અમૃતલાલ, સ્વ. જિતેન્દ્રભાઇ, ગં. સ્વ. સવિતાબેન ગોકલદાસ, ગં. સ્વ. વસુબેન જયંતિલાલ, પુષ્પાબેન જગદીશકુમારના ભાઇ. સ્વ. સવિતાબેન ગાંડાલાલ કક્કડના જમાઈ. મિશિકા, યશ્વી, અવિશીના નાના. ૧૮/૨/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૦/૦૨/૨૫ ગુરૂવારે ૫ થી ૬.૩૦. ઠે. હોલ નં. ૫, થટાઈ ભાટિયા સેવા ફંડ, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**પાવરાઈ ભાટિયા**

હાલ કાંદિવલી સંગીતા રાયગગા (ઉં. વ. ૬૪) તે સ્વ. વિનય રાયગગાના પત્ની. સ્વ.તેરસી રાયગગાના પુત્રવધૂ, ઝીલના મમ્મી, સ્વ. વિજયસિંહ માધવજીના પુત્રી. સંદિપ, સંજય ઉદેશીના બેન. બુધવાર ૧૯-૦૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧-૦૨-૨૫, શુક્રવારના ૫ થી ૭. ઠે. ઠઠાઈ ભાટિયા હાલ , શંકર ગલી, કાંદિવલી, મુંબઈ- ૬૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ તરપાળા હાલ વિદ્યાવિહાર, મંગળજી હમીર સોલંકીના પત્ની કેસરબેન (ઉં.વ.૭૯) તા.૧૪-૨-૨૫ના રામશરણ પામ્યાં છે. તે હરીશ, હેમંત અને નિર્મલના માતા. વૈશાલીના સાસુ. શ્રેયસના દાદી. સ્વ. ક્લુબેન અને સ્વ. પીઠા દેવજી રાઠોડના દીકરી. સ્વ. ડોસુભાઈ ચૌહાણના ભાણેજ. તેમના બારમાની વિધિ ૨૦-૨-૨૫ના પાંચ વાગ્યે ઈન્દિરાનગર કો.ઓપ સોસાયટી, એ વિંગ, વિદ્યાવિહાર (પશ્ચિમ).

**સોરઠિયા સારસ્વત બ્રાહ્મણ**

માંગરોળ નિવાસી હાલ વાલકેશ્વર, સ્મિતેશ (ઉં. વ. ૪૯) તે કાંતાબેન ઈન્દુભાઈ હરજીવન જોશીના પુત્ર તા.૧૬-૨-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે રાખીબેનના પતિ. સોહમના પિતાશ્રી. અજય, નીલાંજ, ભારતી પ્રમોદ ગોસરાણી, જીજ્ઞાશા કિરીટ અધ્યારૂ, દિમી કેતન ભટ્ટના નાનાભાઈ, રેખાબેન પ્રવિણચંદ્ર રેવાશંકર જોશીના જમાઈ. નિખિલ જોશીના બનેવી. પ્રાર્થનાસભા ૨૧-૨-૨૫ના શુક્રવાર ૫ થી ૭. ઠે. બ્લેવેટસ્કિ હોલ પાટીદાર હોલની સામે, ફ્રેન્ચ બ્રિજ, ઓપેરાહાઉસ, મુંબઈ.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

કાનપર નિવાસી હાલ પરેલ કાનજીભાઈ હરિલાલ ગોહિલ (ઉં. વ. ૯૬) ૧૭-૨-૨૫ને સોમવારે રામચરણ પામેલ છે. તે સ્વ.મંગળાબહેનના પતિ. યોગેશ ગોહિલના પિતા. સંધ્યાના સસરાજી. દશ્ય અને જનમના દાદા. સ્વ.અરવિંદભાઈ નરોત્તમભાઈ વાઘેલાના વેવાઈ. સ્વ.જેકુરબહેન, સ્વ.ગોદાવરીબહેન, સ્વ.ગંગાબહેનના ભાઈ. તેમની સાદડી તા.૨૦-૨-૨૫ના ગુરુવારે ૪ થી ૬. પી/૮ રૂપારેલ અરિયાના, જેરબાઈ વાડિયા રોડ, વિઠ્ઠલમંદિરની પાછળ, ટી. બી. હોસ્પિટલની બાજુમાં, પરેલ-શિવડી, મુંબઈ-૧૫.

**હાલાઇ લોહાણા**

કુસુમબેન મહેન્દ્રભાઈ દત્તાણી (ઉં. વ. ૭૯) તે ભાણવડ, હાલ કાંદિવલી, તે સ્વ.શાંતાબેન છગનલાલ ગણાત્રાના દીકરી. મનીષા વિજય ચોરેરા, સ્વ.સુનિલના માતુશ્રી. સ્વ.વસંત દ્વારકાદાસ દત્તાણી, રસીલા જયંતીલાલ કક્કડના ભાભી. સ્વ.દમયંતી કાંતિલાલ કોટક, સ્વ.જયંતીલાલ છગનલાલ ગણાત્રાના બહેન. વત્સલના નાની. ૧૮-૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ ગરાળ હાલ મલાડ, સ્વ.ગંગાબેન ભગવાનભાઇ પરમારના પુત્ર બચુભાઈ પરમાર (ઉં. વ. ૬૨) તે સ્વ. શાંતાબેન દેવજીભાઈ સિધ્ધપુરાના જમાઈ. સ્વ. શારદાબેનના પતિ. રૂષિક, દક્ષા અર્જુનભાઈ નાટેકરના પિતા. સ્વ. ગભરુભાઈ, સ્વ. વનમાળીભાઈ, સ્વ. હરજીવનભાઈ, સ્વ. છગનભાઇ, સ્વ. સવિતાબેન પુરુષોત્તમભાઈ મકવાણા, હંસાબેન હિંમતભાઈ કવા, વેલુબેન નરસિંહભાઈ સોલંકીના ભાઈ. ૧૫-૨-૨૫ના રામશરણ પામેલ છે. તેમની સાદડી ૨૧-૨-૨૫ના ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**મોચી**

મૂળગામ પાલીતાણાવાળા હાલ બોરીવલી, ગં. સ્વ.મુક્તાબેન તથા સ્વ. મગનલાલ બાબુભાઈ મકવાણાના પુત્ર વિજયભાઈ મકવાણા (ઉં. વ. ૬૦) ૧૮-૨-૨૫ના રામશરણ પામેલ છે. તે રેખાબેન ના પતિ. હની, ચિરાગના પિતા, બીજલના સસરા. હસમુખભાઈ, વ્યોમશભાઈ, કલ્પનાબેન શાંતિભાઈ ગોહિલના ભાઈ. સાસરાપક્ષે સુરતવાળા સ્વ. ગોદાવરીબેન, સ્વ. નરસિંહભાઈ કાનજીભાઈ ચૌહાણના જમાઈ. તેમની સાદડી ૨૦-૨-૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ભાટિયા**

પ્રેમ ભાટિયા (ઉં. વ. ૫૮) ૧૮-૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. સ્વ. ધર્માદાય ભાટિયા તથા સ્વ. રાજેશ્વરી ભાટિયાના પુત્ર. સ્વ. દેવકિશન કિલકા, સ્વ. પદમીનીબેનના જમાઈ. સ્વ. સંજય, કનલ, વિજય તથા મનોજના ભાઈ. મહેકના પિતા. પ્રાર્થનાસભા (પરછ) ૨૦-૨-૨૫ના ૫ થી ૫.૩૦. ઠે. ઠક્કાઈ ભાટિયા પંચાયત હોલ, બીજે માળે, બજાજ ક્રોસ રોડ, કાંદિવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔ. બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ ઉમરગામ યશવંતભાઈ નંદલાલભાઈ કાશીરામ પંડ્યા (ઉં. વ. ૭૩) ૧૭-૨-૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે રશ્મિબેનના પતિ. ભાવિની તથા નિધિના પિતા. નેહલકુમાર સુરા, વિરલકુમાર દેસાઈના સસરા. મનહરભાઈ, મહેશભાઈ, વર્ષાબેન, પન્નાબેનના ભાઈ. નાગધણીબાના જોષી શિવશંકર નરશીદાસના જમાઈ. પ્રાર્થનાસભા ૨૦-૨-૨૫ના ૩ થી ૫. અંબામાતા મંદિર, પ્રાર્થનાસભા હોલ, ઉમરગામ રાખેલ છે.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. હીરાલક્ષ્મીબેન ધીરજલાલ મહેતાના પુત્ર રમેશચંદ્ર (ઉં. વ. ૭૮) ૧૭-૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. કુંદનબેનના પતિ. વિશાલ-કવિતા, દેવાંગ-મોનીકાના પિતા. સ્વ. ભુપેન્દ્રભાઈ, સુરેશભાઈ, ઉષા મહેન્દ્રભાઈ સંઘવી, હરીશ, સ્વ. રાજુના મોટાભાઈ. ભાવનગરવાળા સ્વ. કુસુમબેન તથા સ્વ. હરકિશનદાસ રતિલાલ મોદીના જમાઈ. ડોળીયાવાળા સ્વ. મથુરાદાસ મકનદાસ ગાંધીના દોહિત્ર. પ્રાર્થનાસભા ૨૦-૨-૨૫ના ૫ થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ વસાઇ/ મુડેટી હાલ મલાડ, ગં. સ્વ. શારદાબેન દવે (ઉં. વ. ૯૧) સ્વ. રામશંકર કાશીરામ દવેના ધર્મપત્ની. વિષ્ણુપ્રસાદ, કમલેશ, કેતન, સરોજ સુરેશચંદ્ર ત્રિવેદી, ચંદ્રિકા શૈલેષ પાધ્યા, જીજ્ઞા વિજય શાહના માતુશ્રી. અ. સૌ. ઊર્મિલા વિષ્ણુપ્રસાદ, અ. સૌ. ચેતના કમલેશના સાસુ. તા.૧૭-૨-૨૫ના દેવલોક પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧-૨-૨૫ના ૫ થી ૭. સ્વામિનારાયણ સંસ્કારધામ, અક્ષરધામ કોમ્પલેક્ષ, સી - બિલ્ડિંગ, ૩ જે માળે, નીલગીરી એપાર્ટમેન્ટની બાજુમાં, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ).

**રૈકવ બ્રાહ્મણ**

દેવગાણા નિવાસી હાલ મુંબઈ સ્વ. પ્રવીણચંદ્ર દામોદરદાસ પંડ્યા તથા ગં. સ્વ. મીનાક્ષીબેન પ્રવીણચંદ્ર પંડ્યાના પુત્ર સ્વ. હિતેશકુમાર પંડ્યા (ઉં. વ. ૫૦) તે ભારતી (ફોરમ)બેનના પતિ. દેવભાઈના પિતા. કલ્પેશ ભાઈના ભાઈ. દિપાલીબેનના જેઠ. તે અમૃતલાલ પી મકવાણાના જમાઈ તા.૧૭-૨-૦૨૫ને સોમવારે કૈલાશવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ ગુરૂવારે ૪ થી ૬. ઠે. ૧૦૪/બી, સાલાસર પાર્ક ૬૦ ફિટ રોડ, મધુ અગ્રવાલ હોસ્પિટલની સામે, ભાયંદર(વેસ્ટ).

## ટીનની આગેવાની હેઠળ ધાતુમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલીને ટેકે ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૫નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીનની આગેવાની હેઠળ તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગત સપ્તાહે વૈશ્વિક સ્તરે કોપરના ભાવમાં ચમકારો આવ્યા બાદ હાલમાં લંડન ખાતે ઊંચા મથાળેથી કોપરમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ધીમો ઘટાડો આવી રહ્યો છે. તેમ જ આજે પણ સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ટનદીઠ ૯૪૧૮.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા તેમ જ અન્ય ધાતુઓના ભાવમાં સાંકડી વધઘટે મિશ્ર વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીનમાં સતત છઠ્ઠા સત્રમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫ની આગેકૂચ સાથે રૂ. ૨૯૦૬ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં છ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૮નો ઉછાળો આવી ગયો છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી



# કૉંગ્રેસ અધિવેશનનાં અધ્યક્ષ પદ માટે મારું નામ પસંદ કરવામાં આવ્યું

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

(ભાગઃ ૩)

**નામઃ અરૂણા આસફ અલી**
સમયઃ ૧૯૯૪
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૮૬ વર્ષ

**અમારા** લગ્નની પહેલાં ૯ ઓગસ્ટ, ૧૯૨૫ ના રોજ એક ટ્રેનની સશસ્ત્ર લૂંટ થઈ. આ લૂંટ ટ્રેનના અંતિમ મુકામ લખનૌના ઉત્તર-પશ્ચિમમાં લગભગ ૧૦ માઈલ (૧૬ કિમી) દૂર કાકોરી શહેરમાં થઈ હતી. હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશન (HRA), સશસ્ત્ર બળવો સહિત ક્રાંતિ દ્વારા ભારતને બ્રિટિશ શાસનમાંથી મુક્ત કરવા માટે સમર્પિત એક જહાલવાદી સંગઠનના સભ્યોએ આ લૂંટ કરી. હુમલાના એક મહિનાની અંદર, બે ડઝનથી વધુ HRA સભ્યોની કાવતરું ઘડવા અને કૃત્ય આચરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. વધુ ધરપકડો થઈ, અને કુલ મળીને લગભગ ૪૦ લોકોને પકડવામાં આવ્યા. ટ્રાયલ લગભગ ૧૮ મહિના સુધી ચાલુ રહી, આખરી ચુકાદો ૬ એપ્રિલ, ૧૯૨૭ના રોજ સંભળાવવામાં આવ્યો હતો.બાકીના મોટાભાગના પ્રતિવાદીઓને ૧૪ વર્ષ સુધીની જેલની સજા આપવામાં આવી હતી. આ કેસ આસફ અલી લડ્યા. હું રોજ એમના સમાચારો વાંચતી... ત્યારે કલ્પના નહોતી કે હું આ માણસને મારા જીવનસાથી તરીકે પસંદ કરીશ અથવા એ મને એમના જીવનસાથી તરીકે સ્વીકારશે.

૨૦ વર્ષ મોટા મુસ્લિમ સાથે લગ્ન કર્યાં... માતા-પિતા સાથેનો સંબંધ તૂટી ગયો. એમના સિવાય પણ અનેક સગાં અને મિત્રોએ મને કહ્યું કે હું ભૂલ કરું છું. મારું હૃદય મને કહેતું હતું કે, આસફ અલી જ મારા જીવનસાથી છે. હું એમના વગર નહીં જીવી શકું, એવું મને લાગવા માંડ્યું હતું. આસફે પણ મને સમજાવી હતી. અમારી વચ્ચેના ઉંમરના તફાવતને લઈને એ પણ ચિંતિત હતા. એમને લાગતું હતું કે, હું પરિપક્વ નથી. મારો નિર્ણય, આકર્ષણ અને અણસમજભર્યો છે. જોકે, વર્ષો ગયા એ પછી એમણે સ્વીકાર્યું કે, મેં સમજી-વિચારીને પૂરી જવાબદારી સાથે આ લગ્નનો નિર્ણય કર્યો હતો.

અમારા લગ્નમાં રોમાન્સ ઓછો હતો, એવું કહું તો ચાલે કારણ કે, અમે બંને જણાં સતત સ્વાતંત્ર્ય સંગ્રામની લડતને કારણે જુદાં જુદાં શહેરોમાં પ્રવાસ કરતાં રહેતા. ક્યારેક કૉંગ્રેસની મીટિંગ તો ક્યારેક કેસ માટે આસફ પણ દિલ્હીની બહાર ઘણું રહેતા તેમ છતાં, અમે જેટલો સમય સાથે વિતાવ્યો એ ખૂબ અદભુત અને સ્નેહાળ સમય છે. મારી પાસે એમની ખૂબ સુખદ સ્મૃતિઓ છે.

૮ ઓગસ્ટ, ૧૯૪૨. અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિએ મુંબઈ અધિવેશનમાં 'ભારત છોડો'નો પ્રસ્તાવ પસાર કર્યો. આ એક આંદોલન હતું જેનું લક્ષ્ય ભારતમાંથી બ્રિટિશ સામ્રાજ્યને સંપૂર્ણપણે ખતમ કરવાનું હતું. આ ચળવળની શરૂઆત મહાત્મા ગાંધીએ અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિના મુંબઈ અધિવેશનમાં કરી હતી. ભારતને આઝાદ કરવા માટે તે બ્રિટિશ શાસન સામે



સવિનય આજ્ઞાભંગની ચળવળ હતી. મુંબઈ અધિવેશનમાં ગાંધીજીએ જેવો આ પ્રસ્તાવ જાહેર કર્યો એ પછી કૉંગ્રેસના બધા મોટા નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી. હવે કૉંગ્રેસ અધિવેશનનું અધ્યક્ષ પદ કોણ સંભાળે એવો પ્રશ્ન ઊભો થયો. મારી અસમંજસ અને સુખદ આશ્ચર્ય સાથે અધ્યક્ષ તરીકે મારું નામ પસંદ કરવામાં આવ્યું. મુંબઈના ગોવાલિયા ટેન્ક વિસ્તારમાં કૉંગ્રેસ પક્ષનો ઝંડો મેં લહેરાવ્યો અને આંદોલનની વિધિવત શરૂઆત કરી. એ સમયે એક પણ મોટા નેતાના પ્રત્યક્ષ નેતૃત્વનો લાભ અમને મળતો નહોતો તેમ છતાં, હવે ભારતીય યુવા જાગી ગયો હતો અને એને પણ આઝાદીની એટલી જ ઝંખના હતી. નાની મોટી તોડફોડ અને ધરપકડના કિસ્સા બન્યા, પરંતુ આઝાદી મેળવવાની ઈચ્છા એટલી તીવ્ર હતી કે, હવે કોઈને ધરપકડ કે અંગ્રેજ સરકારની જેલનો ડર નહોતો રહ્યો.

એ ગાળામાં ઉષા મહેતા સાથે મળીને મેં રેડિયો પણ ચલાવ્યો. જેમાં અમે સૌ ગાંધીજી અને એની સાથે જોડાયેલા તમામ સમાચારો રજૂ કરતા. કેટલાક મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરતા. એ જ ગાળામાં ડૉ. રામમનોહર લોહિયાએ કૉંગ્રેસની માસિક પત્રિકા 'ઈન્કલાબ'નું કામ મને સોંપ્યું. આ બધું કામ સંપૂર્ણપણે જવાબદારીથી સંભાળીને મેં મહાત્માજીની શાબાશી મેળવી. એ સમયમાં આ બધું કામ કોઈ સંભાળી શકે એમ નથી એવું લાગતા સૌએ મને ગુપ્તવાસમાં રહીને આ કામ કરવાની સલાહ આપી. ૧૯૪૨ના અંતમાં હું ભૂગર્ભવાસમાં ચાલી ગઈ. એ સમયે મારી શોધ એટલી ભયાનક રીતે કરવામાં આવતી હતી કે કેટલાય લોકોના ઘરમાં ઘૂસીને અંગ્રેજ સરકાર મને શોધતી હતી. મહાત્માજીએ મને સંદેશો મોકલ્યો કે, મારે સરેન્ડર કરી દેવું જોઈએ, પરંતુ મારા પતિ આસફ અલીએ મને સરેન્ડર કરવાની ના પાડી. અંગ્રેજ સરકારે મારા ઉપર પાંચ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. મહાત્માજીએ મને પત્ર લખ્યો કે, મારે સરેન્ડર કરીને એ પાંચ હજાર રૂપિયા હરીજન કલ્યાણ માટે વાપરવા જોઈએ, પરંતુ મેં સ્પષ્ટપણે ના પાડી, જેનાથી મહાત્માજી નારાજ થયા.

૧૯૪૨થી શરૂ કરીને ૧૯૪૬ સુધીનો સમય મારા ભૂગર્ભવાસનો સમય હતો. આ સમય દરમિયાન આસફ અલીએ મને ઘણો સાથ આપ્યો. છુપાવવાનાં સ્થળો, એક સ્થળેથી બીજે સ્થળે જવા માટેની વ્યવસ્થાથી શરૂ કરીને મારા આગોતરા જામીન સુધીની વ્યવસ્થા સાથે એ સતત તૈયાર રહેતા. જયપ્રકાશ નારાયણ એમને વારંવાર મદદ કરતા.

૨ સપ્ટેમ્બર, ૧૯૪૬ના દિવસે જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં બનેલી ભારત સરકારના રેલવે અને પરિવહનના પ્રભારી તરીકે આસફ અલીએ જવાબદારી સંભાળી ત્યારે ૧૯૪૬માં જ્યારે મારા ગિરફતારીના વોરંટને પાછું ખેંચવામાં આવ્યું ત્યારે મેં ફરી એકવાર જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. જોકે, '૪૨થી '૪૬ દરમિયાન મને ઘણું બધું સમજાયું હતું. જેમને આપણે પોતાના ગણીએ છીએ એ કેટલીકવાર આપણને કઈ રીતે દગો કરી શકે એનો અનુભવ મને આ ભૂગર્ભવાસ દરમિયાન થયો. જોકે, હું હારી નહોતી. જાહેર જીવનમાં પાછા ફર્યા પછી મેં કૉંગ્રેસ છોડવાનો નિર્ણય કર્યો.

આ ભયાનક ક્રાંતિકારી અને લોકોની નજરમાં કૉંગ્રેસને હચમચાવી મૂકનારો નિર્ણય હતો. '૪૬થી '૪૮ની વચ્ચેના સમયમાં ભારત આઝાદ થયું. કૉંગ્રેસે પોતાની સરકાર રચી અને દેશની બાગડોર સંભાળી. મહાત્માજીના અવસાન પછી કૉંગ્રેસની સ્થિતિ ડામાડોળ થઈ ગઈ. જે લોકોને સ્વતંત્રતાના સંગ્રામ સાથે કોઈ નિસ્બત નહોતી એવા લોકો મંત્રીપદ પામ્યા. ભારતની આઝાદીનો મૂળ વિચાર ખોવાઈ ગયો અને કૉંગ્રેસના મૂળ ધ્યેય પણ ભૂલાવા લાગ્યા ત્યારે મેં પક્ષ છોડી દીધો.

૧૯૪૭ના ફેબ્રુઆરી મહિનામાં આસફ અલીને અમેરિકાના પહેલા ભારતીય રાજદૂત બનાવીને મોકલવામાં આવ્યા. હું પણ સાથે ગઈ. એ સમય દરમિયાન રાજકારણમાંથી થોડો સમય દૂર રહેવાનું મેં નક્કી કર્યું હતું. ૧૯૪૬ પછી મને સમજાયું હતું કે, ભારતીય રાજકારણ હવે ખોટી દિશામાં આગળ વધી રહ્યું છે. ૧૯૪૮માં હું સમાજવાદી પક્ષ સાથે જોડાઈ. ત્યાં પણ એવો કોઈ આનંદદાયક કે પ્રોત્સાહન અનુભવ મળ્યો નહીં. ૧૯૪૯ સુધી હું ભારત અને અમેરિકા વચ્ચે અવરજવર કરતી રહી, પરંતુ ભારતની બગડતી સ્થિતિ અને ગૂંચવાતા જતા રાજકારણમાં મારો અવાજ દબાઈ ગયો. (ક્રમશઃ)■

# અણસમજનું ઈનામ

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

**અમી** અને સારા વચ્ચે બાળપણથી ગાઢ મિત્રતા. બાલમંદિરમાં મળેલાં ત્યારથી લઈને હાઈસ્કૂલ સુધીમાં એકસરખા શોખ અને વિચારસરણીના કારણે એમની વચ્ચે એક અતૂટ બંધન રચાતું ગયેલું. વર્ષો વીતતાં ગયાં એમ એમની મિત્રતા મજબૂત થતી ગઈ. એકબીજાં ઉપર આધાર રાખવાની ટેવ પડતી ગઈ. રાત્રે મોડે સુધી વાતો કરવી, એકબીજાંની ખાનગી વાતો જાણવી અને આપેલાં પ્રોમિસ પાળવાં. દરેક જગ્યાએ એકબીજાંની સાથે રહેવું, ઓથ આપવી એ જાણે એમના જીવનમાં વણકહ્યું વણાઈ ચૂક્યું હતું, પણ તરુણાવસ્થા આવતાં જ એનો પરચો બંનેની જિંદગીમાં શરૂ થઈ ગયો હતો.

બંન્નેને પોત-પોતાની રીતે ટીનએજ ટેન્ટ્રમ્સ આવતા. ટીનએજ ક્રશ પણ થતા અને ટીનએજ પ્રેમના ઉભરા પણ આવતા, જેમાં અમીને પોતાની સ્કૂલનો જ કોઈ સિનિયર છોકરો જબરદસ્ત ગમવા લાગ્યો હતો. એની સિનિયોરિટી, સ્પોર્ટ્સમેન સ્પિરિટ, કૉન્ફિડન્સ અને પર્સનાલિટીએ અમીનાં હૃદય ઉપર કબજો જમાવી લીધેલો. અમીએ પોતાના મનમાં ઉદ્ભવતી આવી ફીલિંગ્સ વિશે કોઈને વાત નહોતી કરી.. પણ સારા તો જાણે એના આત્માનો બીજો ભાગ હતો એટલે એને કહ્યા વગર તો અમીથી રહેવાય એમ નહોતું. એણે આ ઊછળતી લાગણીઓની વાત માંડીને સારાને કરી. એટલું જ નહીં, રોજે રોજ પોતે જે પણ કંઈ અનુભવતી એને સારા તરફ વહાવી દેતાં અચકાતી નહીં. સારા આ બધી વાત સાંભળતી ખરી, પણ અંદરથી એને કંઈક ખૂંચ્યા કરતું. હંમેશા બંન્નેમાંથી પોતે એવી હતી કે જેની તરફ લોકોનું ધ્યાન ખેંચાતું. અમી કરતાં એ વધુ ખીલેલી ને ખૂલેલી હતી. નાનપણથી અમી લગભગ એના પડછાયામાં જીવતી હતી, પણ હવે અમી પોતાની રીતે વિચારવા ને વર્તવા સ્વતંત્ર હતી એ વાત સારાને બિલકુલ પચતી નહોતી.

અમી જ્યારે પેલા છોકરાની વાતો કરે ત્યારે એ માત્ર માથું હલાવી હકાર ભણતી. એવામાં એક દિવસ અમીનું એક્સાઈટમેન્ટ ટોચ પર પહોંચી ગયેલું. એનો પેલા સિનિયર છોકરા સાથે સ્કૂલ બાદ કાફેમાં જવાનો પ્લાન બન્યો હતો. વાત જાણી સારાએ પ્રશ્ન કર્યોઃ 'તું સાચું કહે છે?'

એ બે ઘડી એવું સાંભળવા તરસી રહી કે અમી એમ કહે કે, ના હું તો મજાક કરું છું, પણ અમી મજાક નહોતી કરતી. સારાએ આખી વાત સાંભળી લીધી, પણ સામે કંઈ જ પ્રતિકાર આપ્યો નહીં. એ દિવસે એના મગજ પર ઈર્ષ્યા સવાર થઈ. એણે પોતાનો ફોન ઉપાડ્યો. એકાદ ક્ષણ માટે કદાચ અચકાઈ અને પછી અમીની મમ્મીને એક મેસેજ ટાઈપ કર્યોઃ

'આંટી, હું ખરેખર બહુ ચિંતામાં છું. અમી અમારા એક સિનિયર સાથે ફરી રહી છે અને હું નથી ઇચ્છતી કે એ કોઈ મુશ્કેલીમાં મુકાઈ જાય.. એટલે હું તમને આ વાત કરું છું.'

સારા બીજો કોઈ વિચાર કરે એ પહેલાં મેસેજ સેન્ટનું બટન દબાઈ ચૂક્યું હતું. મિસાઈલ છૂટી ગયું હતું અને હવે અમીની દુનિયા ધારાશાયી થવા માટે બિલકુલ વાર ન હતી. અમીની મમ્મીએ તુરંત અમીને બોલાવીને પૂછ્યુંઃ 'આ તારા વિશે શું ચર્ચાઈ રહ્યું છે? કયા સિનિયર છોકરાની વાત છે? તું સ્કૂલમાં ભણવા જાય છે કે આવું બધું કરવા?'



અમીનો ચહેરો સાવ ફિક્કો પડી ગયો. એણે સામે પ્રશ્ન કર્યોઃ

'તને આવું કોણે કહ્યું?' એની મમ્મીએ જવાબ ના આપ્યો, પણ એટલું કહી દીધું કે 'આજથી તારું બહાર જવાનું બંધ અને મારે આ વિશે એક પણ શબ્દ તારી પાસેથી સાંભળવો નથી.'

અમી તો એટલી ડઘાઈ ગયેલી કે સામે કોઈ જવાબ હાલ તો આપી શકે એમ નહોતી. એ દિવસે સ્કૂલે જતાં રસ્તામાં એના મગજમાં એક જ વિચાર ઘૂમતો હતો. આ વાતની સારા સિવાય કોઈને ખબર નહોતી અને સારા મારી સાથે આવું કરી જ ના શકે. તો પછી આવું કેમ થયું?

અમી રિસેસમાં સારા પર વરસી પડી. એના હાથ ગુસ્સાથી ધ્રૂજવા લાગ્યાઃ

'તેં જ મારી મમ્મીને કહી દીધું ને..?!' અમીના આવા સીધા પ્રહાર સામે સારા થોડીક ગિલ્ટ સાથે પોતે નિર્દોષ હોવાનો ડોળ કરવા લાગી. અમીની આંખોમાં આંસુ ધસી આવ્યાં. ધ્રૂસકા ભરતાં એ બોલીઃ

'મેં તારા પર ભરોસો કર્યો. મેં તને બધું જ કહ્યું અને તેં મારી લાગણીઓનો વિશ્વાસઘાત કર્યો.'

સારા પાસે સ્વબચાવના કોઈ શબ્દો નહોતા. એ અમી સામે આંખ મિલાવી શકે એમ નહોતી.

અમીએ ઊંડો શ્વાસ લીધો. એનું હૃદય જોરથી ધડકી રહ્યું હતુંઃ 'સારા, આજથી આપણી દોસ્તી ખતમ!' આટલું એ માંડ બોલી શકી પછી એ ત્યાંથી ચાલવા લાગી. સારાને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે મોડું થઈ ચૂકેલું. એ પોતાની બેસ્ટ ફ્રેન્ડને પોતાનાથી દૂર થતાં જોઈ રહી હતી. જોકે, એને એ સમજાઈ નહોતું રહ્યું કે આજે તરુણાવસ્થાની અણસમજુ ઈર્ષ્યાનું આ કેવડું મોટું 'ઇનામ' એને બક્ષિસમાં મળ્યું છે. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

# વુશુ વિશ્વ ચેમ્પિયનશિપમાં ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય

# પૂજા કાદિયાન



ચીની શબ્દ વુ અને શુ મળીને બનેલા વુશુ શબ્દનો અર્થ માર્શલ આર્ટ્સ થાય છે. વુનો અર્થ સૈન્ય અથવા માર્શલ થાય છે અને શુનો અર્થ કળા, કુશળતા અથવા પદ્ધતિ થાય છે. તે એક શબ્દ તરીકે માર્શલ આર્ટ તરીકે અંગ્રેજીમાં સામેલ કરવામાં આવ્યો છે. એ રીતે વુશુનો અર્થ લડવાની કળા અથવા આત્મરક્ષણ કરવા માટેની કળા પણ કહી શકાય. વુશુ ટોલૂ અથવા તાઓલૂ અને સાંડા અથવા સંશો, એમ બે સ્વરૂપના મિશ્રણથી બનેલું છે. ટોલૂ કે તાઓલૂમાં માર્શલ આર્ટ પદ્ધતિ, કલાબાજી અને તક્નિકોનો સમાવેશ થાય છે. સાંડા કે સંશો ચીની મુક્કેબાજીનું આધુનિક સ્વરૂપ છે. એમાં બોક્સિંગ અને કિકબોક્સિંગનો સમાવેશ થાય છે. આ વુશુએ એક ખેલ તરીકે નામના મેળવી છે. ભારતમાં ૧૯૮૯માં પ્રવેશેલું વુશુ આંતરરાષ્ટ્રીય સ્તરે એક સંપર્ક રમત છે. જોકે ભારતમાં આ ખેલ હજુ એટલો ઝાઝો લોકપ્રિય થયો નથી... છતાં આ ખેલ વિશે વાત કરવાનું કારણ એટલું જ છે કે, વુશુની વિશ્વ ચેમ્પિયનશિપમાં એક મહિલાએ ભારતને રજત ચંદ્રક અને સુવર્ણ ચંદ્રક અપાવીને દેશનું ગૌરવ વધાર્યું છે !

એનું નામ પૂજા કાદિયાન... રશિયાના કઝાનમાં ૪ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ યોજાયેલી વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૭૫ કિલોગ્રામ વજન વર્ગની સાંડા ઇવેન્ટની ફાઈનલમાં પૂજાએ રશિયાની સ્ટેપાનોવાને હરાવીને ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો. એ સાથે પૂજાએ ઈતિહાસ રચ્યો. વુશુની વર્લ્ડ ચેમ્પિયનશિપના છવ્વીસ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર કોઈ ભારતીય ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી છે!

પૂજા કાદિયાનની સિદ્ધિઓ પર એક નજર : વુશુ વર્લ્ડ ગેમ્સમાં ૨૦૧૩માં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો, એ જ વર્ષમાં, ૨૦૧૩માં વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક, ૨૦૧૪માં રાષ્ટ્રીય ખેલોમાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૫માં વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક, ૨૦૧૬માં દક્ષિણ એશિયાઈ ખેલોમાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૭માં રાષ્ટ્રીય ખેલોમાં સુવર્ણ ચંદ્રક અને ૨૦૧૭માં વર્લ્ડ વુશુ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક..... આ સિદ્ધિને પગલે પૂજા કાદિયાનને ૨૦૧૮માં ભારત સરકાર દ્વારા અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.

આ પૂજાનો જન્મ હરિયાણાના ઝજ્જર જિલ્લાના નાનકડા ગામ ડેરીમાં ૧ ઓક્ટોબર ૧૯૯૧ના થયેલો. પિતા ખેડૂત હતા. માત્ર છ વર્ષની વયે પૂજાએ માતાની છત્રછાયા ગુમાવી. પિતાએ પુનઃલગ્ન કરી લીધાં. પૂજા ગામની પ્રાથમિક શાળામાં ભણતી. જોકે શાળાએ જતી વખતે અને શાળાએથી પાછા ફરતી વખતે રસ્તે ચાલતી જતી પૂજાની કેટલાક છોકરાઓ છેડતી કરતા. પૂજા ઘરમાં આ વાત કોઈને કાંઈ કહી શકે એમ નહોતી. કારણ કે કહે તો બીજે જ દિવસથી શાળાએ જવાનું બંધ કરાવી દેવાય. એથી સ્વબચાવ માટે પૂજાએ તાયક્વાંડો માર્શલ આર્ટનું પ્રશિક્ષણ લેવાનું નક્કી કર્યું.

પૂજાએ તાયક્વાંડોનું પ્રશિક્ષણ લેવાનું શરૂ તો કર્યું, પણ ઘરમાંથી એને સહકાર ન મળ્યો. છતાં મક્કમ મનોબળ ધરાવતી પૂજાએ તાયક્વાંડો શીખવાનું ન છોડ્યું. પૂજા નાનપણથી જ ચપળ અને કામઢી હતી. ઘેર છાણાં થાપતી વખતે એ તાયક્વાંડોની પ્રેક્ટિસ કરતી. છાણાં થાપતી વખતે પૂજાએ સ્વબચાવની કેટલીક પદ્ધતિનો આવિષ્કાર કર્યો. ધીમે ધીમે એ વુશુ ભણી વળી. પિતાથી છુપાઈને એ ખેલનું પ્રદર્શન કરતી, પણ નાનકડા ગામમાં કોઈ પણ બાબત ક્યાં સુધી છાની રહી શકે. પિતા સુધી વાત પહોંચી જ ગઈ. પિતાની આંખો કરડી થઈ. પરિણામે પૂજા ખેલ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતી નહોતી. એથી ઘરવાળાઓ સાથે લડીને પોતાની નાનીમા પાસે દિલ્હી ચાલી ગઈ. કોઈક કારણસર અહીં આવીને ત્રણ વર્ષ વુશુને વિરામ આપ્યો. ત્રણ વર્ષ પછી, ૨૦૦૭માં ફરી વુશુ ખેલવાનું શરૂ કર્યું.

વુશુનો ખેલ પૂજાએ શરૂ કર્યો અને ખેલમાં ઓતપ્રોત થઈને ચંદ્રકો પણ જીત્યા. ૨૦૦૮માં જિલ્લા સ્તરની અને રાજ્ય સ્તરની ટૂર્નામેન્ટમાં સફળતા મેળવી. સફળતાને પગલે પૂજા માર્શલ આર્ટ પ્રત્યે વધુ ગંભીર બની. વિજેતા દીકરીને ઘરમાંથી પણ આગળ વધવા માટે પ્રોત્સાહન મળ્યું. પૂજાને વુશુની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની તક મળી. વુશુની સાંડા ઇવેન્ટમાં પૂજાનું પ્રભુત્વ હતું. આ ઇવેન્ટને ચાઇનીઝ બોક્સિંગ પણ કહે છે. ૨૦૧૧માં તુર્કીના અંકારા ખાતે રમાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ફાઈનલ સુધી પહોંચીને પૂજાએ રજત ચંદ્રક મેળવ્યો. આ જ વર્ષે યોજાયેલી વર્લ્ડ ગેમ્સમાં પણ રજત ચંદ્રક મેળવી દુનિયાની બીજા ક્રમની શ્રેષ્ઠ ખેલાડી બની. ૨૦૧૪માં રમાયેલી નેશનલ ગેમ્સમાં પૂજાએ સુવર્ણ ચંદ્રક મેળવીને પોતે દેશની સર્વશ્રેષ્ઠ વુશુ ખેલાડી તરીકેની નામના મેળવી. ૨૦૧૫માં ઇન્ડોનેશિયાના જાકાર્તામાં રમાયેલી વુશુની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ફાઈનલ સુધી પહોંચી. ૨૦૧૬માં ઘરઆંગણે યોજાયેલી સાઉથ એશિયન ગેમ્સમાં સુવર્ણ સફળતા મેળવી.

જોકે પૂજાનું સ્વપ્ન એક સૈનિક બનવાનું હતું. ૨૦૧૩માં રાષ્ટ્રીય સ્તરની સફળતા તથા શારીરિક સજ્જતાને પગલે પૂજાને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ- સીઆરપીએફમાં નોકરી મળી ગઈ. વળી નોકરીને કારણે પૂજા આર્થિક રીતે પગભર થઈ. તેણે વુશુ પર વધુ ને વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. સીઆરપીએફ પૂજાનું સંપૂર્ણ સમર્થન કરે છે. એને પ્રશિક્ષણમાં સહાયરૂપ થાય છે. સીઆરપીએફ પૂજાને લાડથી 'ગોલ્ડન ગર્લ'ના નામે સંબોધે છે. સીઆરપીએફની નોકરી કરતાં કરતાં જ પૂજાએ વર્લ્ડ વુશુ ચેમ્પિયનશિપમાં હિસ્સો લઈને ત્રણ વાર રજત ચંદ્રક મેળવેલા. અંતે સુવર્ણ ચંદ્રક પણ પૂજાએ પ્રાપ્ત કર્યો અને સોનેરી સફળતા મેળવી. એ સંદર્ભે પૂજાએ કહેલું, 'હું વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રમવા ગઈ ત્યારે સુવર્ણ ચંદ્રક જીતવા માટે પ્રતિબદ્ધ હતી. હું ભારતમાં હતી ત્યારે જ સંકલ્પ કરેલો કે વિદેશમાં સુવર્ણ જીતીને દેશનો ડંકો વગાડીશ...હું આશા રાખું છે કે મારી સફળતા અન્ય યુવાનોને વુશુનો ખેલ અપનાવવા અને દેશનું નામ રોશન કરવા પ્રેરશે ! ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સ્ત્રીનાં તમામ સ્વરૂપમાં સૌથી સુંદર, સૌથી પવિત્ર રૂપ માતાનું...



- એક માતા સો શિક્ષક બરાબર છે.

- ઘોડે ચડનાર બાપ મરજો, પણ રેંટિયા કાંતનાર મા ન મરજો.

- મા તે મા બીજા વગડાના વા...!

* માતાનો મહિમા ગાતાં કાવ્યો, કહેવતો,

* કથાઓ અને રૂઢિપ્રયોગો દુનિયાભરની ભાષાઓમાં છે.

- ગઝલ ગાયક (મર્હુમ) જગજિતસિંહે ગીતકાર જાવેદ અખ્તર સાબની થોડી રચનાઓ સ્વરબદ્ધ કરીને ગાઈ. એમાં એક ગીત છે.

મુઝે યકીં હૈ સચ કહતી થી જોભી અમ્મી કહતીથી.

જબ મેરે બચપન કે દિન થે ચાંદ મેં પરિયાં રહતી થી....

- સ્ત્રીનાં તમામ સ્વરૂપોમાં સૌથી સુંદર.

* સૌથી પવિત્ર રૂપ * માતાનું છે.

... અને એટલે જ સ્ત્રી ઉછેર અત્યંત વિકટ કાર્ય છે.

- પુરુષ અને સ્ત્રીના ઉછેરમાં આસમાન જમીનનો ફરક છે.

- સ્ત્રીને શારીરિક અને માનસિક રીતે કુદરતે ઘણા ફેરફાર બક્ષ્યા છે.

- સ્ત્રીનો શારીરિક વિકાસ થવા સાથે એના વ્યક્તિત્વમાં ઘણાં પરિવર્તનો આવે છે.

- છોકરો તો રઝળી રખડીને ફૂટપાથ પર મોટો થઈ શકે છે. છોકરી સડક પર મોટી ન થઈ શકે. એના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ એક ધીરજભરી તપસ્યા માગી લે છે.

* એટલે સ્ત્રીઓની સંસ્થાઓ,

* નારી નિકેતનો,

* મહિલા આશ્રમો જાણ્યે-અજાણ્યે પોતાના ખભા પર બહુ મોટી જવાબદારી લઈને કામ કરે છે તેઓને આ અખબારની 'લાડકી' પૂર્તિ દ્વારા આ લેખિકાના પ્રણામ.

******

**સુખ કે સબ સાથી**

**જિંદગી! નહોતી ખબર કે માત્ર તું તો છે ગણિત!**
**એક પગલું ખોટું ને ખોટી જ આખો દાખલો!**

મનસુખલાલ ઝવેરી સાહેબની ઉપરોક્ત પંક્તિઓ એ સમજ આપે છે કે, જીવનમાં આપણે ઘણી વાર સરવાળા-બાદબાકી કે ગુણાકાર-ભાગકાર કરવા પડે. સારા સંબંધો રાખનારાઓ સાથે આપણો સંબંધ અનેકગણો વધારીએ છીએ, જ્યારે સ્વાર્થી સંબંધીઓ સાથેનો સંબંધ ટૂંકાવીએ છીએ. ઘણી વખત તેમની બાદબાકી જ કરીએ છીએ એટલે એવા સ્વાર્થી મિત્રો કે સંબંધીઓ સાથે જીવનમાં, તેમના સ્વાર્થને કારણે ઘર્ષણ નહીં થાય.

* જીવનમાં સારા મિત્રો તો હોવા જ જોઈએ.

* એવા મિત્રને વિશ્વાસુ મિત્રોની યાદમાં ઉમેરતા જઈએ છીએ આવું સામાજિક ગણિત જીવનમાં જરૂરી છે.

* જીવન પણ ગણિતનો એક દાખલો જ છે.

* દાખલો ગણવામાં એનું દરેક પગલું યોગ્ય સ્થાને હોવું જોઈએ. જો એક પગલું પણ ખોટું ભર્યું તો આખો દાખલો જ ખોટો પડે છે.

* જીવનનું પણ એવું જ છે.

* જીવનમાં ઘણા મિત્રો-બહેનપણીઓ મળે છે.

* કેટલાક સુખી સમયના સાથી હોય છે. તેઓ સારો સમય વિદાય થાય તે સાથે જ વિદાય થઈ જાય છે.

- જ્યારે કેટલાક સુખ-દુઃખના સમયમાં પણ સાથે જ રહે છે. એવા મિત્રો-બહેનપણીઓ જ સાચા સંગાથી ગણાય.

* કેટલાક મિત્રો પગરખાં જેવા હોય છે. ગમે તેવા સંજોગોમાં તેઓ સાથે જ રહે છે. ગરમીમાં કે વરસાદમાં પગરખાં પગ સાથે રહે છે અને પગનું રક્ષણ કરે છે.

* જ્યારે કેટલાક ચપ્પલ જેવા હોય છે.

* ચપ્પલ સાથે રહે છે પણ પાછળ છાંટા ઉડાડતા રહે છે. સુખ કે સબ સાથી દુઃખ મેં ના કોઈ...!

**બોધઃ**

- જીવનમાં સૌથી મહત્ત્વનું પગલું તો સાચા અને વિશ્વાસુ મિત્રોને સાથે રાખીને તેમની સાથે લાગણીના સંબંધો વધુ સંગીન કરવાનું છે.

*****

**બિખરે મોતી**

* ધર્મ એ પિતા છે, ધર્મ એ મા છે.

* પત્નીની પસંદગી હોય, માની પસંદગી હોય નહીં.

* ધર્મ બદલી ન શકાય.

* ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે.■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# હાથે કરીને કૂવામાં પડે એને કોણ ઉગારે?



'તે હેં પ્રેમા, રિટાયર થયાં પછી હો તારા ગાલ ઉપર લાલી ને ચાલમાં જોશ છે. લાંબા વાળ હજી ઘૂંટણ સુધી લહેરાય છે. વાતમાં જુસ્સો અને પ્રેમાળ હાસ્ય પણ બરકરાર છે. નક્કી પ્રેમા, ક્યાં કોઈ લફરું છે અથવા કોઈ જાદુ ટોના કે પછી ઝાડ પોંછ કરાવી લાગે છે.'

રમલીને પેલ્લેથી મફતનું બધું ખપે. એટલે એણે કહ્યું,

'પ્રેમા, કોઈ યુક્તિ, કોઈ દવા કે કોઈ યુવાની બરકરાર રાખનારો ડૉક્ટરનો નુસખો હોય, તો અમને કે'ની.' (કહે)

ત્યાં બીજી બેનપણી શોભા બોલી, 'આ રમલી બધું જ મફત પડાવે છે, પણ અમે તારી પાસે મફત નહીં, સલાહ પણ વેચાતી લેવા તૈયાર છીએ, પણ અમને તારી જેમ યુવાન રહેવાની ટીપ્સ આપને, પ્લીઝ.'

નયનાના પતિ પણ નયનાને લેડિઝ વિંગની મીટિંગમાં મૂકવા આવ્યા હતા. એમણે આ ઉત્કૃષ્ટ ચર્ચા સાંભળીને, જરા વાતને રંગીન બનાવવા મમરો મૂકી આપ્યો.

'પ્રેમાબહેન, ખરેખર તમે કૉલેજિયનને પણ શરમાવે એવી બ્યુટીને સાચવી છે. અરે! અમિતાભવાળી રેખા હો પાણી ભરે!'

પ્રેમા સહેજ શરમાઈ અને સાડીનો પાલવ દાંત વચ્ચે લઈને થોડી શરમાઈને, બીજે હાથે લહેકો કરતી બોલીઃ

'તમે પણ શું, સોહનભાઈ! તમે પણ તો હજી કેવા સરસ કીપ ફીટ અને પડછંદ છો. તમારી સામે તો અમિતાભ પણ પાણી ભરે!'

રમલીએ નયનાને કોણી મારી ને કૈંક ઈશારો કર્યો. એટલે નયનાની બે આંખો તરત જ બાર બની ગઈ. એણે પતિ સોહનને આંખો કાઢીને કહ્યુંઃ

'કેમ, તમે તો મને મૂકીને તરત ઑફિસના કામે જવાના હતા. તે હવે તમને જવાનું મોડું નથી થતું?' (જોયો મોટો અમિતાભ! ને જોઈ મોટી રેખાડી! હં...)

મારી બા ઘણીવાર કે'તી (કહેતી), 'કાણા કૂતરાને હો વખાણ બો' (બહુ) ગમે. ટોમી... ટોમી... એમ બે વાર પ્રેમે બોલીને હાથ ફેરવો, તો ટોમી પૂંછડી હલાવીને તમને સો ટકા ચાટવા માંડહે.'

બસ, સોહન નામનો ટોમી પણ હવે આલ્સેશિયન બની ગયો હતો. એણે શર્ટના કોલર ઊંચા કર્યા. શર્ટની બાંય સહેજ ઉપર ચડાવી. હાથમાં પહેરેલું સોનાનું જાડું બ્રેસલેટ સરખું કરી હાથ ઊંચો કર્યો અને ગળામાં પહેરેલ સોનાની જાડી ચેનને ઉપર નીચે કરી અને પછી રૂઆબથી બોલ્યોઃ

'નયના, કામ તો આખી જિંદગી કરવાનું જ છે. હું વિચારું છું કે ખરેખર પ્રેમાબેનની ટીપ્સ તમારે બધાએ લેવી જ જોઈએ અને આજથી જ બ્યુટીફૂલ બનવાના પ્રયત્નો શરૂ કરવા જોઈએ. (પ્રેમા... બહેન... બહેન તો એણે જેમ તેમ દબાતા અવાજે નયનાની બીકે ઉચ્ચાર્યું.) તમે જ જુઓ. તમે બધા સરખી ઉંમરનાં છો, પણ તમે બધા ગેરેજમાં મૂકવા જેવી લંગડાતી ગાડી જેવાં છો. કોઈના પગ, કોઈના હાથ તો કોઈના ઉપર નીચેના બધા જ સ્પેરપાર્ટ્સે જવાબ આપી દીધો છે. એક આ પ્રેમા... બહેન જ કીપ ફીટ અને બ્યુટીફૂલ લાગે છે. તમારી આખી લેડિઝ વિંગમાં માત્ર એક જ સર્વાંગ સુંદર!'

ત્યાં તો નયનાબહેનની અને રમલીની બધી ઇન્દ્રિયો સતેજ બની ગઈ. નયનાએ છણકો કરીને કહ્યું, 'એક કામ કરો. તમે બધીઓ ઊભી ઊભી પ્રેમાની ટીપ્સ લ્યો. કારણ કે પ્રેમા તો નવરી છે જ, સાથે અમારા હેન્ડસમ હીરો પણ આજે ઑફિસમાંથી રજા લઈને પ્રેમા પાસેથી સુંદરતા વિશે વિશેષ જ્ઞાન લેવાના છે. ખરું ને, મિસ્ટર હેન્ડસમ?'

સોહન આજે નયનાને ચીડવવાના મૂડમાં હતો કે પછી હાથે કરીને કૂવામાં પડવાનો વિચાર હતો. તે એણે નયના તરફ જોઈને કહ્યું,

'હે આર્યપુત્રી! જેવી તમારી આજ્ઞા! તમારો બહુ આગ્રહ છે જ, તો હું આજે ઑફિસે રજા લઈને આ પ્રેમા... બહેન પાસે બીજી બધી જીવનોપયોગી ટીપ્સ લઈ જ લઉં. એક કામ કરીએ. આપણે બાજુની ઉડીપી હોટલમાં કૉફી પીતાં પીતાં જરા જ્ઞાનગોષ્ઠિ કરીએ... આવો છો ને રમીલાબેન તમે પણ?' રમીલા હજી હા જ કહી રહી હતી, ત્યાં નયનાની આંખોનો ગુસ્સો પામી ગઈ. નયના સાથે મોં ફેરવીને મીટિંગમાં જવા લાગી.

પ્રેમા પણ મિસ્ટર સોહનની ચાલ સમજી ગઈ હતી અને હસવાનું ખસવું થાય, એ પહેલાં 'સોહનભાઈ, જ્ઞાન પરિષદ બીજી વાર કરીશું. નહીંતર નયના નારાજ થશે. મારું તો ઠીક, તમારે તો સાંજે એના હાથનું ડિનર લેવાનું છે.' એમ કહીને પાછળ જોયા વિના જ પ્રેમા મીટિંગ રૂમ તરફ ભાગી. સોહન એની બગસરાની ગળાની ચેન અને હાથના બ્રેસલેટને પહેરણ નીચે સંતાડી કારમાં બેસીને ભારે હૈયે ઑફિસ તરફ જવા લાગ્યો. મૂડ બદલવા કારનો રેડિયો ઑન કર્યો, તો ગીત વાગ્યું.

'હાય હાય યે મજબૂરી, યે મૌસમ ઔર યે દૂરી, મોહે પલ પલ હે તડપાતી,
તેરી દો ટકીયાકી નૌકરી મેં મેરા, લાખો કા સાવન જાયે...'

માંડ રડવાનું ગીત પૂરું થયું. એંકરે એનું જ્ઞાન પીરસ્યુંઃ


'ફ્રેન્ડ્સ, જિંદગી કા ક્યા ભરોસા? કભી પતઝડ, કભી સાવન... પર હા, સાવન હો તો હમેં ભીગ લેના ચાહિયે. જૈસે કી પ્રેમ મેં ભીગને કા અવસર બાર બાર નહી મિલતા...'

સોહને ગુસ્સામાં કંટાળીને રેડિયો બંધ કર્યો. (રસ્તામાં થોડું પડેલું છે? ઘરનાં દાળ-ભાત બની ગયાં હોય ત્યારે બાજુવાળી ભલે ગમે તેવી કેક લઈને આવે, પણ પ્રેમથી ઘરમાં રહેવું હોય, તો વખાણ તો પત્નીની બળેલી દાળનાં પણ કરવાં જ રહ્યાં!)

ત્યાં જ મોબાઇલ રણક્યો. નયનાનું નામ વાંચી સોહનનાં નયનો ફાટી પડ્યાં. નયનાએ સોહન 'હેલો' કરે એ પહેલાં જ બોલવાનું શરૂ કરી દીધુંઃ

'ક્યાં છે તું? કેટલે પહોંચ્યો? કે પછી પ્રેમા સાથે પ્રેમાલાપ ચાલુ છે? ચાલુ ગાડીએ ચડી જવાની તારી આદત હજી ગઈ નથી. ખરું ને? પેલી બંને તારા જેવી જ ખોટી ચેન કાઢીને ઘરે મૂકી દે અને જ્યાં હોય ત્યાંથી સીધો ઘરે જ પહોંચ. હું તને ટ્રેસ કરું છું, એટલે જૂઠું બોલતો નહીં. ઑફિસ તરફ ગાડી ટર્ન કરવાની જરૂર નથી. તારા બોલેલાં ગહન વાક્યો યાદ કરી રાખજે. હું એના ઘરે આવીને તને જવાબ આપું છું. હવે પછી મને મૂકવા-લેવા આવવાનું બંધ. ઑફિસમાં તારી પી. એ. કે સ્ટેનો જે હોય, તેને છૂટી કરી દેજે. પુત્રનાં લખ્ખણ પારણામાં જ પરખાઈ ગીયાં છે. હવે ગાડી ઘર તરફ લે. હું તારી પાછળ ઉબરમાં છું. એટલે છટકવાની એકે બારી ખુલ્લી નથી, એ સમજી લે. લાકડાના લાડુ ખાધાં છે, હવે એને પચાવ્યે જ છૂટકો! સમજ્યો?!' ■





# વિચ સ્લીવ્ઝ ડુ યુ પ્રિફર



ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ડ્રેસ કે બ્લાઉઝ સિવડાવવાનું હોય ત્યારે ડ્રેસમાં કે બ્લાઉઝમાં કઈ પેટર્ન કરવી એ પ્રશ્ન તો મહિલાઓને મૂંઝવતો હોય જ છે, પરંતુ સાથે સાથે સ્લીવ્ઝમાં કઈ પેટર્ન કરવી તે પણ એક ફૅશનની આગવી સૂઝ માંગી જ લે છે. ખાસ કરીને એ મહિલાઓને જેમના હાથ ખૂબ જ ભરેલા હોય. તેમને આ પ્રશ્ન ખૂબ જ મૂંઝવતો હોય છે કે, કઈ પેટર્નની સ્લીવ્ઝ પહેરીએ કે તેમના હાથ ખરાબ ન લાગે અને સાથે સાથે ફૅશનેબલ પણ લાગે. ચાલો જાણીએ કે જેમના હાથ ભરેલા છે તેઓએ કઈ ટાઇપની સ્લીવ્ઝની પેટર્ન પ્રિફર કરવી જોઈએ.

થ્રિ ફોર્થ - થ્રિ ફોર્થ સ્લીવ્ઝ એ એક ખૂબ જૂની અને જાણીતી સ્લીવ્ઝની પેટર્ન છે કે જે ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતી નથી. બ્લાઉઝ અને ડ્રેસ એમ બન્નેમાં આ સ્લીવ્ઝની પેટર્ન કરી શકાય. જો તમે પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી થ્રિ ફોર્થ સ્લીવ્ઝ બનાવવાના હો તો ફેબ્રિકની પ્રિન્ટ સિલેક્ટ કરવામાં ખાસ ધ્યાન રાખવું. ફેબ્રિકની પ્રિન્ટ જીણી સિલેક્ટ કરવી જેમ કે જો બુટ્ટીવાળું ફેબ્રિક હોય તો જીણી બુટ્ટી સિલેક્ટ કરવી અને જો ફેબ્રિકમાં જાલ હોય તો બારીક જાલ પસંદ કરવી. જીણી પ્રિન્ટ સિલેક્ટ કરવાથી ડેલિકેટ લુક આવે છે. જો સ્ટ્રાઈપ વાળું ફેબ્રિક હોય તો હોરિઝોન્ટલ સ્ટ્રાઈપમાં સ્લીવ્ઝ ન બનાવવી, તેના કરતાં વર્ટિકલ સ્ટ્રાઈપમાં સ્લીવ્ઝ બનાવવી, જેને લીધે થોડો સ્લીક લુક આવે. તમે બે ફેબ્રિકનો પણ ઉપયોગ કરી શકો. જેમકે, થ્રિ ફોર્થ સ્લીવ્ઝમાં નીચે ૪ ઈંચમાં કોઈ બીજું ફેબ્રિક અને પછી બીજું ફેબ્રિક. બે ફેબ્રિક વાપરવાથી લુક થોડો બ્રેક થાય છે.

બેલ સ્લીવ્ઝ - બેલ સ્લીવ્ઝ એટલે જે સ્લીવ્ઝ શોલ્ડર પાસે નેરો હોય અને હેમલાઈનમાં બ્રોડ થાય તેને બેલ સ્લીવ્ઝ કહેવાય. બેલ સ્લીવ્ઝની લેન્થ તમારી પર્સનલ ચોઈસ પ્રમાણે શોર્ટ અથવા લોન્ગ રાખી શકાય. તમારી સાડી અથવા તમારા ડ્રેસની પેટર્નને અનુરૂપ તમે બેલ સ્લીવ્ઝની લેન્થ સિલેક્ટ કરી શકો. બેલ સ્લીવ્ઝ પેહરવા માટે તમારી પાસે બે ઑપ્શન છે એક કે તમે એઉપર્થી જ બેલ સ્લીવ્ઝની પેટર્ન પહેરો અને બીજું એ કે તમે થ્રિ ફોર્થ સ્લીવ્ઝ ટાઈટ રાખી નીચે ૪ ઈંચમાં બેલ સ્લીવ્ઝ આપો. જો તમે શોલ્ડર પાસેથી જ બેલ સ્લીવ્ઝ આપવા માંગતા હો તો તેનો પ્લસ પોઇન્ટ એ છે કે તમારા હાથની સાઈઝ દેખાતી નથી અને ફૅન્સી લુક આવે છે અને બીજી ટાઈપ એ છે કે જેમાં એલ્બો સુધી હાથના મેઝરમેન્ટ પ્રમાણે સ્લીવ્ઝ હોય અને પછી નીચે બેલ સ્લીવ્ઝ આપી હોય. આ સ્લીવ્ઝ પહેરવાથી ધ્યાન નીચે આપેલી બેલ પેટર્ન પર જાય છે. બેલ પેટર્નમાં વેરિએશન પણ આપી શકાય જેમ કે,બેલ સ્લીવ્ઝમાં એ સિમેટ્રિક હેમલાઇન આપી શકાય એટલે કે આગળથી બેલ સ્લીવ્ઝનો કર્વ નાનો અને પાછળથી બેલ સ્લીવ્ઝનો કર્વ થોડો લાંબો. આ સ્લીવ્ઝની પેટર્ન પહેરવા માટે તમે કોઈ ફલોઈ ફેબ્રિકની પસંદગી કરી શકો જેના લીધે બેલ સ્લીવ્ઝનો લુક સારો આવે. કફતાન સ્લીવ્ઝ - કફતાન સ્લીવ્ઝ એટલે કે જેમાં કોઈ જાતનું ફિટિંગ નથી હોતું. માત્ર આર્મ હોલથી લઈને બોડી પ્રમાણે સાઈડ પર જ સ્ટિચિંગ હોય છે. કફતાન પહેરવાથી શોલ્ડર પરથી જે સ્લીવ્ઝનો ભાગ હોય છે તે ડ્રોપ થઈ જાય છે તેથી હાથ દેખાતા નથી.અને શોલ્ડર લાઈન કટ થઈ જાય છે જેથી વધારે બ્રોડ નથી લાગતું. કફતાનમાં ઘણાં વેરિએશન આવે છે જેમકે, કોટનનાં કે ફલોઈ ફેબ્રિકનાં કે પછી લેન્થમાં વેરીએશન આવે જેમ કે ,શોર્ટ, ની લેન્થ, કાફ લેન્થ કે પછી ફૂલ લેન્થ. કોટન ફેબ્રિકમાંથી બનાવેલા કફતાનમાં જે ફિગર હોય તે જ લાગે અને ફલોઈ ફેબ્રિકમાંથી બનાવેલા કફતાન પહેરવાથી થોડા પાતળા હોવાનો આભાસ થાય. ફલોઈ ફેબ્રિકમાં પણ જીણી પ્રિન્ટ પસંદ કરવી જેથી કરી ઓવરઓલ લુક થોડો ટ્રિમ થાય. નેક્લાઈનમાં એમ્બ્રોઇડરી ન કરવી.જે કંઈ એમ્બ્રોઇડરી કે પેટર્ન કે બોર્ડરનો ઉપયોગ કરવો હોય તે ખાસ કરીને નીચેના પોર્શનમાં કરવો જેથી કરી ઉપરનો પોર્શન વધારે હેવી ન લાગે. ■

ફેશન પ્લસ
પ્રતીમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# દરેક યુવતીની પહેલી પસંદ
# પ્રી સ્ટિચ્ડ સાડી



સાડી આપણાં દેશની પરંપરાનો જ એક ભાગ છે. દરેક પ્રસંગે પહેરવામાં આવતી સાડી મહિલાની શોભામાં વધારો કરે છે. વર્તમાનમાં સાડી પહેરવું કેટલીક મહિલાને થોડું મુશ્કેલ લાગે છે. જોકે હવે ફેશનના ભાગરૂપે સાડી પહેરવી પણ સહેલું બની ગયું છે. હવે માર્કેટમાં પ્રી સ્ટિચ્ડ સાડીઓ મળવા લાગી છે. આ રેડીમેડ સાડીને સ્કર્ટ સાથે પહેરવામાં આવે છે, જેને બ્લાઉઝ સાથે જોડવામાં આવે છે, જેની પ્લીટ્સ અને પાલવ અગાઉથી બનેલો હોય છે. એને પહેરીને તમે ઝડપથી તૈયાર થઈ શકો છો.

આજે નાના-નાના બુટિકમાં પણ આ સાડીઓ સહેલાઈથી મળી શકે છે. એમાં પણ નવા નવા વર્ઝન માર્કેટમાં અવેઇલેબલ છે. એમાં અલગ પ્રિન્ટ, ડિઝાઇન, સ્ટાઇલ અને ડિઝાઇનર બ્લાઉઝ પણ જોવા મળે છે. એથી જે લોકોને સાડી પહેરવુ કંટાળાજનક લાગતું હતું, તેમના માટે આવી પ્રી સ્ટિચ્ડ સાડી સારો પર્યાય છે. આવી સાડીમાં ના તો પ્લીટ્સ વાળવાની સમસ્યા, ના તો પાલવને પિન-અપ કરવાની તકલીફ. સાથે જ સાડીને પ્રેસ કરવાથી પણ છુટકારો. આવી સાડીમાં મટિરીયલ એવું હોય છે કે જેમાં ક્રીઝ નથી થતી. એને કેમ પણ વાળીને રાખી શકો છો.

જે મહિલા સાડી પહેરવા માગે છે, પરંતુ એ પહેરવી મુશ્કેલ લાગે છે. તેમની તો સમસ્યાનો ઉકેલ આવી ગયો છે. અગાઉ પરંપરાગત સાડીઓ મોંઘી અને હેવી રહેતી હતી. એ પહેરવી અને સંભાળવી પણ માથાનો દુખાવો હતી. પ્રી સ્ટિચ્ડ સાડીએ આ તકલીફનું પણ સમાધાન આપી દીધું છે. ઓછા બજેટમાં સારી પ્રિન્ટેડ, રંગ અને ડિઝાઈનમાં આવી સાડીઓ ઉપલબ્ધ છે. સાડીમાં બોર્ડરને જાળવવી, બ્લાઉઝ પીસ કાઢીને સીવડાવવું એ બધાથી હવે છુટકારો મળી ગયો છે. રેડીમેડ સાડીમાં આવી કોઈ પરેશાની નથી. એને અલગ-અલગ સ્ટાઇલમાં તમે કૅરી કરી શકો છો. આવી સાડીઓ દરેક શરીરના આકારમાં મળી રહે છે. આ સાડીઓ બનારસી કે અન્ય સીલ્કની સાડીની સરખામણીએ હલકી હોય છે. રેડી-ટૂ-વિયર સાડીઓ હલકી અને કમ્ફર્ટેબલ હોય છે. આ સાડીની વિશેષતા એ છે કે એને તમે સ્કર્ટ કાં તો જીન્સ ઉપર પણ પહેરી શકો છો.

સાડી મહિલાના વ્યક્તિત્વમાં નીખાર લાવે છે. જેમ-જેમ સમય બદલાયો તેમ-તેમ સાડી પહેરવાની સ્ટાઇલમાં પણ પરિવર્તન આવ્યું. અગાઉ સાડી ૯ ગજની રહેતી હતી. હવે એ ૬ ગજની થઈ ગઈ છે.

સાડીની સાથે બ્લાઉઝમાં પણ ઘણી વિવિધતા આવી છે. મહિલાઓ ડિઝાઇનર સાડી અને બ્લાઉઝની સાથે-સાથે ફુટવિયરમાં પણ બદલાવ લાવી છે. તેઓ સાડીની સાથે બૂટ્સ, હિલ્સ, ફ્લેટ્સ અને ચપ્પલ પહેરે છે. બ્લાઉઝમાં પણ વિવિધ ટ્રેન્ડ જોવા મળે છે. એમાં સ્ટ્રેપલેસ, બેકલેસ, ચોલી કટ અને એવી અનેક સ્ટાઇલ આવી છે. પ્રી સ્ટિચ્ડ સાડીઓ કૉટન, સીલ્ક, જ્યોર્જેટ, ઓર્ગેન્ઝા, નેટેડ અને અન્ય આધુનિક સ્ટાઇલમાં જોવા મળે છે. દરેક ઉંમરની મહિલા અને દરેક તબક્કાની સસ્તી અને મોંઘી સાડીઓ મળી રહે છે. ■

## આજની ટૂંકી વાર્તા

ઉર્વી હરિયાણી
feedback.ladki@bombaysamachar.com

# જરૂર આવીશ...



**વહેતા ઝરણા જેવી અલ્લડ, દોડતા અશ્વ જેવી સ્ફૂર્તિલી અને પવનની લહેર જેવી ચંચળ સુરીલી પ્રશાંતની પ્રથમ પત્ની હતી. પ્રશાંત પ્રતિભાશાળી અને શાંત વ્યક્તિત્વ ધરાવતો. પરસ્પર વિરોધી સ્વભાવ ધરાવતાં પતિ-પત્ની વચ્ચે સ્નેહ અતૂટ હતો**

'કોન્ગ્રેચ્યુલેશન્સ! તમે એક સુંદર બેબીના પિતા બન્યા છો.' લેડી ડૉક્ટરના આ વાક્યે પ્રશાંતનો ચહેરો ખીલાવી દીધો. પોતાના ડેડની સાથે સમાચારની રાહ જોઈ રહેલો દસ વર્ષીય વિરલ ઊછળી પડ્યો.

થોડી મિનિટો પહેલાં પૃથ્વી પર અવતરેલી એ નવજાત બાળકીને લઈ નર્સ ઓપરેશન રૂમની બહાર આવી. બંનેય બાપ-દીકરાએ પ્રફુલ્લ ચહેરે નવજાત બેબી પર નજર માંડી. એમનાં નેત્રો વિસ્ફારિત થયાં.

'ડેડ, આ તો અદ્દલોદલ મોમ જેવી લાગે છે.' વિરલ બોલ્યો. પ્રશાંતના ચહેરા પર સ્તબ્ધતા હતી. એના હોઠ ફફડ્યા, 'સુરીલી... આઈ કાન્ટ બિલીવ.' બીજી પળે એણે જાતને સંભાળતાં પ્રશ્ન કર્યો, 'સિસ્ટર, હાઉ ઈઝ માય વાઈફ?'

'શી ઈઝ ક્વાઈટ ઓકે!' નર્સે જવાબ વાળેલો.

વિરલ નાનીબહેન પાછળ ગાંડો થઈ ગયેલો. કોઈનેય પૂછ્યા વગર એણે નામ પાડી દીધેલું, 'સૂર'.

સ્મિતા અને પ્રશાંત વિરલની પ્રસન્નતાથી આનંદ પામતાં. માતા-પિતા તરીકે તેઓ પણ બાળકીને પામી ખુશ હતાં. અલબત્ત, પ્રશાંતના હૈયાના ખૂણે ક્યારેક સુરીલીની યાદ ટીસરૂપે ઊઠતી તો એ પ્રયાસપૂર્વક દબાવી દેતો, પરંતુ સૂરના આગમન બાદ અવારનવાર એવી ઘટનાઓ બનતી કે પ્રશાંતને સુરીલીની યાદ બમણા જોરે ઘેરી વળતી.

* * *

વહેતા ઝરણા જેવી અલ્લડ, દોડતા અશ્વ જેવી સ્ફૂર્તિલી અને પવનની લહેર જેવી ચંચળ સુરીલી પ્રશાંતની પ્રથમ પત્ની હતી. પ્રશાંત પ્રતિભાશાળી અને શાંત વ્યક્તિત્વ ધરાવતો. પરસ્પર વિરોધી સ્વભાવ ધરાવતાં પતિ-પત્ની વચ્ચે સ્નેહ અતૂટ હતો.

એક સાંજે વાત વાતમાં સુરીલીએ પ્રશાંત સામે દરખાસ્ત મૂકી. આમ તો એને દરખાસ્ત કહેવાય પણ એ એક અધિકારપૂર્ણ માગણી હતી. સુરીલીએ કહેલું, 'આવતી કાલે વેલેન્ટાઈન્સ ડે છે. આપણે મહાબળેશ્વર જઈએ.'

પ્રશાંતથી પુછાઈ ગયું, 'કાલે? આમ અચાનક?'

'હા, કાલે...' સુરીલીએ આંખો પટપટાવી હતી. પછી એ પ્રશાંતને વેલની માફક વીંટળાઈ ઊઠતાં બોલી, 'પ્લીઝ પ્રશાંત...'

'વેલ, મારે ઓફિસે જણાવવું પડશે...' પ્રશાંતે ઊંડો શ્વાસ લીધો.

'નથી જરૂર! મેં તારી સેક્રેટરીને મેસેજ આપી દીધો...' રમતિયાળ સ્મિત વેરતાં સુરીલીએ પ્રશાંતને પૂર્ણપણે માત કર્યો.

મહાબળેશ્વરની એ સફર જેટલી રોમાંચક બનેલી એટલી જ યાદગાર બની હતી. એ બે દિવસો દરમિયાન સુરીલીએ પ્રશાંતને મન મૂકીને પ્રેમ કરેલો. સુરીલીના પ્રેમમાં તરબોળ બની ગયેલા પ્રશાંતે કહ્યું હતું, 'સુરીલી, તને પામ્યા પછી મને કશાની ખેવના નથી રહી. અલબત્ત, તું મારી પાસે કંઈ ઈચ્છે છે?'

પ્રશાંતની છાતીમાં મોં છુપાવી દેતાં સુરીલીએ કહેલું, 'હા, આપણા સંસારબાગને પરિપૂર્ણ કરે એવા નવા પુષ્પના આગમનને હું ઈચ્છું છું. ઈચ્છું છું કે આપણા વિરલને એક બહેન મળે.' પ્રશાંત હસી પડેલો. એણે એના બાહુપાશમાં સુરીલીને જોરથી ભીંસી દીધેલી. એનેય એ મંજૂર હતું.

* * *

'ડેડ, આ સૂર તો બિલકુલ મોમની માફક મારા ગાલ ખેંચે છે.' વિરલ પ્રશાંત પાસે મીઠી ફરિયાદ કરતો.

'પ્રશાંત, તું જે વાયોલેટ કલરનું ફ્રોક ઉપાડી લાવ્યો છે, એ સૂર ધરાર નથી પહેરતી. એ ફરી-ફરીને પેલું જૂનું એનું એકમાત્ર યલો કલરનું ફ્રોક પહેરે છે.' સ્મિતાએ પણ સૂરની મીઠી ફરિયાદ કરી.

'વાઉ, સૂર અદલોદલ મમ્મી જેવી છે. રાઈટ ડેડ? મોમનેય વાયોલેટ કલર ન ગમતો. એની પાસે યલો રંગના ડ્રેસીઝની કેટલી બધી વેરાઈટીઝ હતી!' વિરલ જેટલી નિર્દોષતાથી સહજપણે કહી રહેલો, એટલી સહજતાથી પ્રશાંત માટે આ વાત પચાવવી સહેલી ન હતી. સૂર અને સુરીલી વચ્ચે આટલી હદ સુધીનું સામ્ય શી રીતે સંભવે? એ ચકરાવે ચડી જતો.

* * *

આનંદાશ્રમના અવધૂતગીરી સ્વામીની સન્મુખ સુરીલી અને પ્રશાંત બેઠેલાં. મહાબળેશ્વરની મિની પિકનિક બાદ પાછા ફરી રહેલ સુરીલીની નજર રસ્તામાં આનંદ આશ્રમ પર પડી હતી. એ પ્રશાંતને ત્યાં ખેંચી ગયેલી.

'બાબા, અત્યાર સુધીની મારી બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ છે. હવે મારી એક માત્ર ઈચ્છા છે કે મારા પુત્ર વિરલને એક નાની બહેન મળે. શું એ ઈચ્છા પરિપૂર્ણ થશે?' સુરીલીએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછેલો. સ્વામીજી આંખો મીંચી ગયેલા. થોડી ક્ષણો બાદ એમણે આંખો ખોલી.

'બેટા, તારી એ ઈચ્છા જરૂર પૂર્ણ થશે. પરંતુ...' એમના ચહેરા પર અવસાદ હતો. કહું ના કહુંની અવઢવમાં મુકાયેલા. સુરીલીનું ધ્યાન એ તરફ ન હતું. મનવાંછિત શબ્દો સાંભળી આનંદિત થતાં એણે સ્વામીજીનાં ચરણોમાં શિશ નમાવી દીધેલું. 'મમ્મી...' વિરલે આપેલા સાદથી એ ત્યાંથી દોડી ગયેલી. સ્વામીજીના મુખભાવ કળી ગયેલ પ્રશાંતને હૈયે સહેજ ફડકો પડ્યો. એ બોલ્યા વગર ન રહી શક્યો.

'બાબા, તમે કંઈ કહેતાં અટકી ગયા...' નાછૂટકે સ્વામીજીએ એમને જે ભાવિનાં એંધાણ કળાયેલાં એ પ્રશાંતને જણાવવાં પડેલાં. એ જાણી પ્રશાંત સ્તબ્ધ બની ગયેલો.

* * *

ગાયનેકોલોજિસ્ટની કેબિનમાં પ્રશાંત સાથે બેઠેલી સુરીલીનો ચહેરો અપેક્ષિત પરિણામના સમાચાર સાંભળવા આતુર થઈ ઊઠેલો. મનોમન મલકી રહેલી સુરીલીને જબરદસ્ત આંચકો લાગ્યો હતો. ગાયનેકે અનપેક્ષિત સ્ફોટક સમાચાર સંભળાવ્યા હતા, 'મિ. પ્રશાંત, તમને જણાવતાં મને દિલગીરી થાય છે કે આપનાં વાઈફ પ્રેગ્નન્ટ નથી, એમને અંડાશયમાં ગાંઠ થઈ છે. જે ખાસ્સી વિકસી ચૂકી છે. આપણે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે.'

ઓપરેશન બાદ બાયોપ્સી રિપોર્ટ આવ્યો ત્યારે સુરીલી અને પ્રશાંત બંનેય તૂટી પડેલાં. એ ગાંઠ કેન્સરની નીકળી હતી. સઘન સારવાર છતાં સુરીલીનાં બીજાં અંગોમાં કેન્સર ઝડપથી પ્રસરી ગયું.

પ્રશાંતને સ્વામીજીએ સુરીલીનું જે ભવિષ્ય ભાખેલું એ યાદ આવ્યું. સ્વામીજીએ વિષાદ સાથે જણાવેલું, 'હમણાં જે તરવરાટભરી અને તંદુરસ્ત લાગતી આપની ભાર્યા અહીંથી ગઈ છે, એ ખૂબ ઓછી આયુ લઈને આવી છે. એનું મૃત્યુ ઘણું નજીક છે.' ત્યારે પ્રશાંતને વિશ્વાસ બેઠો ન હતો.

સ્મિતા સુરીલીની બાળપણની સખી હતી. કૌટુંબિક અને આર્થિક કારણોસર તે કુંવારી રહી ગયેલી. સુરીલીની માંદગી દરમિયાન એણે સુરીલીનાં ઘરને અને વિરલને સંભાળી લીધેલાં.

દુનિયા ત્યજવાનો સમય જેમ-જેમ નજીક આવતો ગયો તેમ-તેમ સુરીલીની માયા પ્રશાંત તરફ વધતી ગઈ. એ પ્રશાંતને પળભર માટેય એની આંખોથી દૂર ન થવા દેતી. પ્રશાંત પણ અંદરથી તદ્દન વિખેરાઈ ચૂકેલો. અંતિમવેળાએ પ્રશાંતના હાથમાં સુરીલીનો કૃશકાય હાથ હતો. એની આંખો વિશેષ તેજથી ચમકી રહેલી. જેમાં અજબ જિજિવિષા હતી. સુરીલીના છેલ્લા શબ્દો હતા, 'પ્રશાંત, તને છોડીને જવાનું જરાય મન નથી. મૃત્યુ પછી મારે ક્યાં જવાનું છે, એની મને ખબર નથી. પણ તારા વગર ક્યાંય નહીં રહી શકું. હું તારી પાસે પાછી આવીશ. જરૂર આવીશ.'

સુરીલીની ચિરવિદાય પછી સગાં-સ્નેહીઓના અને ખાસ તો વિરલના આગ્રહથી પ્રશાંતે વરસ બાદ સાદાઈથી સ્મિતા સાથે લગ્ન કરેલાં. બીજી પત્ની બની સ્મિતા એના જીવનમાં પ્રવેશેલી.

* * *

સમયચક્ર ઝડપથી ફરવા માંડ્યું. સૂર યુવાનીના ઉંબરે આવી ઊભી રહી. એ આબેહૂબ સુરીલીની પ્રતિકૃતિ લાગતી. વિરલ ઓસ્ટ્રેલિયા ભણવા ગયો હતો. હવે તો પ્રશાંત પર જાણે સુરીલીનો એકાધિકાર પ્રવર્તતો. ક્યારેક સ્મિતાને કઠતું, કેમ કે સ્મિતા અને પ્રશાંત રાત્રે એમના બેડરૂમમાં ન જાય ત્યાં સુધી સૂર ક્ષણ પૂરતોય પ્રશાંતને રેઢો ન મૂકતી. સૂરના આવા વળગણથી પ્રશાંતને આશ્ચર્ય થતું. એ ક્યારેક કહેતો, 'સૂર, તું મિત્રો બનાવ. વિરલને ગર્લફ્રેન્ડઝ છે. એમ તારે કોઈ બોયફ્રેન્ડ...'

'નો વે, મારા બોયફ્રેન્ડ તમે છો, પપ્પા!' સૂર ચહકતી. પ્રશાંત ભોંઠપ અનુભવતો.

એક રાતે હદ થઈ ગઈ. સુરીલીનો અંગત રૂમ બંધ રહેતો. સૂર નાની હતી ત્યારે વારંવાર તે રૂમમાં જતી. ત્યાંથી પાછી ન ફરતી. ત્યાંની તિજોરી ખોલવા જીદ કરતી. એથી કંટાળીને પ્રશાંત-સ્મિતાએ એ રૂમ લોક કરી દીધેલો. યુવાનીમાં પ્રવેશ્યા બાદ સૂર એ રૂમ પ્રત્યે પ્રબળ આકર્ષણ અનુભવવા લાગી. પરિણામે ખાંખાંખોળા કરી એણે એની ચાવી શોધી લીધેલી.

મધરાતે રણકી ઊઠેલા મોબાઈલથી પ્રશાંતની ઊંઘ ઊડી ગઈ. મોબાઈલમાં સૂરનો સ્વર પડઘાઈ રહેલો, 'ફોર એ મોમેન્ટ. રૂમની બહાર આવશો, પ્લીઝ...' શું પ્રોબ્લેમ હશે? એમ વિચારતા પ્રશાંત ઊઠીને બહાર આવ્યો. સ્મિતા તો ભર ઊંઘમાં હતી.

રૂમની બહાર પગ મૂકતાં જ પ્રશાંત ડઘાઈ ગયો. બરાબર એના રૂમની સામે સુરીલીનો રૂમ હતો જે અત્યારે ખુલ્લો હતો. અંદરથી ભરપૂર દૂધિયો પ્રકાશ રેલાઈ રહેલો. અચાનક એક ખાસ પ્રકારના પરફ્યુમની માદક સુગંધે એને ઝંકોરી મૂક્યો. એ સુરીલીના રૂમમાં પ્રવેશ્યો.

આ સુરીલી છે? ક્ષણભર માટે પ્રશાંત ચકરાઈ ગયેલો. નવોઢાનાં વસ્ત્રોમાં પૂર્ણ સજ્જ થઈ એની સામે જે ઊભી હતી એ આબેહૂબ સુરીલી હતી. એ પ્રશાંત તરફ આગળ વધી. અવશપણે એની કાયા પ્રશાંત સાથે ચંપાઈ. એ ઉન્મત્ત બની ઠેકઠેકાણે પ્રશાંતને ચૂમવા લાગી.

'તડાક્...' એક જોરદાર થપ્પડનો અવાજ વાતાવરણમાં ગુંજી ઊઠ્યો. એ ભોંય પર ફસડાઈ પડી. ગુસ્સાના આવેગમાં ધ્રૂજી રહેલો પ્રશાંત તત્ક્ષણ ત્યાંથી ચાલી ગયો.

સૂરને થોડી વાર પછી હોશ આવ્યા. નવોઢાનાં વસ્ત્રોમાં પોતાને જોઈ એને આશ્ચર્ય થયું. અને યાદ આવ્યું કે એ સુરીલીના રૂમમાં આવી હતી. તિજોરી ખોલી હતી. તિજોરીમાં સુરીલીનું પાનેતર અને ચૂંદડી જોઈ એને ન જાણે શું થઈ ગયેલું કે એ તે પહેર્યા વગર ન રહી શકી. ત્યાર બાદ શું થયું એ એને બરાબર યાદ ન હતું. અલબત્ત પ્રશાંતની ઝન્નાટેદાર થપ્પડનો એને અહેસાસ હતો. એ ધીમા પગલે તિજોરી પાસે ગઈ. આલબમમાં સુરીલીના ફોટોગ્રાફ્સ જોઈ એ સ્તબ્ધ બની. એ પોતાની જાતને આયનામાં સુરીલી સાથે સરખાવી રહી. એના હાથમાં સુરીલીની રોજનીશીની ડાયરી આવી. એ અધ્ધર શ્વાસે ડાયરી વાંચવા લાગી.

* * *

સ્વામી અવધૂતગીરી ધ્યાનથી પ્રશાંતને સાંભળી રહ્યા હતા. પ્રશાંત અને સ્મિતા વ્યથિત હતાં. સૂર વિશે તેઓ ભારે ચિંતિત હતાં. એ રાતે સુરીલીના રૂમમાં બનેલા બનાવ પછીની સવારથી સૂર ગાયબ હતી. એ વાતને પૂરું અઠવાડિયું વીતી ગયા બાદ પણ એના કોઈ સગડ મળ્યા ન હતા. પ્રશાંત જાણતો હતો કે સ્વામી અવધૂતગીરી પારલૌકિક શક્તિઓ ધરાવે છે. એમણે સુરીલીની આયુનું ભવિષ્ય ભાખ્યું હતું. તેઓ જરૂર એને સૂરના સગડ શોધવામાં મદદરૂપ બનશે એવી અપેક્ષાસહ તે આજે વર્ષો પછી આનંદ આશ્રમે આવેલો.

'સૂર જ્યાં છે ત્યાં બરાબર છે. એ સલામત છે. એ આપના ઘરે ક્યારેય પાછી નહીં ફરે. એની અને આપની આ જન્મની લેણદેણ પૂરી થઈ ગઈ. હરિ ૐ!' સ્મિતા અને પ્રશાંતની આંખોમાં અશ્રુઓ ધસી આવ્યાં. ભાંગેલા પગે પ્રશાંત સ્મિતાને લઈ આશ્રમની બહાર નીકળ્યો. એ પળે પ્રશાંતે સહજપણે પાછું વાળીને જોયું. એ આંચકો ખાઈ ગયો. સ્વામી અવધૂતગીરીની સાથે સંન્યાસિનીનાં ભગવાં વસ્ત્રોમાં સજ્જ થયેલી સૂર ઊભી હતી. પ્રશાંત દિગ્મૂઢ હતો. એના પગ યંત્રવત્ આગળ ચાલી રહેલા, જ્યારે અંતરપટ પર સુરીલીના અંતિમ શબ્દો ટકોરા દઈ રહેલા, 'હું તારી પાસે પાછી આવીશ, જરૂર આવીશ.' પ્રશાંતનું હૃદય ચિરાતું હતું. કદાચ સૂર એની સુરીલી હતી, પણ એ એને આ જન્મમાં ક્યારેય સુરીલી તરીકે સ્વીકારી શકે તેમ ન હતો.

* * *

એ રાતે સૂરને સુરીલીની રોજનીશી-ડાયરી વાંચતાં, પોતાની અને સુરીલી વચ્ચે રહેલી સામ્યતાનું અને વિચિત્ર વર્તણૂકનું રહસ્યમય કારણ થોડું ઘણું સમજાયેલું. એ ડાયરીમાંથી એને સ્વામી અવધૂતગીરીનું સરનામું મળેલું. પોતાના અંગે વધુ સ્પષ્ટ થવા એ સ્વામીજીને મળી હતી. સ્વામીએ ધ્યાનમાં જઈ સમજાવેલું કે પુરાણોમાં લખ્યા પ્રમાણે અતિજ્ઞાની અને મોક્ષાધિકારી ભરત ઋષિએ અંતિમ સમયે પોતે પાળેલ મૃગબાળનું સતત સ્મરણ કર્યું હોઈ એમને બંધનમાં મુકાઈ બીજો જન્મ મૃગરૂપે લેવો પડેલ. એ જ પ્રમાણે, ગયા જન્મની તારી પ્રશાંત સાથે રહેવાની પ્રબળ જિજિવિષાને કારણે તારો ફરી પ્રશાંતના જીવનમાં પ્રવેશ થયો, અલબત્ત પુત્રી સ્વરૂપે! તકલીફ ત્યાં થઈ કે તું પુત્રી હોવા છતાં ગયા જન્મમાં તેં પ્રશાંતને પતિરૂપે ચાહ્યો હોવાથી, તારું અંતરમન યુવાન થતાં જ એને એ જ રૂપમાં ઝંખવા લાગ્યું. જે આ જન્મમાં શક્ય નથી. સૂરે સ્વામીજી પાસે સંન્યસ્તની દીક્ષાની માગણી કરી. સ્વામીજીએ ધ્યાન લગાવતાં જોયું કે સૂર આ જન્મમાં અવિવાહિત રહેવા સર્જાયેલી છે. એમણે સૂરને દીક્ષા આપી હતી.

સૂર કહો કે સુરીલી, એ પ્રશાંતના જીવનમાંથી પાછી ફરી ન શકે એ રીતે હંમેશ માટે ચાલી ગયેલી. સંન્યસ્તની દીક્ષા પામ્યા પછી એને પ્રશાંતનો મોહ રહ્યો છે કે નહીં, એ નથી ખબર! પરંતુ વરસો પછી આજેય સિત્તેરની વયે પહોંચી ગયેલા પ્રશાંતના કર્ણપટ પર સુરીલીના અંતિમ શબ્દો, 'જરૂર આવીશ...' પડઘાયા કરે છે. સુરીલી અને સૂરની મિશ્ર યાદોથી વ્યથિત બની એ કલાકો સુધી શૂન્યમાં ખોવાઈ જાય છે.

(સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| धनगर | ચેક |
| धनादेश | ધોધ |
| धबधबा | બંધ |
| धरण | ખજાનચી |
| धनाध्यक्ष | ભરવાડ |

### ઓળખાણ પડી?

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની એક કુશળ ખેલાડીની ઓળખાણ પડી? તેના નેતૃત્વમાં ભારતીય ટીમ ખાસ્સી પ્રગતિ કરી શકી છે.

અ) રિચા ઘોષ
બ) હરમનપ્રીત કૌર
ક) દીપ્તિ શર્મા
ડ) રેણુકા સિંહ




### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ડ | ૨ ગ | ડા | ટ | | ૩ અ | ૪ ભ | ૨ | ૫ ખા |
| ભ | | દા | | | ૬ અ | રે | રે | | તા |
| ૭ રા | ૮ ત | | ૯ સુ | મ | તિ | | | ૧૦ બા | ધા |
| ૧૧ મ | ન | | મ | | ૧૨ ક્ર | મ | શઃ | | ૨ |
| ણ | | ૧૩ ખૂ | ન | | મ | | | ૧૪ આં | ક |
| | ૧૫ બ | સ | | ૧૬ લ | ણ | ણી | | બ | |
| ૧૭ અ | ફા | ટ | | ૫ | | | ૧૮ કા | લિ | ૧૯ કા |
| ૨૦ ધિ | ટ | | ૨૧ પૂ | છ | ૫ | ૨૨ ૨ | છ | | ર્ય |
| કા | | ૨૩ સા | ૨ | ૫ | | ૨૪ જ | ડી | | વા |
| ૨૫ ૨ | ણ | ઝ | ણ | | ૨૬ ઘા | સ | | ૨૭ સ | હી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | ૫ | ૬ |
| | | ૭ | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | | | | ૧૧ | | | |
| | | | | | | | | ૧૨ | |
| ૧૩ | | ૧૪ | | ૧૫ | | | | | |
| | | ૧૬ | | ૧૭ | | | | | ૧૮ |
| ૧૯ | | | | ૨૦ | ૨૧ | | ૨૨ | | |
| | | ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ | | | |
| | ૨૭ | | | ૨૮ | | ૨૯ | | ૩૦ | |
| ૩૧ | | | ૩૨ | | | | ૩૩ | | |

**આડી ચાવી**

((૧) ગૃહસ્થ, હોસ્ટેલના અધિપતિ (૪)
(૪) એક વૃક્ષ (૫)
(૭) મોટો ઉત્તમ હાથી (૪)
(૯) પારકું, અન્ય, અતીત (૨)
(૧૦) વૃદ્ધ, બૌદ્ધ સાધુ (૩)
(૧૧) કેન્દ્રથી પરીઘ સુધીનું અંતર (૨)
(૧૨) એક પક્ષી (૨)
(૧૩) ખૂબ, પુષ્કળ (૨)
(૧૫) વિવિધ, તરેહતરેહની (૪)
(૧૬) લાજ, લજ્જા, મર્યાદા (૩)
(૧૯) ... કરવું એટલે સ્વીકારવું (૩)
(૨૦) હાલત, પરિસ્થિતિ (૨)
(૨૨) તફાવત (૩)
(૨૩) વતન, રહેઠાણ (૨)
(૨૫) ઘોર (૩)
(૨૭) શાસન કરે તે (૪)
(૨૯) બીજો મોગલ બાદશાહ (૩)
(૩૧) અભિનય, છટા (૨)
(૩૨) નવું (૩)
(૩૩) નગર કરતાં નાનું શહેર (૩)

**ઊભી ચાવી**

(૧) સજ્જન, ઘર વસાવીને રહેતો માણસ (૩)
(૨) ચાલવાનો અવાજ (૪)
(૩) પખવાડિયાની ત્રીજી તિથિ (જો.છૂ.) (૨)
(૪) ખૂબ, પુષ્કળ (૨)
(૫) તડકો (૨)
(૬) સરકારનું (૪)
(૮) ફૂલમાંની રજ (૩)
(૧૧) ત્રણ ભુવન (૪)
(૧૨) ...... આંખ એટલે નવા જમાનાની નજરે (૨)
(૧૩) કૃપા (૪)
(૧૪) પહેલાં ..... થી સમાચાર મોકલાતા (૨)
(૧૬) આભૂષણ, વસ્ત્રો વગેરે પહેરવાં તે (૪)
(૧૭) અભિમાન (૨)
(૧૮) કાંકરો (૩)
(૨૧) ...... ભાજી તાજાં ખાવાં (૨)
(૨૨) હુકમ, સનદ (૪)
(૨૪) સ્ત્રી ...ને ઘર બનાવે (૩)
(૨૬) ઘણું (૨)
(૨૭) હંમેશાં (૨)
(૨૮) ...... પાક એટલે શિયાળુ પાક (૨)
(૩૦) અત્યારે કલિ ..... ચાલે છે (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સગા ફઈના એકમાત્ર સગા ભાભીના પિતાશ્રીનો એકમાત્ર પુત્ર પુરુષને શું થાય એ દિમાગ દોડાવો જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) સાળો ક) સાઢુભાઈ ડ) ભાણેજ

### જાણવા જેવું

જમીન વગરની ખેતી હાઇડ્રોપોનિક તરીકે ઓળખાય છે. હાઇડ્રોપોનિક છોડવાઓ જમીન કરતાં ઝપાટાબંધ ઊગી નીકળે છે અને પાક વહેલો તૈયાર થઈ જાય છે. વળી ઓછાં રસાયણો અને મિશ્રણને પ્રમાણમાં ગરમ રાખી તેમ જ પ્રકાશને કાબૂમાં રાખી શિયાળામાં જ તૈયાર થતાં બટાટાના વર્ષમાં ત્રણ ફાલ મેળવી શકાય છે.

### સુડોકુ-૮૦૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | ૯ | | ૮ | ૭ | ૨ | |
| | ૯ | | ૬ | ૧ | ૫ | | ૩ | |
| | | | | | | | | |
| ૯ | | ૩ | ૧ | | ૪ | ૨ | | ૭ |
| | ૬ | | | | | | ૮ | |
| ૫ | | ૭ | ૮ | | ૨ | ૪ | | ૩ |
| | | | | | | | | |
| | ૨ | | ૫ | ૮ | ૬ | | ૭ | |
| | ૩ | ૫ | ૭ | | ૧ | ૬ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૯ | ૩ | ૨ | ૬ | ૧ | ૭ | ૪ |
| ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૩ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૮ | ૯ | ૨ | ૬ | ૫ |
| ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૭ | ૩ | ૪ | ૧ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૩ | ૨ | ૭ | ૫ | ૬ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૧ | ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૯ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૪ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૫ | ૧ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં સરસ્વતીનો સંગ કરતું એક તંતુ વાદ્ય સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

તારે ઘરે છેલ્લે પ્રવીણા ક્યારે આવી હતી એ યાદ હોય તો મને જણાવજે.

### નોંધી રાખો

વિચારો જીવનને આકાર આપે છે. વિચાર બદલવાથી જીવન બદલાઈ જશે અને યાદ રાખજો કે ધીરજ સફળતાની ચાવી છે.

### માઈન્ડ ગેમ

વિવિધ દેશમાં વિવિધ ચલણ અસ્તિત્વ ધરાવે છે. દક્ષિણ અમેરિકાના દેશ આર્જેન્ટિનામાં કયું ચલણ અસ્તિત્વમાં છે એ કહેશો?

અ) દીનાર બ) પેસો
ક) રૂબલ ડ) પુલા

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| चव | સ્વાદ |
| चंग | કમરપટ્ટો |
| चिंच | આમલી |
| चिक | સળી |
| चित्त | મન |

ગુજરાત મોરી મોરી રે
પિતા

ઓળખાણ પડી?
મહાશ્વેતા દેવી

માઈન્ડ ગેમ
મેલિક એસિડ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રાજકોટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) નૂતન વિપીન

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## ધીમે બોલવું... આ છે જીવનની ગતિને સમજવાની ફિલોસોફી

'ધીમે બોલો' એ માત્ર એક શિસ્ત નથી, પરંતુ આપણી અંદરની ઊર્જા અને માનસિક શાંતિ સાથે સંકળાયેલી એક ફિલોસોફી છે.

ધીમે બોલવાનો અર્થ છે ધીમે વિચારવું, ધીમે ચાલવું અને ધીમે જીવવું. આજકાલની ભાગદોડ ભરેલી જીવનશૈલીમાં આપણે ઝડપથી વિચારવા-બોલવા ને જીવવાની ટેવ પાડી દીધી છે. એના કારણે આપણું મન કચરાપેટી જેવું બની ગયું છે. આપણી પાસે પાછલાં વર્ષોની કોઈ ખાસ યાદો પણ નથી રહી. આવું એટલા માટે થાય છે, કારણ કે આપણા વિચારવા અને જીવવામાં ઠહેરાવ-સ્થિરતા રહી નથી રહ્યા. આપણે ખૂબ જ ઝડપથી વિચારીએ છીએ - બોલીએ છીએ અને જીવીએ છીએ, જેના કારણે વર્ષો પણ ઝડપથી પસાર થઈ રહ્યાં છે. બધું જ બહુ ઝડપથી કરવાને કારણે આપણાં મન અને જીવનમાં તણાવ ખૂબ વધી ગયો છે. એના કારણે આપણા જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી છે અને આપણે ભૌતિક રીતે સમૃદ્ધ હોવા છતાં દુઃખી છીએ.

ધીમે બોલવું એ એક ફિલોસોફી છે. ધીમે બોલવાનો અર્થ છે જીવનની ગતિને ધીમી કરવી. જ્યારે આપણે ધીમે બોલીએ છીએ ત્યારે આપણે ધીમે વિચારીએ છીએ, ધીમે ચાલીએ છીએ અને ધીમે જીવીએ છીએ. એના કારણે આપણું મન શાંત રહે છે અને આપણે જીવનની દરેક ક્ષણનો આનંદ માણી શકીએ છીએ. ધીમે બોલવાથી આપણે આપણી આસપાસની દુનિયાને વધુ સારી રીતે સમજી શકીએ છીએ.

ધીમે બોલવું એ યાદો બનાવવાની એક રીત છે. જ્યારે આપણે ધીમે જીવીએ છીએ ત્યારે. આપણા જીવનની દરેક ક્ષણને માણીએ છીએ અને તે આપણા મગજમાં કાયમ માટે છપાઈ જાય છે આમ આપણે વધુ યાદો બનાવતાં જઈએ છીએ. ધીમે બોલવું એ તણાવ ઓછો કરવાની એક રીત છે. જ્યારે આપણે ધીમે બોલીએ છીએ ત્યારે આપણું મન શાંત રહે છે અને આપણે તણાવથી દૂર રહી શકીએ છીએ.

ધીમે બોલવું એ ખુશ રહેવાની એક રીત છે.. તો ચાલો, આજે આપણે ધીમે બોલવાની ફિલોસોફીને અપનાવીએ અને આપણા જીવનને વધુ સુંદર બનાવીને વધુ ખુશ રહીએ.

આપણે ધીમે બોલવાની ફિલોસોફીને આપણા જીવનમાં કેવી રીતે અપનાવી શકીએ?

જાગૃત રહોઃ

જ્યારે તમે બોલો ત્યારે તમારા શબ્દો અને તમારી ગતિ પર ધ્યાન આપો. ધીમે બોલવાનો પ્રયાસ કરો અને તમારા શબ્દોને સમજો.

સમય કાઢોઃ

દિવસ દરમિયાન થોડો સમય કાઢો અને શાંત બેસી રહો. તમારા વિચારો પર ધ્યાન આપો અને તમારા મનને શાંત કરવાનો પ્રયાસ કરો.

પ્રકૃતિ સાથે જોડાઓઃ

પ્રકૃતિમાં સમય વિતાવો. કુદરતી વસ્તુઓનું અવલોકન કરો અને તેની સુંદરતાનો આનંદ માણો.

ધ્યાન ધરોઃ

દરરોજ થોડીવાર ધ્યાન ધરો.. એમ કરવાથી તમારું મન શાંત થશે અને તમે વધુ જાગૃત થશો.

સારાંશમાં એ જ કહેવાનું કે ધીમે બોલવું એ એક કળા છે. તેને શીખવા માટે સમય અને પ્રયત્નોની જરૂર છે, પરંતુ એકવાર તમે તેને અપનાવી લો તો પછી તે તમારા જીવનને વધુ સુંદર અને વધુ શાંત બનાવી શકે છે. ■





## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## કેટલી વાર મળ્યા બાદ નક્કી થાય કે...

ડિયર હની,

હમણાં હું ડેટિંગ એપ વિશેનો એક લેખ વાંચતો હતો. એમાં પ્રેમ કેમ કરવો એની ટીપ વિશેય વાત હતી. હિન્દી ફિલ્મો 'છોટી સી બાત'થી માંડી 'પાર્ટનર' યાદ આવી ગઈ. જોકે, મને એ સમજાતું જ નથી કે, કોઈ પ્રેમમાં માર્ગદર્શક કઈ રીતે બની શકે?

કવિ તુષાર શુક્લે બહુ સાચું કીધું છે કે,

**દરિયાના મોજાં કઈ રેતી ને પૂછે,**
**તને ભીંજાવું ગમશે કે કેમ?**
**એમ પૂછી ને થાય નહિ પ્રેમ..**

જોકે, આજે એફએમ રેડિયોથી માંડી ડેટિંગ એપ સુધી માર્ગદર્શન મળે છે કે, પ્રેમ કેમ કરવો, પ્રેમી સાથે વાત કઈ કરવી, બ્રેક અપ થયું હોય તો પેચ અપ કેમ કરવું, વગેરે, વગેરે...

આપણા બંનેનો સંબંધ થયો ત્યારે આપણે કેટલી વાર મળ્યાં હતાં ને પછી નક્કી કર્યું હતુંઃ ડન....

મને યાદ છે કે, એક વાર હું મારાં ભાભી સાથે તને જોવા આવેલો અને એ પછી એક વાર મળ્યાં એમ બે વાર આપણે બંને એકાંતમાં મળેલાં. હું ઘેર આવ્યો તો ભાભીએ બાને કહેલું કે, બહુ બધું પૂછતાં નહિ એમને છોકરી ગમી છે... આ 'ગમી જવું' એ કઈ પ્રકારની ઘટના છે એનું વિશ્લેષણ કઈ રીતે થઈ શકે? એ તો અનુભવવાની વાત છે. મને લાગે છે કે, બે મીટિંગમાં જ આપણે બંનેએ નક્કી કરી લીધું હતું કે, આપણે એકબીજા સાથે જિંદગી વિતાવી શકીશું.

જોકે, આ વાત બધાને લાગુ નથી પડતી. આજે તો બે ચાર મીટિંગ થાય પછીય છોકરા કે છોકરી એકબીજાને કહે છેઃ 'ના.. નહીં ફાવે.' કેટલાક કિસ્સા અનોખા હોય છે. આપણા પરિવારનો જ એક કિસ્સો છે. એ એન્જિનિયર યુવાન, એક છોકરી સાથે વાત ચાલી. બંને પક્ષે વડીલો એટલે કે બંનેનાં મા-બાપની હા હતી, પણ છોકરા અને છોકરીએ કહ્યું કે, 'અમને સમય જોઈએ.'

મજાની વાત એ છે કે, બંનેનાં મા-બાપે હા પાડી. બંનેએ મળવાની શરૂઆત કરી અને એ ક્રમ લગભગ ચાર-પાંચ મહિના ચાલ્યો ને પછી બંનેએ હા પાડી કે, અમે સાથે જીવવા માટે તૈયાર છીએ...હા, આવું બહુ ઓછા કિસ્સામાં બને છે, કારણ કે, હજુય સમાજમાં કોઈ છોકરા છોકરી સંબંધ વિના એકબીજાને મળતાં રહે તો એ ટીકાને પાત્ર બને છે.

આ જ છોકરાની બીજી એક વાત બહુ મજાની છે. એક જગ્યાએ છોકરી જવા ગયા અને હું એની સાથે હતો. અમે થોડી વાતચીત કરી પછી છોકરા-છોકરીને એકલાં વાત કરવા સગવડ કરી. હું છોકરીના પરિવાર સાથે વાતો કરતો રહ્યો. લગભગ પોણો કલાક વીત્યો. અમારી વાત ખૂટી પડી. મને થયું કે, આટલી બધી વાર બંને શું વાત કરતાં હશે? વળી, છોકરી છોકરાના હિસાબે થોડી જાડી હતી એટલે હું તો એમ જ ધારતો હતો કે, હમણાં થોડી વારમાં છોકરો બહાર આવી જશે. મારી ધીરજ ખૂટી એટલે મેં એને મેસેજ કર્યો કેઃ 'હાલો બાપુ, નીકળો બહાર, મારો છુટકારો થાય.'

બહાર આવ્યા બાદ અમે પાછા ફરતા હતા મેં પૂછ્યું કે, છોકરી જાડી હતી, તને ગમવાની નહોતી એ મને ખબર હતી તો આટલી બધી વાર વાત શું કરી? તો એ કહે, અમે એમ જ વાતો કરતાં હતાં. આ છોકરાનો સંબંધ નક્કી થયો એ પછી સગાઈ હતી. હું એ પ્રસંગમાં વહેલી સવારે પહોંચ્યો તો એ છોકરાના રૂમમાં જ થોડીવાર માટે સૂતો હતો. અડધી પડધી ઊંઘમાં મને એટલું કાને પડ્યું કે કોઈ વાત કરે છે. પછી ખબર પડી કે, એ બંને ફોન પર વાત કરતાં હતાં. ઊંઘમાંથી ઊઠ્યા બાદ ખબર પડી કે, એ બંને આખી રાત એકબીજાં સાથે ફોન પર વાત કરતાં હતાં. એટલી કલાકો શું વાત હોય?

આપણે બંને સગાઈ થયાં બાદ ઘણીવાર બહાર સાથે ગયા, પણ એટલી બધી વાતો ક્યારેય થઈ નથી. આજેય એટલી બધી નથી થતી. હું આમ તો ઘણું બધું બોલું છું, પણ તારી સાથે હોઉં તો મૌનના સહારે હોઉં એમ લાગ્યા કરે છે અને તુંય એ મૌનને સારી રીતે સમજે છે. મારું કે તારું મૌન એકબીજા માટે ભાષા બનતું આવ્યું છે. એ આપણા બંનેમાં કેટલાક રંગો ભરતું રહે છે. બે જીવનસાથી એકબીજાં સાથે બોલતાં જ રહે એ જરૂરી નથી. જરૂરી છે એકબીજાને સમજતાં રહે. જેમ કે, તું મારા ચહેરા પરથી સમજી જાય છે કે, હું કેવા મૂડમાં છું. મને પણ હવે તારા વિશે ખ્યાલ આવી જ જાય છે. ક્યારેક ના બોલીને એકબીજાને સાંભળવાની મજા છે.

નીલેશ રાણાની એક ગમતો શેર લખી વાત અહી અટકાવું છું...


**મૌન કહો તો એક શબ્દ છેઃ આમ જુઓ તો વાણી.**
**આભથી જુઓ બરફ પડે છે ને પળમાં વહેતું પાણી...**

તારો બન્ની

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## પહેલો સગો પાડોશી... ખરેખર?



**વૃદ્ધોની** વાત વૃદ્ધાશ્રમમાં જઈએ તો જ જાણવા મળે એવું નથી. આપણી આસપાસ, સગાં-સ્નેહી-મિત્રો પાસેથી પણ ઘણી વાર્તા મળી શકે.

હમણાં એવું જ બન્યું. એક કોલેજ ફ્રેન્ડને ઘણાં વખત પછી મળવાનું થયું. બે બહેનપણી મળે એટલે વાતોનો દોર ચાલુ થાય પછી એ ખજાનો ખૂટે જ નહીં. કોલેજ ટાઈમમાં અમે બંને બહુ જ ક્લોઝ હતા એટલે એકબીજાના ઘેર જવાનું પણ થતું અને અમે બંને પરસ્પરના પરિવારજનોને પણ ઓળખતા. એટલે અમે બંનેએ બંનેના સ્નેહીઓના ખબર પૂછ્યાં. : એ બધાં કેમ છે? શું કરે છે? વગેરે વાતો થઈ. કોના લગ્ન થઈ ગયા? કોણ શું ભણ્યું? કોણ કેવી જોબ કે બિઝનેસ કરે છે વગેરે પૂછતાં પૂછતાં યાદ આવ્યાં એ બહેનપણીના માસી-ભારતીમાસી.....

અમે કોલેજમાં હતા ત્યારે ઘણી વાર ભારતીમાસીને ત્યાં જતાં. ભારતી માસી અને એમના પતિ બે જ હતા ઘરમાં. કોઈ સંતાન ન હતું. માસા કામ પર ચાલ્યા જાય પછી માસી એકલાં જ હોય તેથી એમના ઘરમાં શાંતિ હોય એ કારણસર અમે પરીક્ષા વખતે ભારતીમાસીને ઘેર વાંચવા જતા. માસી અમારું બહુ ધ્યાન રાખે. ચા-નાસ્તો ગરમ ગરમ આપે.

આ ભારતીમાસી યાદ આવ્યાં એટલે પૂછ્યું, 'અરે, યાર ,. કેમ છે આપણાં ભારતીમાસી અને માસા? બંનેની તબિયત સારી છે? હવે તો એમની ઉંમર ઘણી થઈ હશે?

'હા, ભારતીમાસી ૮૦નાં થયાં માસા હવે રહ્યા નથી. પાંચ વર્ષથી માસી સાવ એકલા પડી ગયાં. એમાં થયું એવું કે માસાના અવસાનના એક વર્ષ પહેલાં જ એ બન્ને નવા ઘરમાં શિફ્ટ થયા હતા. જૂના ઘરમાં લિફ્ટ ન હતી અને ત્રીજા માળે એ બન્ને રહે. વધતી જતી ઉંમરને કારણે ત્રણ દાદરા ચઢવા-ઊતરવાની તાકાત ન હતી તેથી લિફ્ટવાળા ટાવરમાં શિફ્ટ થયા.... જૂના ઘરમાં પાડોશ સાથે વર્ષોનો સંબંધ તેથી માસીને ક્યારેય એકલું નહોતું લાગતું. બધા બહુ માસી-માસાનું બહુ ધ્યાન રાખતા ...પણ નવા ઘરમાં ફ્લેટના બધાંના દરવાજા બંધ. કોઈ કોઈને ઓળખે નહીં. ભારતીમાસીને તો નવા ઘરમાં જરાય ગમતું નહીં. હું કોઈ વાર મળવા જાવ ત્યારે કકળાટ કરતા. એવામાં માસા બીમાર પડ્યા.

આમ તો આપણે કહીએ કે, ''પહેલો સગો પાડોશી, પણ મુંબઈ જેવાં શહેરમાં આ કહેવત મોટેભાગે લાગુ પડતી નથી. ભારતીમાસી બાજુના બે ફ્લેટવાળાને ઓળખતા, એ પણ માંડ 'હાય, હલ્લો' સિવાય જાજો સંબંધ નહીં. માસા બીમાર હતા પણ નવા પાડોશીઓને ખબર પણ ન હતી. જૂના પાડોશીઓ મળવા આવતા. બપોરના ત્રણ વાગ્યા પછી ખબર કાઢવા મુલાકાતીઓ આવતા. મુલાકાતીઓ પોતાના ચપ્પલ દરવાજાની બહાર રાખતા. ચપ્પલ બહાર રાખતા એમાં બાજુના ફ્લેટમાં રહેતાં બહેન ભારતીમાસીને દબડાવીને કહેવા લાગ્યા, 'આન્ટી, તમારા બધાં સગાંવહાલાં આવે છે ને ચપ્પલ બહાર લોબીમાં રાખે છે એ ન ચાલે. અહીં ચપ્પલના ઢગલા થાય છે તે અમને ગમતું નથી. તમારા ઘરમાં ચપ્પલ રાખો.

ભારતીમાસી ચુપચાપ સાંભળી રહ્યાં. એક તો માસાની બીમારી એમાં પાડોશી સાથે માથાકૂટમાં ક્યાં ઊતરે? આગળ જતાં માસા સ્વર્ગે સિધાવ્યા. શરૂઆતમાં તો સગાં-સ્નેહીઓ આવતા રહેતા ધીમેધીમે બધાંનું આવવાનું ઓછું થઈ ગયું. માસી સાવ એકલા પડી ગયાં. માસી સાવ એકલા છે એ જોઈને પેલા પાડોશીબહેનની રંજાડ વધતી ગઈ. એ બહેન પોતાના ઘરના બધા સભ્યોનાં ચપ્પલનો ખડકલો ભારતીમાસીના દરવાજા પાસે કરવા લાગ્યા. પોતાના ઘરમાં ટી.વી.નું વોલ્યુમ સખત મોટું રાખે ને સાથે પોતાના ફ્લેટનો મુખ્ય ડોર ખુલ્લો રાખે જેથી માસી ડિસ્ટર્બ થાય. એનાં બાળકોના ટ્યુશન ટીચર આવે ત્યારે બાળકોને અને ટીચરને માસીના ઘરમાં ભણવા બેસાડી જાય..... માસીના ઘરમાં પોતાનો હક્ક જમાવવા લાગ્યા..માસી આરામ કરતાં હોય ત્યારે પોતાનાં બાળકોને માસીના ઘેર રમવા મૂકી જાય... માસીનો દરવાજો બંધ હોય તો જોરજોરથી બેલ મારે. કોઈ કોઈ વાર તો કારણ વગર માસી સાથે ઝઘડા પણ કરે.... એક વાર હું માસીને મળવા ગઈ ત્યારે માસી બિચારાં રડવા લાગ્યાં. પાડોશીના ત્રાસથી એ એવાં ત્રાસી ગયા હતા કે આ ઉંમરે એ ઘર બદલવાની ઝંઝટ પણ ક્યાં કરે ? આમાં મને વૃદ્ધાશ્રમનો વિચાર આવ્યો. મેં માસીને વાત કરી. માસી સંમત થયાં. મેં વૃદ્ધાશ્રમોની તપાસ કરી અને એક વૃદ્ધાશ્રમ એમને પસંદ પડ્યો. ત્યાં બધી રીતે શાંતિ હતી. એ પોતે પોતાની રીતે જીવી શકે અને બાકી બધું તૈયાર મળી જાય. કોઈની ખટપટ નહીં. છેલ્લાં છએક મહિનાથી ભારતી માસી એ વૃદ્ધાશ્રમમાં જ રહે છે. ખુશ છે.

પાડોશીઓના ત્રાસને કારણે પણ કોઈને વૃદ્ધાશ્રમમાં જવાનો વારો આવે.... સારા પાડોશી મળ્યા હોત તો એમણે પોતાનું ઘર છોડીને આમ વૃદ્ધાશ્રમમાં જવું ન પડત.... ■

# ડાન્સબારમાં ક્યારેય નહીં થાય...




મુંબઈઃ લાખો લોકોનાં જીવન જેને કારણે બરબાદ કરનારા ડાન્સબારને ૨૦ વર્ષ પહેલાં કોંગ્રેસ અને એનસીપીની સરકારે બંધ કરાવ્યા હતા. રાજ્ય સરકાર ડાન્સ બાર ફરી શરૂ કરાવવા માગે છે એવા અહેવાલો હતા, પણ સૂત્રોનું માનીએ તો સરકાર ડાન્સ બારની આ છમ છમા છમ પર કાયમી તાળું મારી દેવા માટે આ સંબંધી કાયદામાં જડબેસલાક સુધારો કરવાની ફિરાકમાં છે. મંગળવારે પ્રધાનમંડળની બેઠક મહારાષ્ટ્રની હોટેલ અને બારમાં અશ્લીલ નૃત્યો પર પ્રતિબંધ લાવવા બાબત અને તેમાં કામ કરી રહેલી મહિલાઓની ગરિમાના રક્ષણ માટે અધિનિયમ ૨૦૧૬માં સુધારો કરવાનો પ્રસ્તાવ હતો.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કેટલાક નિર્દેશો આપવામાં આવ્યા હતા અને તેની આડશમાં ડાન્સ બાર ફરી શરૂ કરવાની હિલચાલ ચાલી રહી છે. જોકે આમાં સફળતા મળે નહીં એ માટે સરકાર વિધાનસભાના આગામી બજેટ સત્રમાં ખરડો રજૂ કરવાની તૈયારી કરી રહી છે. સૂત્રોનું માનીએ તો સુપ્રીમ કોર્ટે આપેલા નિર્દેશોનો આધાર લઇને કોઇ ફરી ડાન્સ બાર શરૂ કરવા માટે કોર્ટ જઈ નહીં શકે એવો જડબેસલાક કાયદો ઘડવા સરકાર માગે છે.

મહાયુતિ પાસે બહુમતી હોવાથી આ ખરડો પસાર કરવામાં કોઇ સમસ્યા નહીં થાય. આથી હવે મુંબઈ સહિત રાજ્ય આખામાં ડાન્સબાર ફરી ધમધમે એવી શક્યતા નથી. ■

## -તો પછી જોઈ લેજો...: રોહિત પાટીલની ચીમકી

ડાન્સબાર બંધ કરવામાં જેમની સૌથી મોટી ભૂમિકા હતી એ સ્વર્ગીય આર. આર. પાટીલના પુત્ર રોહિત પાટીલે સરકારને ચેતવણી આપી છે કે જો ડાન્સ-બાર ફરી ધમધમવા દેવામાં આવશે તો મહારાષ્ટ્રની સંસ્કૃતિને બચાવવા માટે અમે મેદાનમાં ઊતરીશું. ઉલ્લેખનીય છે કે ૨૦ વર્ષ પહેલાં ૨૦૦૫માં ડાન્સબાર બંધ કરાવવાનો શ્રેય દિવંગત મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખના પ્રધાનમંડળમાં રહેલા દિવંગત ગૃહપ્રધાન આર. આર. પાટીલને જાય છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૯માં પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને અમુક નિયમો લાગુ કરવાનો આદેશ આપ્યો હતો.

# ઓપરેશન ટાઈગર સામે ઉદ્ધવનું ડેમેજ કન્ટ્રોલ

## શિંદે-સેનાની નેતાઓ ફોડવાની રમત સામે ઉદ્ધવ સેનાએ રચી નવી વ્યૂહરચના

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસથી એકનાથ શિંદેની સેનાના ઓપરેશન ટાઈગરની ચર્ચાએ જોર પકડ્યું છે. ઠાકરેની સેનાના ભૂતપૂર્વ વિધાનસભ્યો અને પદાધિકારીઓ ઉદ્ધવ ઠાકરેને છોડીને શિંદેની સેનામાં જોડાઈ રહ્યા છે ત્યારે એવું કહેવાઈ રહ્યું છે કે ઠાકરેની સેના હવે પક્ષની અંદરના નુકસાનને નિયંત્રિત કરવા અને શિંદેના ઓપરેશન ટાઈગરને તોડવાની વ્યૂહરચના બનાવી રહી છે. આ માટે પક્ષના નેતાઓ, ઉપનેતાઓ અને સચિવોને ખાસ જવાબદારી સોંપવામાં આવી હોવાનું કહેવાય છે અને પક્ષના લીકેજને રોકવાનું કામ કરશે. દરમિયાન હવે શિવસેના શી રણનીતિ અપનાવશે તે જોવાનું રહ્યું. ભૂતપૂર્વ વિધાનસભ્ય રાજન સાળવી શિંદે સેનામાં જોડાયા બાદ કોંકણથી ઠાકરેની સેનાના પદાધિકારીઓ પણ શિંદે સેનામાં પ્રવેશ્યા હતા. વિધાનસભ્ય સુભાષ બનેનો શિંદે સેનામાં પ્રવેશ થયા પછી મુંબઈના ઠાકરેના સેનાના ભૂતપૂર્વ નગરસેવકો અને પદાધિકારીઓ પણ શિંદે સેનામાં જોડાયા. નેતાઓ સાથે પદાધિકારીઓ પણ પક્ષ છોડીને જતા હોવાથી પાર્ટીને આંચકો લાગ્યો હતો, ત્યારે ઠાકરેની શિવસેનાએ પોતાના જૂના શિવસૈનિકો સાથે રહે અને પક્ષને વધુ મજબૂત બનાવે એ માટે દોડધામ શરૂ કરી દીધી છે. આ હેતુ માટે બેઠકો પણ યોજાઈ રહી છે. ■

# હવે તો મને છોડોઃ અબુ સાલેમની કોર્ટમાં અરજી

મુંબઈઃ ગેંગસ્ટર અબુ સાલેમે માફી અને જેલમાંથી મુક્તિ માટે હાઈ કોર્ટમાં અરજી કરી છે. ભારત અને પોર્ટુગલ વચ્ચેના પ્રત્યર્પણ કરાર મુજબ સાલેમે પચીસ વર્ષની જેલની સજા પૂરી કરી હોવાથી તેણે જેલમાંથી મુક્ત કરવાની માગ કરતી અરજી કરી છે. આ સંદર્ભે સાલેમની અરજીને ૧૦મી ડિસેમ્બરના રોજ ખાસ ટાડા કોર્ટે ફગાવી દીધી હતી. આની સામે સાલેમે હાઈ કોર્ટમાં અરજી કરી છે. સાલેમની અરજીની સુનાવણી જસ્ટિસ સારંગ કોટવાલ અને જસ્ટિસ શ્રીરામ મોડકની બેન્ચ સમક્ષ થઇ હતી. સુનાવણી ૧૦મી માર્ચે મોકૂફ રાખવામાં આવી હતી.

અબુ સાલેમે કરેલી અરજીમાં દાવો કર્યો હતો કે કાચા કેદી તરીકે વિતાવેલા સમય અને મળેલી માફી સહિત કુલ સજા પચીસ વર્ષથી વધુ છે. તેમની અરજી મુજબ, ૨૪મી ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં તેણે બે કેસમાં કુલ પચીસ વર્ષથી વધુ જેલમાં વિતાવ્યાં છે. ■

# જન્મજયંતીએ શિવાજી મહારાજને આદરાંજલિને બદલે શ્રદ્ધાંજલિ આપીઃ રાહુલ ગાંધી પર ટીકાવર્ષા



**આદરાંજલિઃ** છત્રપતિ શિવાજી મહારાજની ગઈ કાલે જન્મજયંતી નિમિત્તે થાણેમાં યુવાનોએ પદયાત્રા યોજી હતી. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ કોંગ્રેના નેતા રાહુલ ગાંધીએ ફરી એક વાર રાજકારણમાં ખળભળાટ મચાવી દે એવો માહોલ ઊભો કર્યો છે. શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે તેમણે આંદરાંજલિને બદલે શ્રદ્ધાંજલિ આપતી ટ્વીટ કરી છે. ભાજપ અને વંચિત બહુજન આઘાડીએ આ અંગે રાહુલ ગાંધીને કહ્યું પણ હતું કે શ્રદ્ધાંજલિ નહીં આદરાંજલિ આપવી જોઇએ. રાહુલ ગાંધીની આ ભૂલને કારણે ચારેકોર રાહુલ ગાંધીને ટીકા થઇ રહી છે અને સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે રાહુલ ગાંધીનું નિવેદન એ મહારાષ્ટ્રનું અપમાન છે. મહારાષ્ટ્રના મહાપુરુષોનું અપમાન કરનારઓની હું નિંદા કરું છું. તેમણે બધા શિવભક્તોની માફી માગવી જોઇએ. રાહુલ ગાંધી આવાં નિવેદનો ભૂલથી નહીં, પણ જાણીજોઇને કરતા હોય છે. ■

# કેબિનેટે ન લીધેલા નિર્ણયો માટે પણ ધનંજય મુંડેએ ભંડોળ છૂટું કર્યું હતું

## અંજલિ દમાણિયાના આક્ષેપોથી મુંડેની મુશ્કેલીઓ વધશે

મુંબઈઃ ધનંજય મુંડે માટે ફરી વાર અંજિલ દમાણિયાના આક્ષેપો મુશ્કેલીઓ ઊભી કરી શકે એમ છે. કાર્યકર દમાણિયાએ એવો આક્ષેપ કર્યો છે કે, કેબિનેટે લીધા ન હોય એવા નિર્ણયો માટે ભંડોળ છૂટું કરીને ૨૦૨૪માં કૃષિ પ્રધાન તરીકે તેમણે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું હતું.

તેમણે માંગ કરી હતી કે વર્તમાન ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન મુંડેને બરતરફ કરવામાં આવે અને ભવિષ્યમાં ક્યારેય પ્રધાન ન બનાવવામાં આવે.

મુંડેએ તેમના આરોપોને ''પાયાવિહોણા અને હાસ્યાસ્પદ'' ગણાવ્યા અને જો તેમની પાસે કોઈ નક્કર પુરાવા હોય તો કોર્ટમાં જવાની પડકાર ફેંક્યો.

દમાણિયાએ આરોપ લગાવ્યો કે જ્યારે મુંડે કૃષિ પ્રધાન હતા, ત્યારે તેમણે સપ્ટેમ્બર, ૨૦૨૪માં ભંડોળની ફાળવણી સહિત મહત્વપૂર્ણ નાણાકીય નિર્ણયો માટે કેબિનેટ મંજૂરીઓનો દાવો કરીને અધિકારીઓ અને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. (પીટીઆઈ)■

# સાંઈભક્તોને લૂંટતી ગેંગ પકડાતા અનેક કેસ ઉકેલાયા

## સુરતથી શિર્ડી આવતી સાંઈભક્તની કારની દિલધડક લૂંટ ચલાવનારા સાત પકડાતા અનેક ગુનાનું પગેરું મળ્યું

મુંબઈઃ ગુજરાતના સુરત શહેરથી એક સાંઈભક્ત કારમાં શિર્ડી આવી રહ્યો હતો ત્યારે કોપરગાંવ નજીક તેની કારને આંતરીને બંદૂક અને તીક્ષ્ણ હથિયાર વડે કીમતી જણસ અને રોકડ સહિત લાખો રૂપિયાની લૂંટ કરી હતી. સ્થાનિક ગુના શાખાની ટીમે સાત જણની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી પોલીસ ૯.૬૪ લાખ રૂપિયાની કીમતી વસ્તુ જપ્ત કરી હતી. તેઓની પૂછપરછ દરમિયાન સાંઈભક્તોની લૂંટવાની તેમ જ સંગમનેર, ઘોટી અને વૈજાપુરની લૂંટમાં તેમનો હાથ હોવાની કબૂલાત કરતાં અનેક કેસ ઉકેલાયા હતા.

પોલીસે આપેલી માહિતી અનુસાર ૧૬મી ફેબ્રુઆરીએ સવારે સાડાછ વાગ્યે ફરિયાદી મોહિત પાટીલ સાંઈબાબાનાં દર્શન કરવા માટે લાસલગાંવ-કોપરગાંવથી શિરડી આવી રહ્યા હતા. એ સમયે અજાણ્યા શખસે પાટીલને કારને આંતરી હતી. બંદૂક અને તીક્ષ્ણ હથિયારની ધમકી આપીને પાટીલે પહેરેલા સોનાના દાગીના બળજબરીથી લૂંટીને ભાગી ગયા હતા. આ અંગે કોપરગાંવ તાલુકા પોલીસ સ્ટેશનમાં લૂંટની ફરિયાદ કરવામાં આવી હતી. બુધવારે સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચની ટીમને એવી માહિતી મળી હતી કે વિજય જાધવ અને તેના સાથીઓ લાસલગાંવથી શિરડી તરફ આવી રહ્યા છે. પોલીસે શિર્ડીના કરવાડી ફાટા નજીક છટકું ગોઠવીને વિજય અને તેના સાથીઓની ધરપકડ કરી હતી.

# કાંદિવલીમાં દામુ નગરમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી (પૂર્વ)માં ઠાકુર વિલેજમાં રોડ નંબર પાંચ પર દામુ નગરમાં આઝાદ વાડી ચાલમાં રહેલા ગાળાઓમાં બુધવારે મોડી સાંજે અચાનક આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ દામુ નગરમાં આવેલી આઝાદ વાડી ચાલમાં ગાળાઓ આવેલા છે. બુધવારે મોડી સાંજે ૬.૪૨ વાગે અચાનક ચાલીમાં આવેલા એક ગાળામાં આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ત્રણ ફાયર એન્જિન, ચાર વોટર જેટલી, એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ વગેરે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. મોડે સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.■

# ડ્રગ્સ ભરેલી ૯૪ કૅપ્સ્યૂલ ગળી જનારા બે વિદેશી નાગરિક પકડાયા

મુંબઈઃ ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) ડ્રગ્સની તસ્કરીને ઇરાદે કોકેઈન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળી જનારા બે વિદેશી નાગરિકની ધરપકડ કરી હતી.

હૉસ્પિટલમાં દાખલ કરાયેલી કોન્ગો મહિલાના પેટમાંથી ડ્રગ્સની ૧૦ કૅપ્સ્યૂલ્સ, જ્યારે યુગાન્ડાના નાગરિકના પેટમાંથી ૮૪ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી. બન્ને આરોપી પાસેથી અંદાજે ૧૬ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ મહિલા કિંશાસાથી ફ્લાઈટમાં છત્રતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ આવી હતી. બીજા એક કેસમાં યુગાન્ડાથી આવેલા એકને તાબામાં લેવાયો હતો.

## ઑરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ટનલ સહિતના ઈન્ફ્રા પ્રોજેક્ટસ માટે...

# એમએમઆરડીએ ૭,૦૦૦ કરોડ રૂપિયાની લોન લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા અનેક મોટા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ પૂરા થયા બાદ નવા પ્રોજેક્ટ ક્નેક્ટિવિટીમાં તો વધારો કરશે પણ સાથે જ ટ્રાફિકમાં પણ રાહત મળશે. આ પ્રોજેક્ટ આર્થિક રીતે પણ મુંબઈને ફાયદારૂપ બની રહેશે. એમએમઆરડીએ પોતાનો મુખ્ય પ્રોજેક્ટ ગણાતા દક્ષિણ મુંબઈના ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ અંડરગ્રાઉન્ડ ટનલ રોડનું કામ ઝડપી ગતિએ કરવા માટે રાજ્યની માલિકીની યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી ૭,૩૨૬ કરોડ રૂપિયાની લોન લીધી છે.

મુંબઈમાં ટ્રાફિક અને પાયાભૂત સુવિધાનો કાયાપલટ કરવાની દિશામાં એક મોટું પગલું લઈને (જુઓ પાનું ૯)

## મરાઠા રાજાની ૩૯૫મી જન્મજયંતીએ મુખ્ય પ્રધાને તેમને મેનેજમેન્ટ ગુરુ કહી આપી આદરાંજલિ

# છત્રપતિશિવાજી મહારાજનું અપમાન કરનારાઓને માફ નહીં કરાયઃ ફડણવીસ



મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને દેવેન્દ્ર ફડણવીસે બુધવારે છત્રપતિ શિવાજી મહારાજને તેમની ૩૯૫મી જન્મજયંતી પર આદરાંજલિ આપી હતી અને તેમને મેનેજમેન્ટ ગુરુ અને કલ્યાણકારી રાજ્ય ચલાવવાનું ઉદાહરણ બેસાડનારા સક્ષમ પ્રશાસક તરીકે બિરદાવ્યા હતા. શિવાજી મહારાજે સ્વરાજ્યની સ્થાપના જ નહીં પણ રાષ્ટ્રીય ગૌરવની ભાવના પણ પ્રગટ કરી હતી. યોદ્ધા શિવાજી મહારાજનો જન્મ ૧૯મી ફેબ્રુઆરી, ૧૬૩૦ના રોજ જિલ્લાના જુન્નર તહેસીલમાં થયો હતો.

તાજેતરમાં એક અભિનેતા દ્વારા યોદ્ધા રાજા વિશે કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં, ફડણવીસે કહ્યું, જે લોકો શિવાજી મહારાજનું અપમાન કરવાનો પ્રયાસ કરે છે તેમને તેમનું વાસ્તવિક સ્થાન બતાવવામાં આવશે. ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારે શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી, જેમાં શિવનેરી કિલ્લામાં પારણું સમારોહનો સમાવેશ થાય છે, કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં અનુયાયીઓ એકઠા થયા હતા. ફડણવીસે કહ્યું હતું કે શિવનેરીની ભૂમિ પર પગ મૂકવાથી સ્વરાજ્યની પ્રેરણા મળે છે અને આ જ ભાવના લોકોને વારંવાર આ સ્થાન પર લાવે છે. જિજામાતાએ શિવાજી મહારાજને એક એવા નેતા તરીકે કલ્પના કરી હતી કે તે શોષણ અને અત્યાચારનો અંત લાવશે અને લોકોને સ્વરાજ્ય તરફ દોરી જશે, એવું તેમણે કહ્યું હતું. ■

# 'છાવા' નહીં થાય ટેક્સ-ફ્રીઃ સીએમ

મુંબઈઃ હાલમાં લક્ષ્મણ ઉતેકર દિગ્દર્શિત ફિલ્મ છાવાને પ્રેક્ષકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં અભિનેતા વિકી કૌશલે છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની જોરદાર ભૂમિકા ભજવી છે. રાજ્યમાં છાવા ફિલ્મ હાઉસફૂલ જઇ રહી છે ત્યારે આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની પણ માગણી થઇ રહી છે. આ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ અંગે મહત્ત્વનું નિવેદન કર્યુ છે.

ફડણવીસે સંભાજી મહારાજની બહાદૂરી અને પરાક્રમ ફિલ્મ દ્વારા દેખાડવા માટે તેના નિર્માતાને અભિનંદન આપ્યા હતા.

ફિલ્મને ટેક્સ ફ્રી કરવા અંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે હું રાજ્યના લોકોને કહેવા માગું છું કે કોઇ પણ રાજ્ય ફિલ્મને ટેક્સ ફ્રી કરે ત્યારે મનોરંજન કર માફ કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ૨૦૧૭થી આ કર હંમેશા માટે રદ કરવામાં આવ્યો છે. તેથી ફિલ્મને ટેક્સ ફ્રી કરવાની જોગવાઇ જ આપણી પાસે નથી, એમ ફડણવીસે જણાવ્યું હતું. ■

# સંભાજી મહારાજ સામેની વાંધાજનક માહિતી દૂર કરવા મહારાષ્ટ્ર સાયબરે વિકિપીડિયાને કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર સાયબરે અમેરિકાસ્થિત વિકીમીડિયા ફાઉન્ડેશનને છત્રપતિ સંભાજી મહારાજ સંબંધિત વાંધાજનક સામગ્રી વિકિપીડિયા પેજમાંથી દૂર કરવાનું કહ્યું છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. વિકિપીડિયા પર સંભાજી મહારાજ વિશે બદનક્ષીભરી માહિતીઓ હોવાનો દાવો વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ મહારાષ્ટ્ર સાયબર દ્વારા ઉક્ત પગલાં લેવામાં આવ્યા હતા. એક દિવસ પહેલા જ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્ર સાયબરને વિકિપીડિયાનો સંપર્ક સાધી સંભાજી મહારાજ અંગેની વાંધાજનક માહિતી દૂર કરવાનું કહેવાનો નિર્દેશ કર્યો હતો. સાયબર અને ઇન્ફર્મેશન સિક્યોરિટી ડિવિઝન મહારાષ્ટ્ર સાયબર દ્વારા કેલિફોર્નિયામાં વિકિપીડિયા ફાઉન્ડેશનને નોટિસ ફટકારી હતી અને તેમને સંભાજી મહારાજ અંગેની બદનક્ષીભરી માહિતીઓ દૂર કરવાની વિનંતી કરી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# હવે રોશનીથી ઝળહળાં થશે મરીન ડ્રાઇવનો વૉટરફ્રન્ટ

મુંબઈઃ લોકોથી ફાટફાટ થતા મુંબઇ શહેરમાં સાંજનો નિર્મળ આનંદ માણવા માટેનું લોકપ્રિય સ્થળ એટલે મુંબઇનો સૌથી જાણીતો મરીન ડ્રાઇવ વોટર ફ્રન્ટ. સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત ઉપનગરોમાંથી પણ રોજ હજારો પ્રવાસીઓ અને મુલાકાતીઓ અહીં આવે છે અને આથમતા સૂરજના શીતળ કિરણોની મજા માણે છે. જોકે, આ વોટર ફ્રન્ટના વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટ ઓછી હોવાથી સાંજ ઢળ્યા બાદ આ વિસ્તાર અંધાર્યો લાગે છે. હવે બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન (પાલિકા)એ એનો ઇલાજ શોધી કાઢ્યો છે. આપણે એ વિશે જાણીએ. મરીન ડ્રાઇવ પર દૈનિક મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને પાલિકાએ આ જાણીતા અને લોકપ્રિય વોટરફ્રન્ટ પર રોશની વધારવાનો નિર્ણય લીધો છે. આગામી થોડા સમયમાં એર ઈન્ડિયા બિલ્ડિંગના છેડાથી લઇને નેશનલ સેન્ટર ફોર ધ પર્ફોર્મિંગ આર્ટ્સ (એનસીપીએ) બિલ્ડિંગ સુધીના વિસ્તારમાં ૧૧૦ એલઈડી લાઇટ ફિક્સર લગાવવાનો નિર્ણય લીધો છે, જે માટેનો અંદાજિત ખર્ચ ૧૭ લાખ રૂપિયા થશે. ■

# મહાકુંભમાં હેલિકૉપ્ટર રાઈડને નામે છેતરપિંડીઃ બિહારની ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ મેળામાં હેલિકૉપ્ટર રાઈડ બુક કરવાને નામે અનેક શ્રદ્ધાળુઓ પાસેથી નાણાં પડાવી કથિત છેતરપિંડી કરનારી બિહારની ટોળકીને પોલીસે પકડી પાડી હતી. આ ટોળકીને સાયબર ફ્રૉડ માટે મુંબઈના અંધેરી પરિસરમાં રહેતી યુવતી સિમ કાર્ડ્સ પૂરાં પાડતી હતી તો બિહારના યુવાને બોગસ વેબસાઈટ બનાવી આપી હતી. કફ પરેડ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ મૂકેશ કુમાર બ્રિજેશ કુમાર (૨૮), સૌરભ કુમાર રમેશ કુમાર (૨૫), અવિનાશ કમલેશ કુમાર ઉર્ફે બિટ્ટુ (૨૧), સૃષ્ટિ પ્રદીપ બર્નાવલ (૨૧) અને સંજિતકુમાર શૈલંદર મિસ્ત્રી (૨૪) તરીકે થઈ હતી. આરોપી મૂકેશ આ રૅકેટનો સૂત્રધાર હોવાનું પોલીસે જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ કફ પરેડ પરિસરમાં રહેતી મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. મહિલા પરિવાર સાથે મહાકુંભ મેળામાં જવાની હતી. તે સમયે હેલિકૉપ્ટર રાઈડ કરવાની તેની ઇચ્છા હતી. આ માટે ૧૭ જાન્યુઆરીએ મહિલાએ ઈન્ટરનેટ પર હેલિકૉપ્ટર રાઈડની સર્વિસ પૂરી પાડનારી કંપની વિશે સર્ચ કર્યું હતું, જેમાં એક વેબસાઈટ પરથી મહિલાને મોબાઈલ નંબર મળ્યો હતો.

ફરિયાદ અનુસાર મહિલાએ મોબાઈલ નંબર પર સંપર્ક કરતાં કંપનીના કથિત પ્રતિનિધિએ ૨૬ જણ માટે ડિસ્કાઉન્ટ સાથે ૬૦,૬૫૨ રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું. આ માટે પ્રતિનિધિએ ક્યૂઆર કોડ મોકલાવ્યો હતો.

મહિલાએ ફરી ઈન્ટરનેટ પર સર્ચ કરતાં હેલિકૉપ્ટર રાઈડવાળી વેબસાઈટ મળી નહોતી. વળી, પ્રતિનિધિનો સંપર્ક સાધતાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા. પછી એ મોબાઈલ નંબર પણ સ્વિચ ઑફ્ફ આવતાં પોતે છેતરાઈ હોવાની જાણ મહિલાને થઈ હતી. આ પ્રકરણે પોલીસે તપાસ કરતાં જે એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેમાંથી બિહારના અલગ અલગ એટીએમ સેન્ટરમાંથી કાઢવામાં આવ્યાં હોવાનું જણાયું હતું. બિહાર પહોંચેલી પોલીસની ટીમે એટીએમ સેન્ટરોના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં એક જ યુવાન રૂપિયા કઢાવતો હોવાનું નજરે પડ્યું હતું.

# ઉદ્ધવ ૨૦૧૯માં શિંદેને મુખ્ય પ્રધાન બનાવવા માગતા હતાઃ રાઉત

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૯ ની ચૂંટણી પછી એકનાથ શિંદેને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બનાવવાની યોજના બનાવી હતી, પરંતુ પહેલા ભાજપ અને બાદમાં શરદ પવાર સહિત મહાવિકાસ વિકાસ સંગઠનના સાથીઓએ ગંદી રમત રમી હોવાનો દાવો શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે કર્યો હતો.

'ભાજપે શિવસેના સાથે મુખ્યપ્રધાનનું પદ વહેંચવાનું વચન પૂરું કર્યું નહીં, તેથી જ શિંદેએ સરકારનું નેતૃત્વ કરવાની તક ગુમાવી,' રાઉતે જણાવ્યું હતું. ઠાકરેએ ૨૦૧૯ ની વિધાનસભા ચૂંટણી પછી મુખ્યપ્રધાન પદ માટે ભાજપ સાથેનું પક્ષનું જોડાણ તોડી નાખ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



### પાકિસ્તાને તિરંગાના મુદ્દે ઝૂકવું પડ્યું

કરાચીના સ્ટેડિયમમાં ગઈ કાલે સાત દેશના ધ્વજની સાથે ભારતનો તિરંગો પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આઇસીસીના નિયમને આધીન લહેરાવવો પડ્યો હતો. ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની તમામ મૅચો દુબઈમાં રમાવાની છે.

## ન્યૂ ઝીલૅન્ડના વિજયી શ્રીગણેશઃ હવે આજે ભારતની દુબઈમાં કસોટી

### ચૅમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં પાકિસ્તાન સામે કિવીઓ ચોથી મૅચ પણ જીત્યા

કરાચીઃ અહીંના નૅશનલ સ્ટેડિયમમાં ગઈ કાલે બહુચર્ચિત ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ન્યૂ ઝીલૅન્ડે યજમાન અને ડિફેન્ડિંગ પાકિસ્તાનને પ્રારંભિક મૅચમાં ૬૦ રનથી હરાવીને વિજયી આરંભ કર્યો હતો. બીજી બાજુ, આજે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ભારતે દુબઈમાં બાંગ્લાદેશ સામે રમવાનું છે. ચૅમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં ન્યૂ ઝીલૅન્ડ સામે પાકિસ્તાનની આ ચોથી મૅચ હતી અને ચારેયમાં કિવીઓ જીત્યા છે. કિવીઓએ પાકિસ્તાનને ગઈ કાલે જીતવા ૩૨૧ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો અને એ ટાર્ગેટના બાજ તળે મોહમ્મદ રિઝવાનની ટીમ દબાઈ ગઈ હતી. પાકિસ્તાનની ટીમ ૪૭.૨ ઓવરમાં ૨૬૦ રને ઑલઆઉટ થઈ ગઈ હતી. બાબર આઝમ (૯૦ બૉલમાં ૬૪ રન) વધુ સારું રમ્યો હોત તો પાકિસ્તાન જીતી શક્યું હોત એવું પાકિસ્તાનની ક્રિકેટમાં ચર્ચા હતી. તેની અને ખુશદિલ શાહ (૪૯ બૉલમાં ૬૯ રન) સિવાય બીજો કોઈ બૅટર હાફ સેન્ચુરી નહોતો ફટકારી શક્યો. વિલ ઑરુરકે તથા કૅપ્ટન સૅન્ટનરે ત્રણ-ત્રણ તેમ જ મૅટ હેન્રીએ બે વિકેટ લીધી હતી. બાબરની મહત્ત્વની વિકેટ સૅન્ટનરે લીધી હતી. એ પહેલાં, સુકાની મોહમ્મદ રિઝવાને ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી જેનો ન્યૂ ઝીલૅન્ડે પૂરો લાભ ઉઠાવ્યો હતો અને બે બૅટરની સેન્ચુરી તથા એક બૅટરની હાફ સેન્ચુરીની મદદથી ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૨૦ રનનો તોતિંગ સ્કોર નોંધાવીને પાકિસ્તાનને ૩૨૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

## નિવૃત્ત સૌરવ ગાંગુલી પાસે બે-ચાર કે દસ-વીસ નહીં, પણ પૂરી ૪૦ બ્રૅન્ડ છે!

નવી દિલ્હીઃ એક સમયનો ભારતનો સૌથી સફળ કૅપ્ટન અને એકવીસમી સદીની શરૂઆતમાં ટીમ ઇન્ડિયાના અભિગમમાં મોટું પરિવર્તન લાવીને ટીમમાં જોશ અને ઝનૂન ભરીને તેમને વિજય મેળવવા માટે અનોખી દિશા બતાવનાર સૌરવ ગાંગુલીએ ખેલાડી તરીકે નિવૃત્તિ લીધી એને ૧૭ વર્ષ થઈ ગયા છે, પણ કોર્પોરેટ જગતમાં મૉડેલ તરીકે તેની ડિમાન્ડ જરાય ઓછી નથી થઈ. ઊલટાની વધી છે એવું કહીએ તો પણ ખોટું નથી. બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ ગાંગુલી પાસે હાલમાં બે-ચાર કે દસ-વીસ નહીં, પણ પૂરી ૪૦ બ્રૅન્ડ છે.

દેશ-વિદેશની જાણીતી અનેક કંપનીઓ પોતાની પ્રૉડક્ટોના પ્રચાર માટે પ્લાન બનાવે ત્યારે એમાં ગાંગુલીને સમાવવાનું ચૂકતી નથી.

બાવન વર્ષનો ગાંગુલી હાલમાં ૪૦ એન્ડોર્સમેન્ટને લગતા કરાર પોતાના નામે ધરાવે છે. આ બ્રૅન્ડ બૅન્કિંગ, સ્થાવર મિલકત, વાહનો તેમ જ ઑટોમાબાઇલ્સ કંપનીઓની અન્ય પ્રૉડક્ટો, ઘરેલું માલસામાન તથા ગૅમિંગ સહિતની ખેલકૂદની ઍપને લગતી છે.

પીટીઆઇના અહેવાલ મુજબ ગાંગુલીની કેમ આટલી બધી ડિમાન્ડ છે એ વિશે તેની મૅનેજમેન્ટ ટીમના મેમ્બર ભાવેશ સિંહે કહ્યું હતું કે 'દાદા જે બ્રૅન્ડ સાથે પોતાને સાંકળી લે છે એ બ્રૅન્ડને માર્કેટમાં કંઈક અલગ જ રજૂઆત મળે છે. એ પ્રૉડક્ટને દાદાને કારણે એવી વિશ્વસનીયતા મળે છે જે અજોડ હોય છે. તેમની સમર્પણ ભાવનાને કારણે એ પ્રૉડક્ટ લોકોમાં વ્યાપક સ્તરે દેખાવા જ લાગે છે, એ ઉત્પાદન કે સર્વિસના એકધારા વિકાસની ખાતરી પણ સંબંધિત કંપનીને મળે છે. એ રીતે, માર્કેટમાં એ પ્રૉડક્ટની ખરી અસર જોવા મળે છે. દાદાની પોતાની પ્રતિભાની વિશ્વસનીયતા તેમ જ પૅશન અને લોકો સાથેના ઊંડાણપૂર્વકના સંપર્કને લીધે તેમની ગણના ગેમ-ચૅન્જર તરીકે થાય છે.' ગાંગુલી ખેલકૂદમાં માત્ર ક્રિકેટ સાથે સંકળાયેલો છે એવું નથી. ઇન્ડિયન રેસિંગ ફેસ્ટિવલમાં તે કોલકાતા ટીમની સહ-માલિકી ધરાવે છે તેમ જ દિલ્હી કૅપિટલ્સ સાથે પણ સંકળાયેલો જે જેમાં તે પુરુષોની આઇપીએલ અને મહિલાઓની ડબ્લ્યૂપીએલ, બન્ને ફ્રૅન્ચાઇઝી માટે કામ કરે છે.

# હું હવે પછી નિર્દોષ બાળકની જેમ રમવા માગું છુંઃ ધોની

મુંબઈઃ ભારતના ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી એને છ વર્ષ થઈ ગયાં છે, પરંતુ તેણે આઇપીએલમાં હજી રમવાનું ચાલુ જ રાખ્યું છે અને હજી બીજાં થોડાં વર્ષો રમવા માગે છે, પણ તેણે પોતાની એક ઍપ લૉન્ચ કરતી વખતે કહ્યું છે કે તે હવે પછી નિર્દોષ બાળકની માફક ક્રિકેટ રમવા માગે છે.

૪૩ વર્ષના ધોનીના સુકાનમાં ભારતે ૨૦૦૭નો ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧નો વન-ડે વર્લ્ડ કપ જીતી લીધો હતો. ૨૦૧૩માં ભારતે ચૅમ્પિયન્સ ટ્રોફીનું એકમાત્ર ટાઇટલ પણ તેના જ નેતૃત્વમાં મેળવ્યું હતું. ભારત વતી છેલ્લે ૨૦૧૯માં રમનાર માહીએ ચેન્નઈ સુપર કિંગ્સ વતી રમવાનું ચાલુ રાખ્યું છે.

એ તો ઠીક, પણ નિવૃત્તિ બાદ પાંચ વર્ષ પૂરાં કરવા બદલ હવે તે આઇપીએલમાં અનકૅપ્ડ પ્લેયર તરીકે રમી શકવાનો હોવાથી તેણે સીઝનના ૧૫-૨૦ કરોડ રૂપિયાને બદલે માત્ર ચાર કરોડ રૂપિયામાં રમવા તૈયાર થઈ ગયો છે. ધોનીએ પોતાની ઍપને લગતી ઇવેન્ટમાં મહેમાનોને સંબોધતા કહ્યું હતું કે 'હું ૨૦૧૯માં રિટાયર થયો એને ઘણાં વર્ષો થઈ ગયાં. હું ત્યાર પછી ક્રિકેટને મારી રીતે એન્જૉય કરીને રમતો રહ્યો છું અને હવે જેટલા વર્ષ રમીશ એને એ રીતે જ માણીશ.

જેમ હું બાળક હતો ત્યારે સ્કૂલમાં જે રીતે ક્રિકેટ એન્જૉય કરતો હતો એ રીતે હવે માણવા માગું છું. હું ત્યારે જે કૉલોનીમાં રહેતો ત્યારે અમે મિત્રો બપોર પછી ચાર વાગ્યે મેદાનમાં રમવા નીકળી પડતા હતા.

આમ તો અમે ક્રિકેટ રમવા જ જતા, પરંતુ જો હવામાન સારું નહોતું ત્યારે ફૂટબૉલ રમી લેતા હતા. હું ફરી એવી જ નિર્દોષતા સાથે રમવા માગું છું. હું એ પણ જાણું છું કે કહેવું સહેલું છે, કરવું અઘરું હોય છે.

દેશ વતી રમવાની તક દરેકને નથી મળતી હોતી એટલે એ બાબતને હંમેશાં ધ્યાનમાં રાખીને હું દેશ માટે સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરવાના આશયથી જ રમતો હતો, બીજું બધુ મારા માટે સેકન્ડરી હતું. યુવા વર્ગને મારી સલાહ છે કે પોતાના માટે શું સારું છે એ તમે પહેલાં નક્કી કરો અને પછી એને આધારે અગ્રતાક્રમ બનાવીને એનો અમલ કરો.' ■

# મિલિંદ રેગેનું નિધનઃ ૧૯૮૮માં સચિનને મુંબઈની રણજી ટીમમાં સિલેક્ટ કરનાર કમિટીના તેઓ મેમ્બર હતા

### મુંબઈના ભૂતપૂર્વ રણજી કૅપ્ટન અને ચીફ સિલેક્ટરનું ૭૬ વર્ષની ઉંમરે હાર્ટ અટૅકને કારણે અવસાન થયુંઃ સચિન-શાસ્ત્રીએ આપી અંજલિ

મુંબઈઃ મુંબઈ ક્રિકેટની સૌથી જાણીતી હસ્તીઓમાંના એક અને મુંબઈની ટીમના ભૂતપૂર્વ કૅપ્ટન મિલિંદ રેગેનું ગઈ કાલે હાર્ટ અટૅકને કારણે અવસાન થયું હતું. હજી રવિવારે તેમણે જીવનના ૭૬ વર્ષ પૂરાં કર્યાં હતાં. રેગે ૧૯૮૮માં સચિન તેન્ડુલકરને પહેલી વાર મુંબઈની રણજી ટીમમાં સિલેક્ટ કરનાર પસંદગીકાર સમિતિના મેમ્બર હતા.

રેગેને છાતીમાં દુખાવો થતાં બ્રીચ કૅન્ડી હૉસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા અને વહેલી સવારે છ વાગ્યે તેમનું નિધન થયું હતું. તેમના પરિવારમાં પત્ની અને બે પુત્રોનો સમાવેશ છે.

ઑલરાઉન્ડર મિલિંદ રેગે ૨૬ વર્ષના હતા ત્યારે તેમને હાર્ટ અટૅક આવ્યો હતો. જોકે તબિયત પૂર્ણપણે સારી થઈ ગયા પછી તેઓ ફરી ક્રિકેટ તરફ વળ્યા હતા અને પર્ફોર્મન્સ સુધાર્યો હતો જેને પગલે તેમને રણજી ટ્રોફીમાં મુંબઈની કૅપ્ટન્સી મળી હતી.

મિલિંદ દત્તાત્રેય રેગેનો જન્મ ૧૯૪૯ની ૧૬મી ફેબ્રુઆરીએ મુંબઈમાં થયો હતો. તેઓ રાઇટ-હૅન્ડ બૅટર અને રાઇટ-આર્મ ઑફ સ્પિનર હતા. ૧૯૬૬થી ૧૯૭૮ સુધીમાં તેઓ બાવન ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યા હતા જેમાં તેમણે ૧૨૬ વિકેટ લીધી હતી અને ૧,૫૩૨ રન બનાવ્યા હતા. છેલ્લે તેઓ જાન્યુઆરી, ૧૯૭૮માં વાનખેડેમાં બૉમ્બેની ટીમ વતી રેસ્ટ ઑફ ઇન્ડિયા સામે રમ્યા હતા. તેઓ મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) સાથે ઘણા વર્ષો સુધી સંકળાયેલા હતા અને એ દરમ્યાન તેઓ સિલેક્ટર, ચીફ સિલેક્ટર તેમ જ એમસીએના સલાહકાર બન્યા હતા.

૧૯૮૮માં નવયુવાન સચિન તેન્ડુલકરને મુંબઈની રણજી ટીમમાં સામેલ કરવામાં આવ્યો ત્યારે મુંબઈની સિલેક્શન કમિટીના એક મેમ્બર હતા મિલિંદ રેગે જેમણે મુંબઈ ક્રિકેટના વિકાસમાં મોટું યોગદાન આપ્યું હતું. મિલિંદ રેગે અને સુનીલ ગાવસકર વચ્ચે બાળપણથી દોસ્તી હતી. તેઓ જ એકસરખી સ્કૂલ અને કૉલેજમાં ભણ્યા હતા અને દાદર યુનિયન સ્પોર્ટિંગ ક્લબ વતી રમ્યા હતા.

૨૦૦૬માં ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈએ વીડિયો ઍનાલિસ્ટનો ઉપયોગ કરવો જોઈએ એવા અભિગમને ટેકો આપનારાઓમાં મિલિંદ રેગે પણ સામેલ હતા.

સચિન તેન્ડુલકરે મિલિંદ રેગેને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે 'તેઓ મુંબઈ ક્રિકેટમાં દિલોજાનથી યોગદાન આપનારા ખેલાડી અને વહીવટકાર હતા. ૧૯૮૮માં તેમણે તેમ જ ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ)ના અન્ય સભ્યોએ મારામાં સારા ક્રિકેટર બનવાની કાબેલિયત પારખી હતી અને મને સીસીઆઇ વતી રમવા કહ્યું હતું. હું એ ક્ષણો યાદ કરું છું તો ગર્વ અનુભવું છું અને એ સમયકાળને મારી કરીઅરના સીમાચિહ્ન તરીકે યાદ કરું છું. તેઓ હવે આપણી વચ્ચે નથી, પણ તેમના યોગદાન અને માર્ગદર્શન હરહંમેશ જીવંત રહેશે. મારા સહિત અનેકની કારકિર્દી માટે તેમનું યોગદાન અસરદાર હતું.

થૅન્ક યુ, સર ફૉર એવરીથિંગ.'

રવિ શાસ્ત્રીએ મિલિંદ રેગેને અસાધારણ મેન્ટર તરીકે ઓળખાવ્યા હતા.

ખુદ મિલિંદ રેગેએ થોડાં વર્ષો પહેલાં એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં એ સમયે રમાયેલી મુંબઈની ૫૦૦મી રણજી મૅચના અવસરે જણાવ્યું હતું કે 'મને મુંબઈની ટીમ માટે સિલેક્ટ કરનારાઓમાં વિજય મર્ચન્ટ, માધવ મંત્રી, પૉલી ઉમરીગર તથા મનોહર હાર્ડિકરનો સમાવેશ હતો.

તેઓ માત્ર સિલેક્ટર નહોતા. તેઓ મુંબઈ ક્રિકેટની મોટી હસ્તી પણ હતા.'

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકે મિલિંદ રેગેને અંજલિ આપતા જણાવ્યું હતું કે 'મિલિંદ રેગે સરના નિધન વિશે જાણીને ખૂબ દુઃખ થયું. તેમના માર્ગદર્શને અનેક પેઢીઓના ક્રિકેટરોની કરીઅરને નવો ઓપ



આપ્યો હતો. મુંબઈ ક્રિકેટને વારસામાં મળેલા તેમના બહુમૂલ્ય યોગદાનો હંમેશાં મદદરૂપ બનશે.' ■

# પાકિસ્તાનનો દાવો પોકળ સાબિત થયો, પોતાની જ પ્રારંભિક મૅચમાં પૂરતા પ્રેક્ષકો ન મળ્યા!

### અનેક સ્ટૅન્ડ ખાલીખમ જોઈને માઇકલ વૉને અણિયાળા સવાલો કર્યા

કરાચીઃ પાકિસ્તાનમાં છેક ૨૯ વર્ષે આઇસીસીની ક્રિકેટ સ્પર્ધા રાખવામાં આવી હોવાથી સ્વાભાવિક છે કે દેશના અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ સ્ટેડિયમમાં આવીને પોતાના આંગણે આવેલો આ ક્રિકેટોત્સવ માણે, પરંતુ પાકિસ્તાનમાં ગઈ કાલે સાવ ઊલટું જ બન્યું. કરાચીના નૅશનલ સ્ટેડિયમમાં પાકિસ્તાનની ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ મૅચ દરમ્યાન મોટા ભાગના સ્ટૅન્ડ ખાલીખમ હતાં.

ભારતે પોતાની ટીમને આતંકવાદીઓના ખતરાને કારણે પાકિસ્તાનમાં નથી મોકલી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા પહેલાં તો ભારતે સૂચવેલા હાઇબ્રિડ-મૉડેલ સામે વિરોધ કર્યો હતો, પરંતુ ક્રિકેટજગતના સૌથી શ્રીમંત ક્રિકેટ બોર્ડ બીસીસીઆઇ સામે આખરે એણે ઝૂકવું જ પડ્યું અને ભારતનું ધાર્યું જ થયું. ભારતની તમામ મૅચો દુબઈમાં રમાવાની છે. પીસીબીએ ભારતને બતાવી દેવા માટે મોટા-મોટા દાવા કર્યા અને ખૂબ ડંફાસ પણ મારી, પરંતુ ગઈ કાલે પરિણામ જોવા મળી ગયું. તમામ દાવા અને વચનો વચ્ચે પહેલા જ દિવસે પોલ ખૂલી ગઈ. ટીવી પરના જીવંત પ્રસારણ અનુસાર કરાચીના નૅશનલ સ્ટેડિયમના ઘણા સ્ટૅન્ડ ખાલી હતાં.

આ સ્ટેડિયમમાં કુલ ૩૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો બેસી શકે એટલી ક્ષમતા છે. એવું મનાતું હતું કે ત્રણ દાયકા બાદ પહેલી વાર દેશમાં મોટી ક્રિકેટ સ્પર્ધા યોજાવાની હોવાથી પહેલા દિવસે તો સ્ટેડિયમ ભરચક હશે, પણ એવું નથી બન્યું. ખાસ કરીને ન્યૂ ઝીલૅન્ડની ઇનિંગ્સ દરમ્યાન ઘણા સ્ટૅન્ડ ખાલી જોવા મળ્યાં હતાં.

ખાસ આ ટૂર્નામેન્ટ માટે કરાચી અને લાહોરના સ્ટેડિયમનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. રાવલપિંડી સહિત ત્રણેય સ્થળના સ્ટેડિયમો વિશે પીસીબીએ મોટા દાવા કર્યા હતા અને હવે જેમ તેમ કરીને ટૂર્નામેન્ટ શરૂ કરવામાં આવી છે.

ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન માઇકલ વૉને ગઈ કાલે 'એક્સ' પર બહુ સરસ કમેન્ટ કરી છે. તેણે લખ્યું છે કે 'પાકિસ્તાનમાં ચૅમ્પિયન્સ ટ્રોફી રમાતી જોઈને મને ખૂબ ગમ્યું. ૧૯૯૬ પછી પહેલી વાર પાકિસ્તાનમાં મોટી ક્રિકેટ ઇવેન્ટ રમાઈ રહી છે. જોકે આ ટૂર્નામેન્ટ શરૂ થઈ ચૂકી છે એવું સ્થાનિક લોકોને જણાવવાનું તેઓ ભૂલી ગયા છે કે શું? પ્રેક્ષકો તો દેખાતા નથી, ક્યાં છે ક્રિકેટપ્રેમીઓ?' ■

## શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝ કેમ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં નથી? કારણો ખૂબ રસપ્રદ છે

કરાચીઃ આઠ વર્ષે ફરી રમાઈ રહેલી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં આઠ ટીમ ભાગ લઈ રહી છે જેમાં અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ જેવી ટીમો છે, પરંતુ એમાં શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝની ટીમ કેમ નથી એવો સવાલ ઘણાને મૂંઝવતો હશે. આ મૂંઝવણ અહીં વિગતવાર વર્ણન સાથે દૂર કરી આપીશું.

૧૯૯૬માં વન-ડે વર્લ્ડ કપ જીતનાર અને ૧૯૭૫ તથા ૧૯૭૯ના સૌથી પહેલા બે વિશ્વવિજેતાપદ મેળવનાર વેસ્ટ ઇન્ડિઝની ટીમની ગેરહાજરીનું કારણ અહીંની વિગતો પરથી જાણવા મળી જશે.

ચૅમ્પિયન્સ ટ્રોફીના રૂપમાં પાકિસ્તાનમાં ૨૯ વર્ષે પહેલી વાર મોટી આઇસીસી ટૂર્નામેન્ટ યોજાઈ રહી છે. છેલ્લે પાકિસ્તાનમાં ૧૯૯૬માં વર્લ્ડ કપનું સંયુક્ત રીતે આયોજન થયું હતું જેમાં શ્રીલંકા ચૅમ્પિયન બન્યું હતું. ૨૦૧૭ની છેલ્લી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન વિજેતા થયું હતું.

શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝની ગેરહાજરીને લગતા મુખ્ય વિષય વિશે જણાવી દઈએ તો આ વખતની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રૅન્કિંગની દૃષ્ટિએ નિર્ધારિત સમયે નક્કી થયેલી ટોચની આઠ ટીમ ભાગ લઈ રહી છે જેમાં ભારત, ઑસ્ટ્રેલિયા, પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશનો સમાવેશ છે. આ આઠ ટીમને ચાર-ચાર ટીમના બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં આઠ ટીમ રમશે એ આઇસીસીએ અગાઉથી નક્કી કર્યું હતું અને એના રૅન્કિંગની શરૂઆત ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપથી થઈ હતી.

ત્યારે ભારત અને ઑસ્ટ્રેલિયા ઉપરાંત ન્યૂ ઝીલૅન્ડ તથા સાઉથ આફ્રિકાની ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી હતી એટલે આઠમાંથી ચાર ટીમ ત્યારે જ નક્કી થઈ ગઈ હતી. પાકિસ્તાન યજમાન હોવાથી પાંચમી ટીમ પણ ત્યારે નક્કી થઈ ગઈ હતી.

૨૦૨૩ના વર્લ્ડ કપ વખતે અફઘાનિસ્તાનની ટીમ રૅન્કિંગમાં છઠ્ઠા નંબરે હતી. ઇંગ્લૅન્ડે ત્યારે સાતમા નંબર પર રહીને પોતાનું મિશન પૂરું કર્યું હતું, જ્યારે બાંગ્લાદેશની ટીમ આઠમા સ્થાને હતી.

શ્રીલંકાની ટીમ ત્યારે નવમી રૅન્ક પર રહી હોવાથી એ ટીમ ચૅમ્પિયન્સ ટ્રોફી માટે ક્વૉલિફાય નહોતી થઈ શકી. વેસ્ટ ઇન્ડિઝનો કિસ્સો સૌથી રસપ્રદ છે. કૅરિબિયનો તો ૨૦૨૩ના વર્લ્ડ કપ માટે જ ક્વૉલિફાય નહોતા થયા એટલે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તેમના સમાવેશનો સવાલ જ નહોતો. ■

# ચૅમ્પિયન્સ ટ્રોફીના સંભવિત ગેમ ચૅન્જર્સને ઓળખો

કરાચી/દુબઈઃ પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેના મુકાબલા સાથે વન-ડે ફૉર્મેટની આઠ દેશ વચ્ચેની ચૅમ્પિયન્સ ટ્રોફી ગઈ કાલે પાકિસ્તાનમાં શરૂ થઈ. ભારત સહિત ઘણા દેશોના અસલ ગેમ ચૅન્જર્સ ઇજા યા અન્ય કારણસર આ ટૂર્નામેન્ટમાં નથી રમી રહી રહ્યા. એવામાં આ દેશોના બીજા કેટલાક ખેલાડીઓ પોતાની ટીમને જિતાડવા સક્ષમ અને કાબેલ છે. ઘણા સ્ટાર ખેલાડીઓ આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે.

ભારતનો નંબર વન ગેમ ચેન્જર જસપ્રીત બુમરાહ ઈજાને લીધે નથી રમવાનો. વર્લ્ડ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાનો કેપ્ટન પૅટ કમિન્સ તેમ જ મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ, મિચલ માર્શ પણ નહીં રમે, જ્યારે યજમાન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન પાકિસ્તાનને સાઇમ અયુબની ગેરહાજરી વર્તાશે. ન્યૂ ઝીલૅન્ડે લૉકી ફર્ગ્યુસનના સ્થાને જૅમિસનને ટીમમાં સમાવ્યો છે.

**કોણ બની શકે ગેમ ચૅન્જર?**

**ભારતઃ** જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ભારતીય ગેમ ચેન્જર શોધવો થોડો મુશ્કેલ તો છે જ. વિરાટ અને રોહિત ખાસ કંઈ ફૉર્મમાં નથી. શુભમન ગિલ વન-ડેનો નંબર-ટૂ બૅટર છે, પરંતુ તેના વિશે નિશ્ચિતપણે કંઈ કહી ન શકાય. રિષભ પંતને ઈજા નડી શકે. હાર્દિક પંડ્યા ટીમ ઇન્ડિયાને કેટલીક મૅચો જિતાડી શકે એમ છે, પરંતુ અક્ષર પટેલની ગણના નવા ગેમ ચેન્જર તરીકે થઈ રહી છે. દુબઈમાં આજે ભારતની પ્રથમ મૅચ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) બાંગ્લાદેશ સામે રમાવાની છે. મિડલ ઑર્ડરમાં સ્પિન બોલિંગ સામે સારું રમીને ટીમને જરૂરી રન પૂરા પાડવા ઉપરાંત હરીફોની બે-ચાર વિકેટો લેવાની ક્ષમતા અક્ષરમાં છે. જોકે ફરી એકવાર રવીન્દ્ર જાડેજા પણ મૅચ વિનર સાબિત થઈ શકે એમ છે.

**ઑસ્ટ્રેલિયાઃ** ટી-૨૦ના વર્લ્ડ નંબર વન બૅટર ટ્રેવિસ હેડે ૨૦૨૨માં વન-ડે ટીમમાં કમબૅક કર્યું ત્યાર પછી તેની બૅટિંગ એવરેજ ૬૦ની આસપાસ અને સ્ટ્રાઈક રેટ ૧૨૦ની ઉપર છે. ગયા વર્ષની આઇપીએલમાં અને તાજેતરની ટેસ્ટ સિરીઝમાં તેણે જે અસાધારણ ફૉર્મ બતાવ્યું હતું એ બધાની નજર સમક્ષ જ છે.

**અફઘાનિસ્તાનઃ** ગ્રૂપ-બીમાં ઑસ્ટ્રેલિયાને સૌથી વધુ ડર ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા કરતાં અફઘાનિસ્તાનનો હશે. રહમનુલ્લા ગુરૂબાઝ અફઘાનિસ્તાન માટે ગેમ ચૅન્જર બની શકે. તેણે આઠ વન-ડે સેન્ચુરી ફટકારી છે જેમાંની પાંચ સદી ૨૦૨૩ના વર્ષ પછી બની છે. એ વર્ષના વન-ડે વર્લ્ડ કપમાં તેણે ૨૮૦ રન બનાવ્યા હતા, જ્યારે ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેના ૨૮૧ રન હાઈએસ્ટ હતા.

**સાઉથ આફ્રિકાઃ** ટેમ્બા બવુમાની ટીમમાં બાજી ફરાવવાની તાકાત કેટલાકમાં છે, પણ હિન્રિક ક્લાસેનની વાત સાવ અલગ છે. ૨૦૨૩ના વર્ષની શરૂઆત પછી બેટિંગમાં તેની ૫૧.૮ની બૅટિંગ એવરેજ છે અને ૧૩૬.૪ તેનો સ્ટ્રાઈક રેટ છે. આ સમયગાળામાં તે ત્રણ સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી ફટકારી ચૂક્યો છે.

**પાકિસ્તાનઃ** ફખર ઝમાનને ચાર મહિના પહેલાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શો-કોઝ નોટિસ આપી હતી. જોકે તેને ફરી રમવાનો મોકો અપાયો છે. ૨૦૨૩ના વર્લ્ડ કપ બાદ તેણે વન-ડેમાં કમબૅક કર્યું છે. તે પાકિસ્તાન માટે ગેમ ચૅન્જર સાબિત થઈ શકે. રવિવારે ભારતે તેનાથી ખાસ સાવચેત રહેવું પડશે.

**બાંગ્લાદેશઃ** ભારતે આજે પહેલી મૅચ બાંગ્લાદેશ સામે રમવાની છે અને એનો સ્પિન ઑલરાઉન્ડર મેહદી હસન મિરાઝ ભલભલી ટીમને ભારે પડી શકે એવો છે. ભારત સામેની એક સિરીઝ જિતાડવાના પ્રયાસમાં તેણે બાંગ્લાદેશનો સ્કોર જ્યારે ૬ વિકેટે ૬૯ રન હતો ત્યારે તેણે સેન્ચુરી ફટકારી હતી એને ભારતીયો નહીં જ ભૂલ્યા હોય. શાકિબ અલ હસનની ગેરહાજરીને તે ભુલાવી દે એવો ઑલરાઉન્ડર છે.

**ન્યૂ ઝીલૅન્ડઃ** કેન વિલિયમસન એવો પીઢ બૅટર છે જે સિલસિલાબંધ દાવમાં નિષ્ફળ જવા છતાં અચાનક ફૉર્મમાં આવીને પોતાની ટીમની તરફેણમાં બાજી ફેરવી શકે એમ છે. જાણીને નવાઈ લાગશે કે ૨૦૧૯ બાદ આ કિવી બૅટરનો એક પણ ઈનિંગ્સમાં સિંગલ ડિજિટમાં રન નથી.તેની બૅટિંગ એવરેજ ૬૧.૭ છે જે હાલના તમામ બેટર્સમાં હાઈએસ્ટ છે.

**ઇંગ્લૅન્ડઃ** ઇંગ્લૅન્ડને સૌથી વધુ આશા બેન ડકેટ પાસે છે. ૨૦૨૩ના વર્લ્ડ કપ બાદ તેની ૧૧ ઇનિંગ્સમાં ૪૮.૨ની સરેરાશ છે. તેણે ૧૦૮.૬ના સ્ટ્રાઈક રેટ સાથે ૫૩૦ રન બનાવ્યા છે. એમાં તેની એક સેન્ચુરી અને ચાર હાફ સેન્ચુરી સામેલ છે.

## રણજી સેમિ ફા.માં મુંબઈ ૨૬૦ અને ગુજરાત ૨૩૫ રનથી પાછળ

નાગપુર/અમદાવાદઃ રણજી ટ્રોફીની સેમિ ફાઇનલમાં ગઈ કાલે વિદર્ભના ૩૮૩ રનના જવાબમાં મુંબઈની ટીમ ૨૭૦ રન બનાવી શકી હતી અને બીજા દાવમાં વિદર્ભએ ૧૪૭ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી, પણ સરસાઈ સહિત એના ૨૬૦ રન હોવાથી મુંબઈ થોડું મુશ્કેલીમાં હતું. મુંબઈ વતી આકાશ આનંદે (૧૦૬ રન) સેન્ચુરી ફટકારીને મુંબઈને સન્માનજનક ટોટલ અપાવ્યું હતું. વિદર્ભ વતી પાર્થ રેખાડેએ ચાર વિકેટ લીધી હતી.

નવમાં પાનાનું ચાલુ

### ઑરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ

એમએમઆરડીએ દ્વારા ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ અન્ડર ગ્રાઉન્ડ રોડ બનાવવાની છે, તે માટે આર્થિક નિયોજન પણ કર્યું છે, જે અંતર્ગત યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાની લાર્જ કોર્પોરેટ બ્રાન્ચ, મુંબઈ પાસેથી ૭,૩૨૩ કરોડ રૂયિાની લોન મંજૂર કરી છે.૯.૨ કિલોમીટરનો ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ અંડર ગ્રાઉન્ડ રોડ ઈસ્ટર્ન ફ્રી વે પર ઓરેન્જ ગેટને મરીન ડ્રાઈવર કોસ્ટલ રોડ સાથે જોડશે. ૬.૫૨ કિલોમીટરની ટ્વીન ટનલ સિસ્ટમની સાથે જ સુરક્ષા ખાતર ડેડીકેટેડ ઈમરજન્સી લેન પણ હશે. પૂર્વ અને પશ્ચિમને જોડતો વધુ એક કનેકટેડ રોડ બની રહેશે જે દક્ષિણ મુંબઈમાં રીંગરોડ બની રહેશે.

એમએમઆરડીએએ લગભગ ૭,૩૨૬ કરોડ રૂપિયાની લોન લીધી છે, જેમાં મુખ્યત્વે ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ અન્ડર ગ્રાઉન્ડ ટનલનું કામ તો કરવામાં આવશે પણ સાથે જ મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તાર કે જેમાં નવ મ્યુનિસિપલ કોર્પોરેશન આવે છે, ગ્રેટર મુંબઈ,થાણે, કલ્યાણ-ડોંબિવલી, નવી મુંબઈ, ઉલ્હાસનગર, ભિવંડી-નિઝામપુર, વસઈ-વિરાર, મીરા ભાંયદર અને પનવેલમાં ઈન્ફ્રાન્ટ્રકટરના પ્રોજેક્ટ માટે પણ ભંડોળનો ઉપયોગ કરશે.

એ ઉપરાંત તેમાં અંબરનાથ, કુલગાંવ-બદલાપુર, માથેરાન, કર્જત, ખપોલી, પેણ, ઉરણ, અલીબાગ અને પાલઘર સહિત નવ મ્યુનિસિપલ કાઉન્સિલ પણ આવેલી છે અહીં પણ આવશ્યકતા મુજબ ભંડોળનો ઉપયોગ થઈ શકે છે. ■

# રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અપીલના બોર્ડમાં ૨૨ કેસની સુનાવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે બપોર બાદના સેશનમાં કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને અપીલના કેસોનું બોર્ડ તેમજ શુક્રવારે રેવન્યૂ અધિકારીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.અપીલના બોર્ડમાં ૨૨ કેસો સુનાવણીમાં મૂકવામાં આવ્યા હતાં. જેમાં મોટાભાગના કેસ સામાન્ય તકરારના હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ શુક્રવારે કલેક્ટર દ્વારા જિલ્લાની રેવન્યુ કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. રેવન્યૂ અધિકારીઓની બેઠકમાં દબાણ હટાવ ઝુંબેશ, તુમાર નિકાલ, સરફેસી એક્ટ હેઠળ થયેલી કામગીરી સહિતની કામગીરીનો રિપોર્ટ કલેક્ટર પ્રભવ જોશી દ્વારા અધિકારીઓ પાસેથી લેવામાં આવશે. આ ઉપરાંત ૨૫ ફેબ્રુઆરીએ લેન્ડગ્રેબિંગની બેઠકમાં ૧૦૦ કેસ સુનાવણી માટે મુકાશે. જેમાં ૨૫ અરજદારોની રૂબરૂ સુનાવણી માટે નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આજે ૨૦ ફેબ્રુઆરીએ જિલ્લા કલેકટર કચેરી ખાતે બપોર બાદ અપીલના કેસોના બોર્ડમાં શહેરમાં ખેતીની જમીન બિનખેતી કરાવ્યાં વિના ત્યાં તન્ના સ્પોર્ટ્સ એકેડમી ધમધમે છે અને તેનો કોમર્શિયલ ઉપયોગ થાય છે. જે મામલે પણ જમીન માલિકનું હિયરીંગ કરવામાં આવશે. તે ઉપરાંત શરત ભંગના કેસ મામલે આગળની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.



રાજકોટમાં શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે શોભાયાત્રા નીકળી હતી.

(તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢના ભવનાથમાં ૨૨ ફેબ્રુઆરીથી શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના ભવનાથમાં આગામી ૨૨ ફેબ્રુઆરીથી પાંચ દિવસ સુધી શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે. આ મેળાના સુચારુ આયોજન માટે તંત્ર દ્વારા વિવિધ ૧૩ સમિતિઓની રચના કરવામાં આવી છે. ભજન, ભક્તિ અને ભોજનનો ત્રિવેણી સંગમ સમાન આ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડે છે.

જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ મેળાના સુચારુ આયોજન માટે ૧૩ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિઓમાં મુખ્ય સંકલન સમિતિ, મેળા સ્થળ આયોજન સમિતિ, જાહેર સલામતી તથા ટ્રાફિક નિયંત્રણ સમિતિ સહિતની અન્ય મહત્ત્વપૂર્ણ સમિતિઓનો સમાવેશ થાય છે. ગિરનારમાં ભવનાથ તળેટી વિસ્તારમાં દર વર્ષે મહા વદ-૯ના રોજ આ પરંપરાગત મેળો યોજાય છે.

આ મેળા દરમિયાન દિગંબર સાધુઓ પાંચ દિવસ સુધી ધૂણી ધખાવે છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય સુવિધા, પાણી પુરવઠો, સફાઈ વ્યવસ્થા, વીજળી અને ધ્વનિ વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ આપત્તિ વ્યવસ્થાપન માટે અલગ સમિતિઓ કાર્યરત રહેશે. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે જેથી સરળ અને સુવ્યવસ્થિત આયોજન થઈ શકે.

# ગુજરાત ગ્રીન હાઈડ્રોજનનું હબ બનવા માટે તૈયારઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું ગૃહમાં સંબોધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બુધવારથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું હતું. આ સત્રમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગૃહને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગુજરાત ગ્રીન હાઇડ્રોજનનું હબ બનવા માટે તૈયાર છે. ગુજરાતે ૩૦ લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનનો લક્ષ્યાંક રાખ્યો છે. તે ઉપરાંત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં રહેલી પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે વિશાળ સંભાવના, મજબૂત પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિપક્વ એલ.એન.જી. પાઇપલાઇન નેટવર્ક સાથે, ગુજરાત દેશમાં ગ્રીન હાઇડ્રોજનનું હબ બનવા માટે તૈયાર છે. આ માટે ગુજરાત સરકાર દ્વારા ૩૦ લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૨૩માં શરૂ કરવામાં આવેલી પૉલિસી હેઠળ સૌર અને પવન જેવાં ઊર્જા સ્રોતોનો ઉપયોગ કરીને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે બિનઉપયોગી સરકારી જમીન લીઝ પર આપવામાં આવી હતી. આ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ત્રણ લાખ કરોડના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતાં.

તેમણે કહ્યું હતું કે, ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન માટે બિનપરંપરાગત ઊર્જા સ્રોતોમાંથી લગભગ ૧૦૦ ગીગાવોટ પાવરનું ઉત્પાદન કરવાની જરૂર પડશે. સરકારે તેના ઉત્પાદન માટે રિન્યુએબલ એનર્જી પાર્ક સ્થાપવા માટે લગભગ ૧.૯૯ લાખ હેક્ટર જમીનની ફાળવણીને મંજૂરી આપી છે.

સોલાર અને પવન ઊર્જાના ઉત્પાદનમાં ગુજરાતનું પર્ફોર્મન્સ નોંધનીય રહ્યું છે. રાજ્ય સરકારના સતત પ્રોત્સાહન તેમ જ માળખાંકીય અને કાયદાકીય ફ્રેમવર્ક થકી ગુજરાતે ડિસેમ્બર ૨૦૨૪ ની સ્થિતિએ ૧૬,૭૯૫ મે.વો. કુલ સ્થાપિત ક્ષમતા પ્રાપ્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, રાજ્યએ સોલાર ઊર્જાના જન સાધારણ ઉપયોગ તેમ જ વ્યાપ માટે રૂફટોપ સોલારને પણ સતત પ્રોત્સાહન આપી કુલ ૪૮૨૨ મે.વો. સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ૩૧,૪૮૩ મેગાવોટની ક્ષમતા સાથે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત આગળ છે તે ઉપરાંત ૧૨,૪૭૪ મેગાવોટ પવન ઊર્જા અને ૧૬,૭૯૬ મેગાવોટ સૌર ઊર્જાની ક્ષમતા ધરાવતું દેશનું અગ્રેસર રાજ્ય છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ વર્ષ ૨૦૦૯ માં 'સોલાર પોલિસી' જાહેર કરીને સોલાર ઊર્જાના વ્યવસાયિક ઉપયોગ માટે પ્રોત્સાહન આપી તેના વિકાસમાં નવીન માર્ગ કંડાર્યો છે.

# રાજકોટની હૉસ્પિટલના સીસીટીવી ફૂટેજ વેચનાર બે આરોપીઓ મહારાષ્ટ્રથી ઝડપાયાઃ એકની યુપીથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની ખાનગી હૉસ્પિટલમાં મહિલાઓની સારવાર દરમિયાન તપાસના સીસીટીવી યુટ્યૂબ અને ટેલિગ્રામ ચેનલમાં વાયરલ થતાં સાયબર ક્રાઈમે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. આ સીસીટીવી વેચવાના કૌભાંડમાં સાયબર ક્રાઇમે મહારાષ્ટ્રથી બે આરોપી ધરપકડ કરી હતી. બંને આરોપીઓ ટેલિગ્રામ ચેનલમાં આ પ્રકારના વીડિયો વેચતા હતા. આ વીડિયો માટે બંને જણા મોટી રકમ લેતા હોવાની વિગતો સાયબર ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમ ટૂંક સમયમાં બંને આરોપીઓને લઈને ગુજરાત પહોંચશે.

અમદાવાદ સાયબર ક્રાઈમે બ્રાંચ રાજકોટની હૉસ્પિટલના સીસીટીવી વેચનાર જે આરોપીઓને પકડ્યાં છે તેમનું નામ પ્રજ્ઞેશ પાટીલ અને પ્રજવલ તેલી હોવાની વિગતો મળી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે ઉત્તર પ્રદેશમાં તપાસ કરી એક આરોપીની ધરપકડ કરી હતી. સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે મહારાષ્ટ્રથી પકડાયેલા આ બંને આરોપીઓ પહેલાથી મહિલાઓના અશ્લીલ વીડિયો વેચીને કમાણી કરતા હતા. બંને આરોપીને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ લાવ્યા બાદ વધુ પૂછપરછ કરાશે.

અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજકોટની જે હૉસ્પિટલમાં સીસીટીવી યુટ્યૂબ ચેનલમાં અપલોડ કરવામાં આવ્યા હતા તેની તપાસમાં સ્પષ્ટ થયુ છે કે હૉસ્પિટલના સીસીટીવી આઈપીના આધારે ફૂટેજ હેક કરાયા હતાં. ત્યાર બાદ તેને સોશિયલ મીડિયામાં વેચી દેવામાં આવ્યા હતાં. સાયબર ક્રાઈમે આ બાબતે સઘન તપાસ શરૂ કરી છે. બે આરોપીઓને પકડ્યાં બાદ હૉસ્પિટલના સીસીટીવી કેવી રીતે હેક થયા તે અંગે પણ તપાસ હાથ ધરાઈ છે.

# રાજ્ય સરકારે નાગેશ્વર, શિવરાજપુર અને રુક્મિણી મંદિરને બેટ દ્વારકાથી જોડતા રિંગરોડ માટે ૧૩૧ કરોડ મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પાલિકા અને મહાનગર પાલિકાઓમાં વિકાસ કાર્યો માટે રાજ્ય સરકારે ૫૩૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતાં. બીજી તરફ નાગેશ્વર, શિવરાજપુર અને રુક્મિણી મંદિરને બેટ દ્વારકાથી જોડતા રિંગરોડ માટે ૧૩૧ કરોડ મંજૂર સરકારે મંજૂર કર્યા હતા. નેશનલ હાઈવેની ખોડિયાર મંદિર ચેક પોસ્ટ પાસેથી રૂપિયા ૧૩૧.૭૬ કરોડના ખર્ચે નવો ફોર ટ્રેક રિંગરોડ બનશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગર અને પોરબંદર તરફથી આવતા મુસાફરો શિવરાજપુર બીચ અને બેટ દ્વારકા થઈને જગતમંદિર દ્વારકાના દર્શને આવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ફોર ટ્રેક નવો રિંગ રોડ બનાવવા માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. આ નવો રોડ ખોડિયાર મંદિરની ચેક પોસ્ટની જમણી તરફથી પસાર થઈને જલારામ મંદિર, ઘનશ્યામ નગર, વંદેમાતરમ્ સોસાયટી અને અંબુજા નગરથી સીધો ઓખા સાથે જોડી દેવાશે.

દ્વારકાથી નાગેશ્વર જતો માર્ગ હાલમાં સિક્સલેન થઈ રહ્યો છે તેને આ નવા રોડ સાથે જોડી દેવાશે. જેથી હવે નેશનલ હાઈવેથી આવતા જામનગર અને પોરબંદર તરફના પ્રવાસીઓ પૈકી જે પહેલા દ્વારકાના બદલે નાગેશ્વર, બેટ દ્વારકા, રુક્મિણી મંદિર, શિવરાજપુર બીચ સીધા જ જઈ શકશે અને રિટર્નમાં તેઓ દ્વારકા આવી શકશે. આ રિંગ રોડથી દ્વારકાના નગરજનોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે અને પ્રવાસીઓનો પણ સમય બચશે.

# ભુજના ઓપનઍર થિયેટરના પાર્કિંગમાં ઊભેલા સુધરાઈનાં વાહનને અજ્ઞાત વ્યક્તિ દ્વારા આગ ચંપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઑપન થિયેટર ખાતે પાર્ક કરવામાં આવેલા ભુજ સુધરાઇના વાહનમાં અજ્ઞાત શખસે આગ ચાંપતાં આ વાહન અગનજવાળાઓમાં નષ્ટ થઈજતાં ભુજ નગરપાલિકા દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. આ અંગે ભુજ સુધરાઈના મુખ્ય અધિકારી જાધવે જણાવ્યું હતું કે, ઑપનઍર થિયેટરના મેદાનમાં ઊભા રખાયેલા આ વાહનને અજ્ઞાત વ્યક્તિ દ્વારા આગ ચાંપી દીધી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે ધસી જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઑપનઍર થિયેટર ખાતેનો આજનો બનાવ કેમેરામાં કેદ થયો હતો. ફૂટેજમાં મોઢે રૂમાલ બાંધીને મેદાનમાં પ્રવેશેલા શખસે સુધરાઈનાં



વાહનમાં આગ લગાવી હતી અને થોડી વાર બાદ તે પરત ચાલ્યો જતો હોવાનું કેપ્ચર થયું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપનએર થિયેટરના મેદાનના એક ભાગમાં સુધરાઈના વાહનોને અને બીજા ભાગમાં પેઈડ પાર્કિંગમાં સેંકડો વાહનો રાખવામાં આવતાં હોય છે. લોકોની અવરજવરથી સતત ધમધમતા રહેતા આ વિસ્તારમાં અસામાજિક તત્ત્વ દ્વારા લગાડવામાં આવેલી આગને સમયસર કાબૂમાં લઈ લેવામાં આવતાં મોટી દુર્ઘટના ટળી હોવાનું જાધવે ઉમેર્યું હતું.

# ગીર સોમનાથમાં યુટ્યૂબ ચેનલ માટે આંગડિયા પેઢી લૂંટવાનો પ્લાન બનાવનાર બે એન્જિનિયર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લૂંટની અલગ પ્રકારની જ ઘટના પ્રકાશમાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ પોલીસે યૂટ્યૂબ ચેનલ ચલાવવા માટે આંગડિયા પેઢીને લૂંટવાની યોજના બનાવનાર બે એન્જિનિયરને પકડી પાડ્યા હતાં. આ બંને આરોપીઓ જીપીએસસીની પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યાં છે અને પ્રિલિમ પરીક્ષા પાસ પણ કરી ચૂક્યા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢના માળિયા હાટીનાના બે યુવાનોએ પોતાની યુટ્યૂબ ચેનલ ચલાવવા માટે આંગડિયા પેઢીને લૂંટવાનો પ્લાન બનાવ્યો હતો. આ બંને યુવાનો કોમ્પ્યુટર સાયન્સના એન્જિનિયર છે અને જીપીએસસીની પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યાં છે. તેમણે પ્રિલિમ્સ પણ પાસ કરી લીધી છે. એલસીબી પોલીસે તાલાલાના રમરેચી રોડ પાસેથી આ બંને આરોપીઓની ધરપકડ કરી હતી.

આ અંગે જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, યુટ્યૂબ ચેનલ શરૂ કરવા માટે આરોપીઓએ આંગડિયા પેઢીઓ લૂંટવાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી એક દેશી તમંચો, અમદાવાદથી ચોરી કરેલું સ્કૂટર અને બે મોબાઇલ ફોન સહિત કુલ ૭૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તાલાલા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ અને જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી રાજેશ સોલંકી અને કુલદીપગીરી અપારનાથીની ધરપકડ કરી હતી.

# ભાવનગરના મહુવામાં ₹૬૧.૪૭ લાખનો દારૂ અને વાહનો સહિત કુલ ₹૧.૧૦ કરોડના મુદ્દામાલ સાથે ચાર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા ખાતે ભવાનીનગર વિસ્તારમાં પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે પતરાના શેડમાં દારૂનું કટિંગ ચાલી રહ્યું હોઈ પંચોને સાથે રાખી દરોડો પાડતાં મસમોટો ઇંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો મહુવા પોલીસમથકના ઇતિહાસમાં આ રેડ સૌથી મોટી બનવા પામી છે. આ રેડ દરમિયાન ૧૪ બુટલેગરો સામે ગુનો નોંધાયો છે જ્યારે સ્થળ પરથી ચાર શખસોની રૂપિયા ૧.૧૦ કરોડના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે આ અંગે એએસપી અને પીઆઈ દ્વારા પ્રેસ કૉન્ફરન્સમાં વિગતો આપવામાં આવી હતી.

મહુવા ખાતે પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળેલ કે ભવાનીનગર વિસ્તારમાં પતરાના શેડમાં બહારથી આવેલ આઇશર ટ્રકમાંથી ઇંગ્લિશ દારૂનું કટિંગ ચાલી રહ્યું છે આ બાતમીના આધારે એએસપી અંશુલ જૈન, પીઆઈ ભરવાડ સહિત પોલીસ કાફલાએ પંચોને સાથે રાખી વિષ્ણુભાઈ ગુજરિયાની માલિકીના પતરાના શેડમાં રેડ પાડતાં ત્યાંથી આઇશર ટ્રક ઉપરાંત બે અશોક લેલેન્ડ, ૩ સ્વીફ્ટ કાર, એક ઇકો કાર સહિત વાહનોમાં દારૂ ટ્રાન્સફર કરાઈ રહ્યો હોવાનું મળી આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી તમામ વાહનોમાંથી મળી ઇંગ્લિશ દારૂની વિવિધ કંપનીની નાની મોટી ૨૩,૪૮૦ બોટલો કુલ ૮૯૪ પેટી કિંમત રૂ.૬૧.૫૦ લાખના ઇંગ્લિશ દારૂનો જથ્થો અને ૪૮,૫૦,૦૦૦નાં વાહનો મળી કુલ ૧.૧૦ કરોડનો મુદ્દા માલ ઝડપી લીધો હતો પોલીસે સ્થળ પરથી પતરાના શેડના માલિક વિષ્ણુભાઈ નાથાભાઈ ગુજરિયા રહે. વિવેક વિહાર-૧ મહુવા, મૃતુજાભાઈ ચોખવાલા રહે. હુસેની ચોક મહુવા, વિજય છનાભાઈ કવાડ રહે. વિવેક વિહાર મહુવા તેમ જ દશરથ કાનજીભાઈ શિયાળ રહે.ચાંચબંદર રાજુલા વાળાની ધરપકડ કરી હતી.




(તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

જૂનાગઢ કલેક્ટરના અધ્યક્ષસ્થાને મહાશિવરાત્રીના મેળાના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી, આ બેઠકમાં ગિરનાર ક્ષેત્રના વિવિધ સંતો, મહંતો, ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બિપરજોય ચક્રવાતે બન્ની પ્રદેશનાં શ્રેષ્ઠ ઘાસિયાં મેદાનોને ફોસ્ફરસથી ફળદ્રુપ બનાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મધ્ય પૂર્વ, ઉત્તર આફ્રિકાના શુષ્ક પ્રદેશો અને ભારતના રાજસ્થાન ખાતેના પ્રસિદ્ધ થાર રણમાંથી ઊડતી રેતીના કણો ભાતીગળ પ્રદેશ કચ્છના બન્ની પ્રદેશનાં ઘાસિયાં મેદાનોને ફળદ્રુપ બનાવી રહ્યાં હોવા અંગેનો વિસ્તૃત અભ્યાસ એક વૈજ્ઞાનિક જર્નલમાં કચ્છ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા પ્રકાશિત થયો હતો.

વર્ષ ૨૦૨૩ના જૂન માસમાં કચ્છમાં ત્રાટકેલા ચક્રવાત બિપરજોયે મધ્ય પૂર્વ, ઉત્તર આફ્રિકાના દેશો અને થાર રણમાંથી ફોસ્ફરસથી ભરેલી ધૂળના લાંબા અંતરના પરિવહનને સરળ બનાવતા એશિયા ખંડનાં સૌથી મોટાં બન્નીનાં મેદાનોને ફોસ્ફરસથી ફળદ્રુપ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

આ ઘાસનાં મેદાનો, અર્ધ-શુષ્ક ઇકોસિસ્ટમ, વિવિધ કુદરતી અને માનવજાત પરિબળોને કારણે હાલ અનેક પ્રાકૃતિક મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ઘાસના છોડના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વો, ફોસ્ફરસ સ્થાનિક ઇકોસિસ્ટમમાં મર્યાદિત સંખ્યામાં હોય છે. આ સંશોધનમાં એ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે ધૂળનાં તોફાનો અને વાતાવરણીય પરિભ્રમણ પેટર્ન, ખાસ કરીને ચક્રવાતો, આ ઘાસના મેદાનોમાં ફોસ્ફરસના જથ્થાને કેવી રીતે પ્રભાવિત કરે છે.

સંશોધકોએ ચક્રવાત બિપરજોયના નલિયાના કાંઠે થયેલા લૅન્ડફોલ પહેલાં, તરત જ અને ૨૦ દિવસ પછી બન્ની ઘાસનાં મેદાનોમાં ગ્રીડ સ્થાનોમાંથી માટીના નમૂનાઓ એકત્રિત કર્યા હતા. ત્યાર બાદ તેઓએ ફોસ્ફરસની સામગ્રી માટે આ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું હતું.

અભ્યાસમાં નાસાના ૪૦ વર્ષના સેટેલાઇટ ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મેર્રા-૨ (નાસા પુનઃવિશ્લેષણ ડેટાસેટ)માંથી ઉપગ્રહ છબીઓ, જમીન-આધારિત માપનો અને ઐતિહાસિક એરોસોલ ડેટાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધકો ધૂળના એરોસોલની ગતિવિધિને ટ્રેક કરી શક્યા અને તેમને ફોસ્ફરસના જથ્થાના પેટર્ન સાથે સાંકળી શક્યા હતાં. વિશ્લેષણમાં ચક્રવાતના માર્ગ અને જમીનમાં વધેલા ફોસ્ફરસના સ્તર વચ્ચે સ્પષ્ટ જોડાણ જોવા મળ્યું હતું.



રાજકોટ મનપાની સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ના સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરેલા રૂા. ૩૧૧૮.૦૭ કરોડનાં બજેટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છના ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં લોખંડનું એંગલ માથે પડતાં રાજસ્થાની યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી ખાવડા ખાતેના અદાણી રિન્યુએબલ ગ્રીન એનર્જી પાર્કમાં એક ગગનચુંબી ટાવર પર લોખંડના એંગલ લગાડવા વખતે રસ્સો તૂટતાં આ તોતિંગ એંગલ જમીન પર ઊભેલા એક રાજસ્થાની યુવક પર પડતાં ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નીપજતાં અરેરાટી પ્રસરી હતી.

ખાવડા પોલીસ મથકે જાહેર થયેલી વિગતો મુજબ મૂળ રાજસ્થાનના હાલે આર.ઇ.પાર્ક અદાણી ગ્રીન ખાતે રહેતા ૩૧ વર્ષીય લુણારામ જગદીશ નાયક અન્ય સાથી કર્મીઓ જોડે અહીં વિદ્યુતીકરણનું કામ કરી રહ્યો હતો. લોખંડના ઊંચા ટાવર પર એંગલો ચડાવવા દરમ્યાન અકસ્માતે રસી તૂટતાં લોખંડનો ભારેખમ એંગલ લુણારામ પર પડતાં તેને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. પ્રથમ અદાણી ગ્રીનની અંદર આવેલી હૉસ્પિટલમાં લઈ જવાયા બાદ ભુજની જી. કે.જનરલ હૉસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે અગાઉ લુણારામે અંતિમ શ્વાસ લેતાં આ બનાવ સંદર્ભે ખાવડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે.